ચંદ્રમણિ પ્રકાશન
કિંમત રૂા.૨૦

# મમતા

વર્ષઃ ૧, અંકઃ ૧૧, ૨૦૧૨
વાર્તામાસિક

આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક



ભારતી સોની
તરુણ આહલપરા
અજય પુરોહિત
સુનીલ ઉપાધ્યાય
કામિની સંઘવી
કિશોર રાવળ
નિવ્યા પટેલ
સતીશ વૈષ્ણવ
ગુંજન ભટ્ટ
જયપ્રકાશ મહેતા
ધનરાજ કોઠારી
ગ્રેહમ ગ્રીન



# ગ્રેહમ ગ્રીન/રાગ વિશ્વરંજની
# કેફિયત

નવલકથાકાર, વાર્તાકાર, નાટ્યકાર, ચિંતક, ફિલ્મ વિવેચક, પત્રકાર, જાસૂસ-આવી બહુરંગી પ્રતિભાનો સમન્વય એટલે ગ્રેહમ ગ્રીન. ૮૭ વર્ષની વયે જ્યારે ૧૯૯૭માં એનું અવસાન થયું ત્યારે દરેક વિવેચકે ગ્રીનને વીસમી સદીના સાહિત્યમાં પ્રથમ હરોળનો લેખક માન્યો હતો. જે સક્ષમ લેખકોને નોબેલ પારિતોષિક નથી મળ્યું તેની યાદીમાં ગ્રીનનું નામ ટાંકવામાં આવે છે. ઇનામોથી દૂર પણ વાચકોની નજીક-એ આ લેખકનો જીવન સિદ્ધાંત રહ્યો છે. એની ઘણી નવલકથાઓ પર ફિલ્મો બની છે જેના લીધે એને વધારે લોકપ્રિયતા મળી.

જીવનની એકવિધતાથી એ હંમેશ વ્યથિત રહેતો હતો. ક્યારેક આત્મહત્યા કરવાની પણ તેને ઇચ્છા થઈ આવતી. કદાચ આ જ કારણ હતું કે એણે જીવનભર જોખમી કાર્યો સ્વીકાર્યાં હતાં. મેક્સિકો, વિયેટનામ, મધ્ય અમેરિકાના અશાંત વિસ્તારોમાં એ કાર્યરત રહ્યો ત્યાં એણે જીવનની બાજી લગાવી દીધી. સરમુખત્યારો સાથે ગ્રીનને વ્યક્તિગત દોસ્તી હતી અને બ્રિટિશ ગુપ્તચર વિભાગમાં એણે કામ કર્યું ત્યારે જાણીતા આંતરરાષ્ટ્રીય જાસૂસ કીમ ફિલ્બીનો તેને પરિચય થયો. આ અનુભવોના વૈવિધ્યથી સાહિત્યને લાભ થયો અને ગ્રીનની કૃતિઓમાં આ બહુરંગી વાસ્તવિકતા જોવા મળી. સમયાંતરે એ સામ્યવાદી અને અમેરિકા વિરોધી બન્યો. એ માનતો હતો કે અમેરિકાની લોકશાહી પોતાના દેશ માટે જ સ્વતંત્રતાની હિમાયતી છે. બીજા દ ેશો પ્રત્યે એમની નીતિ ઇજારાશાહીની છે.

નોબેલ પારિતોષિકથી વંચિત રહેવા માટે પ્રતિક્રિયા આપતાં એણે કહેલું કે તે સમયે સમિતિનો એક સદસ્ય એનો સખત વિરોધી હતો. સામ્યવાદી હોવાના કારણે પણ કદાચ એને બાકાત રખાયો હોય. ગ્રીનની સલાહ છે - દરેક સારા લેખકે નિષ્ફળતાની તૈયારી સાથે જ લખવું જોઈએ. સફળતાને પણ એ વિલંબથી મળતી નિષ્ફળતા માને છે. તેનું પ્રથમ પુસ્તક એક કવિતા સંગ્રહ છપાયો પણ ૧૯૨૯માં પ્રથમ નવલકથા 'મેન વિધીન' પ્રકાશિત થઈ ત્યારે સારી પ્રતિક્રિયા મળી. ત્યાર બાદની બે નવલકથાઓ તદ્દન નિષ્ફળ ગઈ. કેવળ દોઢ મહિનામાં લખાયેલી 'કોન્ફીડેન્શિયલ એડવાઇઝર' થોડી સફળતા જરૂર અપાવી ગઈ. આર્થિક સ્થિતિ સુધરી અને 'પાવર એન્ડ ગ્લોરી' લખાઈ જેની ગણના આજે એની મહાન કૃતિઓમાં થાય છે. પણ આ પુસ્તકની કેવળ પાંચસો નકલો જ છપાઈ હતી. ત્યાર બાદ એની નવલકથાઓને વાચકોનો ભરપૂર પ્રેમ મળ્યો છે.

ગ્રીનનો નાયક સામાન્ય માણસની જેમ દ્વિધા અનુભવે છે. એકવાર એણે કહ્યું હતું - જીવનનો દરેક દિવસ હતાશાને એટલી ધેરી બનાવે છે કે આખરે મૃત્યુ એનો અર્થ ગુમાવી બેસે છે. ગ્રીન અનેક દેશોની યાત્રા કરી દરેક ઉંમરે પ્રવૃત્તિમય જીવન જીવ્યો હતો. પોતાના પ્રવાસો વિશે એ કહે છે - એક જીવડું જેમ પ્રકાશ તરફ આકર્ષાય છે તેવી રીતે હું નવા દેશો તરફ આકર્ષાઉં છું. લંડન ટાઇમ્સે એક લેખ લખવા માટે એને ગોવા મોકલ્યો હતો. ભારતનું વાતાવરણ એના લેખનમાં ક્યારે આવશે તેવા પ્રશ્નના જવાબમાં એણે કહેલું - ભારત જેવા વિશાળ દેશને આવી ઉડતી મુલાકાતમાં જાણવો મુશ્કેલ છે. જ્યાં સુધી કોઈ દેશનો પરિચય ન મેળવી શકું ત્યાં સુધી નવલકથામાં એના વિશે લખી ન શકાય.

વિવિધ વિષયો પર ગ્રીનની જાણીતી નવલકથાઓ છે - પાવર એન્ડ ગ્લોરી, બ્રાઇટન રોક, એન્ડ ઓફ એન અફેર વગેરે. એણે પાંચ નાટકો લખ્યાં અને જાણીતા સાપ્તાહિક 'સ્પેક્ટેટર' માટે ફિલ્મ રીવ્યૂઝ પણ લખ્યા હતા. નાટક, નવલકથા અને નિબંધો ઉપરાંત ગ્રેહમ ગ્રીન એમના રોમાંચક, હળવાં થ્રિલર્સ માટે પણ જાણીતો છે. એવી હળવી કથાઓને ગ્રીન નવલકથા નહીં પણ 'મનોરંજન' કહેતો. એવાં પુસ્તકોના પહેલા પાને લખાવતો, 'એન્ટરટેનમેન્ટ'. પોતાની લેખન પદ્ધતિ વિશે એ કહે છે - દરરોજ પાંચસોથી સાતસો શબ્દો લખવાનો આગ્રહ રાખું છું. જે લખાય તેનું તે જ દિવસે ફરી વાંચન કરી મઠારી લઉં છું. બીજા દિવસે જૂનું લખાણ નથી વાંચતો. હું જેટલાં જીવંત પાત્રોને ઓળખું છું તેટલાં જ કાલ્પનિક પાત્રોના પરિચયમાં છું. એક મુલાકાતમાં એણે કહેલું - જે લોકોને સાહિત્ય અથવા બીજી કળાઓનો શોખ નથી એવા લોકો દુનિયાના પાગલપણાનો સામનો કેવી રીતે કરી શકે છે તે મને સમજાતું નથી. એ માને છે કે એનાં વર્ણનો ફિલ્મના મૂવી કેમેરા જેવાં જીવંત છે અને સ્ટીલ કેમેરાના ફોટા જેવાં સ્થગિત નથી. ફિલ્મોના નિર્દેશકો સાથે એને સારા સંબંધો હતા અને પોતાની કૃતિઓ પર બનેલી ફિલ્મોમાં પણ એણે સહયોગ આપ્યો હતો.

પિતા સ્કૂલમાં હેડમાસ્ટર હતા અને યુવાન ગ્રેહમ ગ્રીનને સફળ વ્યાપારી બનવાની ઇચ્છા હતી. તમાકુના વ્યવસાયમાં ઝંપલાવ્યું પણ બહુ જલદી નિરાશ થઈ પત્રકાર બન્યો. ચાર વર્ષ લંડન ટાઇમ્સમાં કોપી એડિટર તરીકે કામ કર્યું. છેવટે સાહિત્યનું ક્ષેત્ર માફક આવ્યું અને સાથે સાથે અલગારી રખડપટ્ટી. એણે એકવાર કહ્યું હતું કે આજનો લેખક પોતાના લખાણમાં વાસ્તવિકતા રજૂ કરે છે જ્યારે પત્રકાર ફિક્શન લખે છે. ગ્રીનની નવલકથાઓના પ્લોટમાં એવા ઊતારચડાવ આવતા રહે છે કે વાચકને કોઈ થ્રિલર જેવો અનુભવ થાય અને જકડી રાખે. વિદેશી વાતાવરણમાં સર્જાયેલી એની અમુક નવલકથાઓ છે - હાર્ટ ઓફ ધ મેટર (સિયેરા લિયોન), અવર મેન ઇન હવાના (ક્યૂબા), ધ કોમેડિયન્સ (હાઇટી) ક્વાયેટ અમેરિકન (વિયેટનામ).

આજના સામાજિક અને રાજકીય પરિવેશમાં એનો નાયક દ્વિધા અનુભવે છે. દેશ ભલે બદલાયા કરે પણ ગ્રીનના લખાણનો સંદેશ નથી બદલાતો. ■




**વિવિધ સ્રોતમાંથી સંકલન અને ગુજરાતી રજૂઆત બકુલ બક્ષી**
**મો ૯૮૨૫૫ ૦૩૮૭૮**
**bakulbakshi@hotmail.com**

ચંદ્રમણિ પ્રકાશન

# મમતા

વાર્તામાસિક

## આવતીકાલના વાર્તાકારોનું આજનું માસિક

સંપાદક મધુ રાય

તંત્રી, મુદ્રક, પ્રકાશક એ. વી. ઠાકર



આ ચહેરો છે સ્વ. પ્રબોધ ચોકસીનો. એમની વાત પછી આવે છે. પહેલાં વાર્તાસ્પર્ધા ૨૦૧૨ના નિર્ણાયકોની જાહેરાત. ગયા વર્ષની જેમ જ આ વર્ષે પણ રજનીકુમાર પંડ્યા અને સુચીબહેન વ્યાસે નિર્ણાયક બનવાની હા પાડી છે, અને એમાં ત્રીજા ઉમેરાયા છે સાહિત્ય પરિષદના કર્મઠ અધિકારી, સમર્થ વાર્તાકાર રાજેન્દ્ર પટેલ. તે ત્રણે પ્રતિ 'મમતા' કૃતજ્ઞ છે.

હવે 'પ્રબોધ ચોકસી વાર્તા હરીફાઈ' વિશે. 'મમતા' વાર્તામાસિકની નવા વાર્તાલેખકો માટેની વાર્તાસ્પર્ધા ૨૦૧૧માં ૩૦૦થી વધુ વાર્તાઓ આવેલી. તેની સંખ્યા અને તેમાંનો ઉત્સાહ હર્ષપ્રેરક હતાં પરંતુ તે રચનાઓની કક્ષા, ભાષા, વ્યાકરણ અને જોડણી વિચાર માગે એવાં લાગેલાં. 'મમતા'ના હાલના સંપાદક એક સમયે વિચારપત્ર 'નિરીક્ષક'ના ઉપતંત્રી હતા અને 'નિરીક્ષક'ના મહાતંત્રી હતા રા. રા. શ્રી ચોકસી. મહાખાદીધારી, લિપટનની ચાના મહાશૌકીન, મહાક્રોધી અને આહા મહામાયાળુ. એમના પુત્ર જગત ચોકસીએ મોકલેલો એમનો ફોટો જોઈને ફરી હૈડિયો ઊંચોનીચો થાય છે. તે સમયે કિશોરવયના ઉપતંત્રીના મગજમાં રાઈ હતી કે પોતે સાર્થ ગુજરાતી જોડણી કોશ પી ગયા છે, પણ ચોકસી સાહેબે તે ઉપતંત્રીને સાનમાં સમજાવી દીધેલું કે તે ખાંડ ખાય છે. તે સામયિકના પ્રૂફ વાચનમાં વહાલા પ્રબોધભાઈની ફૂટપટ્ટીના આતંક હેઠળ 'નિરીક્ષક'ના ઉપતંત્રીની જોડણી અણીશુદ્ધ થઈ, લગભગ અણીશુદ્ધ થઈ, કેમ કે અહીં અણિશુદ્ધ કે અણીશુદ્ધ તેવો સંશય થયેલો અને રતિલાલ સાં. નાયકનો મોટો કોશ કહે છે કે બંને વપરાય.

ગુજરાતીઓએ ગુજરાતીની જે વલે કરી છે તે જોઈને આંખલડીમાંથી બોર બોર જેવડાં આંસુ ખરે છે. ભોજન ફક્ત પેટ ભરવાની ચીજ નથી, ભોજન એટલે સ્વાદનો ઓચ્છવ, એમાં અગ્નિ, પાણી, સામગ્રી અને ઝીણાં ઝીણાં વસાણાં બધાં ર-સા-ઈને એક લઝીઝ સર્જન કરે છે. તે જ રીતે ભાષા ફક્ત વાત કરવાનું સાધન નથી. ભાષા સ્વયં નર્તન કરવાનું માધ્યમ છે. ભાષાની શોભા પોતે કરીને એક કુશળતાનો, કુનેહનો, કળાનો વિષય છે. ગુજરાતીના ભલાભલા ગદ્યકારો, મહાનિબંધ લેખકો, પત્રકારો, સ્વયં શિક્ષકો ને કેળવણીવીરો જોડણી પ્રત્યે બિલકુલ ગાફેલ છે ને કેટલાક તો ઘમંડથી કહે છે અમે કાંઈ પ્રૂફરીડર નથી! આ સંપાદકનું ચાલે તો તમામ લેખકોને એક એક ખિસ્સા કોશની લહાણી કરે. કેટલાક સાદા નિયમો ફક્ત એક વાર વાંચી જવાથી ભૂલો અરધી થઈ જાય. જોડણી સુધારવાની સૂગ ન હોય તો ફક્ત એક અઠવાડિયામાં ઘોડો દોડવા લાગે. પણ ગુજરાતીનો દીકરો પૂછે છે કે એમાં ફાયદો શું? જોડણી સાચી કરું તો કાંઈ પૈસા મળે? પૈસા મળે તો ગુજરાતીનો બેટો ચાઈનીઝ પણ શીખી લે.

અતઃ પ્રબોધ ચોકસી વાર્તા હરીફાઈ! જે લોકો હજી વિદ્યાનું અર્જન કરી રહ્યા છે, જેમને નવું શીખવાની સૂગ નથી એ યુવા સંતતિ ભાષા અને જોડણી પ્રત્યે સભાન થાય એ હેતુથી આ વર્ષે વિદ્યાર્થીઓ માટે એક અલગ 'પ્રબોધ ચોકસી વાર્તા હરીફાઈ' પણ યોજી છે, જેમાં ૧૮થી ૨૫ વર્ષનાં યુવક-યુવતી ભાગ લઈ શકશે; તેનાં નિર્ણાયકો વાર્તાકળા તેમ જ ભાષા અને જોડણીની શુદ્ધિ ઉપર સરખેસરખો ભાર આપશે અને જોડણીની ભૂલના માર્ક કપાશે. આ હરીફાઈના નિર્ણાયકો છે, યુવાન લેખક-વિચારક જય વસાવડા, મૂર્ધન્ય વાર્તાકાર મોહન પરમાર, વિખ્યાત વાર્તાલેખક પારુલ કન્દર્પ દેસાઈ અને સામદંત અનુવાદક અરુણા જાડેજા. આ સમસ્ત પ્રકલ્પનું સંચાલન સુબંધુ જય વસાવડા કરશે. એ સૌને સાદર નમન. ભાગ લેનારાંને ફાયદોઃ પહેલું ઇનામ રૂ. ૧૫,૦૦૦, બીજું ઇનામ રૂ. ૧૧,૦૦૦ અને ત્રીજું ઇનામ રૂ. ૭,૦૦૦. હરીફાઈમાં ફક્ત ટાઈપ કરેલી, ઈમેઈલથી મોકલેલી રચનાઓ સ્વીકારાશે (sub: choksiharifai). શબ્દ મર્યાદા ૨૦૦૦ શબ્દો. ('મમતા'માં પણ જોડણીદોષ ન્યૂનતમ આવે એ માટે સૌએ ભેટ બાંધી છે.)

'મમતા'નો રથ વધુ ને વધુ લોકો તાણે તેવી મંછાથી વિધવિધ વિદ્વાનોને સંપાદનમાં સામેલ કરાયા છે. કવિઓ પાસે વાર્તા લખાવડાવી કવિ-વિશેષાંકના અતિથિ સંપાદક તરીકે તે વિશેષાંકની વાર્તાઓનું રસદર્શન કરાવશે કવિ અનિલ જોશી. ડૉક્ટર લોકો પાસે વાર્તાઓ લખાવડાવી ડૉક્ટર વિશેષાંકની વાર્તાઓની હાર્ટબીટ તપાસશે અતિથિ સંપાદક ડૉ. રઈશ મનિયાર. એનઆરઆઈ લેખકોની વાર્તાઓના સંપાદક તો 'મમતા'ના રેગ્યુલર સંપાદક ખુદ એનઆરઆઈ છે. પરંતુ તેમાંની રચનાઓ વિશે બબ્બે બોલ લખશે ડાયાસ્પોરાના રસજ્ઞ બળવંત જાની, અમેરિકા સ્થિત ઠસ્સાદાર ગદ્યલેખક રજની પી. શાહ, અને બ્રિટનનિવાસી વાર્તાકાર વલ્લભ નાંઢા.

'મમતા'માં હવે પછી એક નવો વિભાગ ડોકાશે. જે વિખ્યાત વાર્તાલેખકો આજે પણ પહેલાં જેવા રોફ અને રફતારથી વાર્તાઓ લખે છે તેવા સુસ્થાપિત વાર્તાકારની એક શરૂઆતની વાર્તા, અને તેની સાથે સાથે તે જ લેખકની તાજી નવી વાર્તા પ્રગટ કરવી. વર્ષમાં ત્રણ કે ચાર વાર આમ કરવા ધારણા છે. હાલના 'અતીતરાગ' વિભાગના સંચાલક રજનીકુમાર પંડ્યાની આમને સામને એમ બે વાર્તાઓ સાથે દીપોત્સવી અંકથી એ વિભાગનો શુભારંભ થશે. એ નવા વિભાગનું સાંગીતિક નામ સૂચવવા સૌને નિમંત્રણ છે.

છેલ્લા પૂંઠા ઉપરની છાયાછબીલી ઉપરથી વાર્તા લખવાનું હવે લોકપ્રિય થવા માંડ્યું છે. તે માટે તેમ જ મુખપૃષ્ઠ માટે તમે પણ ફોટોગ્રાફ્સ મોકલી શકો, મોકલો! આ અંકમાં પણ વાર્તાનાં પ્રસંગચિત્રો કરાવવાનો સમય રહ્યો નથી. જે ચિત્રો છે તે સુશોભન તરીકે છે.

-મધુ રાય

# નિયમાવલિ

- 'મમતા' દર માસની ૧૧મી તારીખે પ્રસિદ્ધ થાય છે.
- 'મમતા' કોઈ સવેતન કર્મચારી નથી તેથી ગ્રાહકો અને વાર્તાકારોના સહયોગની અપેક્ષા છે.
- 'મમતા' આવતીકાલના વાર્તાલેખકોનું આજનું માસિક છે તેથી તેમાં નવા લેખકોને હાર્દિક આવકાર છે.
- **'મમતા'માં કમ્પ્યૂટર ઉપર લેટર સાઈઝ કે એ-ફોર સાઈઝના કાગળ ઉપર ટાઈપ કરેલી, ઈ-મેઈલથી** mamatamonthly@hotmail.com (sub: story for mamata) **મોકલેલી કૃતિઓ વહેલી ધ્યાનમાં લેવાશે. ઈમેઈલ કરેલી કૃતિની પહોંચ અને નિર્ણય ઈમેઈલથી જણાવાશે.**
- ટપાલ કે કુરિયરથી ઉપર મુજબ ટાઈપ કરેલી વાર્તાઓ તે પછી ધ્યાનમાં લેવાશે. હાથે લખેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, પણ તેના નિર્ણયમાં વિલંબ થશે. ટપાલ કરેલી વાર્તા સાથે જવાબી પોસ્ટકાર્ડ હશે તો પહોંચ જણાવી શકાશે.
- 'મમતા' માત્ર વાર્તામાસિક છે. તેમાં ફક્ત વાર્તા સ્વીકારવામાં આવશે.
- **વાર્તાની સાથે એ કૃતિ પૂર્વે કોઈ પ્રકાશનમાં, ઈન્ટરનેટ કે રેડિયો-ટીવી ઉપર કે બીજે ક્યાંય પણ કોઈ સ્વરૂપે અપ્રકાશિત અને મૌલિક છે તેવો પત્ર, લેખકનો ફોટો, ૫૦ શબ્દોમાં પરિચય તેમ જ ફોન નંબર અને હોય તો ઈ-મેઈલ આઈડી મોકલવાં.**
- અનુવાદ કે રૂપાંતર સાથે મૂળ લેખકનું નામ, ૫૦ શબ્દોમાં પરિચય તથા હયાત હોય તો તેમનો અનુમતિપત્ર અને સરનામું, ફોન નંબર તથા ઈ-મેઈલ આઈડી મોકલવાં અનિવાર્ય છે.
- લખાણોની જોડણી સાર્થ જોડણીકોશ મુજબ ઈચ્છનીય છે.
- વાર્તા મળ્યા બાદ એકાદ - બે માસમાં લેખકને નિર્ણય જણાવવામાં આવશે. દરેક વાર્તાની એક નકલ સાચવવી. અસ્વીકૃત વાર્તા પાછી મોકલી શકાશે નહીં.
- પ્રસિદ્ધ થયેલી દરેક કૃતિના પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. તે પછી પ્રકાશનના તમામ હક લેખકના રહેશે.
- 'મમતા'નું (૧૨ અંક) વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦ છે. લવાજમનો ચેક કે ડ્રાફ્ટ 'મમતા વાર્તામાસિક'ના નામે રીડર્સ પેરેડાઈઝના સરનામે મોકલવો. અન્ય સંસ્થાઓમાં રોકડેથી પણ લવાજમ આપી શકાશે, જેની પહોંચ સાચવી રાખવી.
- **લવાજમ મોકલવાનું, અંક ન મળ્યાની કે રવાનગી બાબત કોઈ પણ ફરિયાદ કરવાનું સરનામું,** mamatacirculation@gmail.com **અથવા 'મમતા' કાર્યાલય ૯૭૭/૨ સેક્ટર ૭-સી, ગાંધીનગર ૩૮૨-૦૦૭** સંપાદકીય પત્રવહેવાર માટે ઈ-મેઈલ mamatamonthly@hotmail.com

# અનુક્રમ


**૦૩ • પંખીનો મેળો**

**૦૪ • ભારતી સોની / ઝુરાપો**

**૧૦ • તરુણ આહલપરા / રમણને રાધિકા**

**૧૪ • અજય પુરોહિત / બોજ**

**૧૭ • સુનીલ ઉપાધ્યાય / ત્રીજી જિંદગી**

**૨૦ • કામિની સંઘવી / ઓગણત્રીસ માર્ચ**

**૨૨ • કિશોર રાવળ / ક્યાં મહેકી કસ્તૂરી**

**૨૭ • નિવ્યા પટેલ / ગાંડી ફરી ગાંડી થઈ**

**૩૦ • સતીશ વૈષ્ણવ / ત્રયાક્ષરી સંબંધો**

**૩૬ • ગુંજન ભટ્ટ / મા તે મા**

**૩૮ • ધનરાજ કોઠારી / છાયાછબીલી વાર્તા**

**૩૯ • જયપ્રકાશ મહેતા / છાયાછબીલી વાર્તા**

**કવર ૨ • ગ્રેહમ ગ્રીન / રાગ વિશ્વરંજની**



**પ્રચાર** મણિલાલ રાજપૂત

**કોપી એડિટર** છાયા ત્રિવેદી **સંપાદન સહાય** સુચી વ્યાસ

**કમ્પોઝ, ડિઝાઇન અને લે-આઉટ** રીટા ડાંગોદરા
ફોન : ૯૪૨૬૪ ૧૮૫૧૦

**મુદ્રણ સ્થાન** એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ.
૧૪/૨ કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર
અમદાવાદ: ૩૮૦૦૨૧ ફોન: ૨૨૯૪ ૧૧૫૦

**પ્રબંધ** બિપિન શાહ, રીડર્સ પેરેડાઇઝ, અમદાવાદ

**વિજ્ઞાપન અને રવાનગી** કે. એ. વૈદ્ય

**મુખપૃષ્ઠ** એ. વી. ઠાકર

**રેખાંકન** મનોજ વ્યાસ, દિનેશ શર્મા અને સુલેમાન રોશનઅલી

# પંખીનો મેળો

આજે ‘મમતા’ના અંક નંબર ૬,૭,૮ એક જ બેઠકે વાચ્યા. ખૂબ ગમ્યા. (ભાઈસા’બ, નંબર સાથે મહિનાનાં નામ લખો તો મારા જેવાને કોઈની સાથે મમતા વિશે વાત કરતાં ફાવે!)ખાસ તો મારા જેવા પરદેશીને ગુજરાતના મુખ્ય પ્રવાહમાં કેવું લખાય છે તે ‘મમતા’ દ્વારા જાણવા મળ્યું. વિષય વૈવિધ્ય તો પારાવાર છે. સમલિંગી સંબંધો, સસરા વહુના જાતીય સંબંધો વગેરે પર હવે સહેલાઈથી લખાતું થયું લાગે છે. આવી વાતો અશોક હર્ષના ‘ચાંદની’ માસિકમાં ચાલીસ-પચાસ વરસ પહેલાં અકલ્પ્ય અને તેથી અશક્ય હતી. આમ જુઓ તો ગરવી ગુજરાતણો ત્યારે જિન્સ અને ટી શર્ટ જ કયાં પહેરતી હતી? આજના યુવાનોને હવે નારી દેહની કલ્પના કરવાની કસરતની જરૂરત રહી નથી. સાથે સાથે વાર્તાઓ દ્વારા ગુજરાતમાં બોલાતી રોજબરોજની ભાષા-બોલીનો પણ ઠીકઠીક પરિચય મળી રહે છે. આ વાર્તાઓ વાંચતાં વિદેશ રહીને પણ આજકાલના આપણા સમાજનું ચિત્ર પણ માનસપટ પર ઉપસતું રહે છે. કયાંક કયાંક તો દ્વિઅર્થી શબ્દો અને સંવાદો પણ વપરાયા છે. ‘લેખિકા અંક’ તો અદ્‌ભુત બન્યો છે! ઘણી વાર્તાઓ તો નામાંકિત અને પ્રસિદ્ધ લેખકો કરતાં પણ સરસ રીતે લખાયેલી છે.

જૂના સાહિત્યમાંથી ભુલાઈ ગયેલી વાર્તાઓ આપવાનું ચાલુ રાખશો. વિદેશી વાર્તાઓના પરિચય પણ ગમ્યા. છેલ્લા બે અંકોનાં સ્કેચિસ-રેખાંકનો ખૂબ જ સરસ, કોઈ વિદેશી મેગેઝીનનાં લેવલનાં બન્યાં છે. ખાસ અપીલ એટલી જ કે ‘મમતા’ને કોઈપણ સંજોગોમાં ચાલુ રાખવું જ જોઈએ. આમાં નવા વાર્તા લેખકોનું પણ ભલું થશે. જો ‘મમતા’ જીવતું રહેશે તો નવોદિત લેખકોની વાર્તાઓ છપાશે.વાર્તાલેખકોની એક નવી પેઢી તૈયાર થશે. વાર્તા લેખકોએ પોતાના ભલા માટે થઈને પણ, નવા નવા ઉન્મેશો જગવતી વાર્તાઓ લખી-મોકલીને તથા લવાજમો ભેગા કરીને આ માસિકને સપોર્ટ-ટેકો કરવો જોઈએ.

આવતા વરસના ‘મમતા’ માટેના મારા લવાજમનો ચેક આ સાથે ‘મમતાપૂર્વક’ બીડું છું. કવિઓ અને ગઝલકારો માટે તો ઘણાં મેગેઝીનો બહાર પડે છે. જયારે વાર્તાઓ માટે તો હાલ ‘મમતા’ જ નજરે ચઢે છે.

**હરનિશ જાની,**
**harnishjani5@gmail.com**
**- યુ.એસ.એ.**

નામ જ એવું છે કે મમતા થાય. આ મુદ્રારાક્ષસ વિશે ઘણું કહેવાનું મન થાય છે. અખબારોમાં પણ એટલી બધી ભૂલો હોય છે કે થાય કે પ્રૂફ રીડરો ભણેલા નહીં હોય? બીજું મેં એક વાર્તા ૬૦ દિવસ પહેલાં મોકલી હતી, સાથે પોસ્ટકાર્ડ બીડેલું પણ જવાબ નથી. તેથી થોડો અજંપો થાય. વચ્ચે એક ગુજરાતી પાક્ષિકને વાર્તા મોકલેલી તે ત્રણ મહિને છાપી તો ખરી પણ ન જાણ કે અંક કે પુરસ્કાર. પત્રો લખીને થાક્યો પણ મારા નામવાળા પત્રોય છાપવાનું બંધ કર્યું છે. વળી છપાયેલી વાર્તામાં પેરેગ્રાફ આડાઅવળા, ૧ પછી ૪, ૯, ૭, ૬ આમ વિચારો, એક નવોદિત લેખકને કેટલી સજા! મમતામાં પ્રસંગચિત્રો ભાગ્યે જ સરસ આવે છે, જેમકે એપ્રિલ અંકમાં અંજલિ મહેતાએ દોરેલું ચિત્ર. બાકી બધાં ઠઠ્ઠાચિત્રો જેવાં. આના કરતાં ના છાપો તો સારું. અને મુખપૃષ્ઠ ઉપર લેખકોનાં નામ એક નવતર પ્રયોગ છે, પણ એ શોભતું નથી. સોરી.

**જશુભાઈ ભટ્ટ, રાજકોટ**

***તમને કઈ વાર્તાઓ ગમી? વાચકોના પત્રો બને તો ઈ-મેઈલથી** (sub: pankhino melo) **મોકલવા. અથવા ટપાલનું સરનામું ‘મમતા’ વાર્તામાસિક, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, પથિકાની સામે, ગાંધીનગર ૩૮૦-૦૦૭***

‘મમતા’ નવોદિતો માટે વાર્તાનું માધ્યમ બની ગયું છે, જે અભિનંદનને પાત્ર છે. જુલાઈ અંકમાં દુર્ગેશ ઓઝા લિખિત ‘નડતર’, બળવંત જાનીની ‘તૂટ્યા તાર’, હસમુખ પટેલની ‘મણ માટીની મા’ આદિનો વાર્તાવૈભવ ગમી ગયો. પણ ‘મમતા’ ખૂબ જ અનિયમિત મળે છે. કાંઈક પાકી વ્યવસ્થા કરો.

**ઘનશ્યામ એચ. ભરૂચા,**
**લોઅર પરેલ, મુંબઈ**

એ વાત સાચી છે કે ‘મમતા’ મેગેઝીનને પહોંચતા લગભગ એક મહિના જેટલો સમય થઈ જાય છે. તો મારું એક સૂચન એવું છે કે તમારે ૧૧ તારીખે ‘મમતા’ બહાર પડે ત્યારે ભલે તમારી રીતે પોસ્ટ કરો પણ જો તમો તે અંકને સ્કેન કરીને ‘મમતા’ના મેમ્બરોને ઈમેલ કરી દો તો દરેકને તે પ્રગટ થયાના ટૂંક સમયમાં વાંચવા મળી શકે. આ સાથે મે મારી વાર્તા જે ‘મમતા’માં છપાઈ છે તે સ્કેન કરીને મોકલી છે જે મે મારા મિત્રોને વાંચવા મોકલી શકી છું. તો આપ પણ સ્કેન મશીનથી આખો અંક સ્કેન કરીને પીડીએફ મોકલી શકો, જે મેમ્બર છે તેઓને, તો જલ્દીથી વાંચવા મળે. અને તેમાં ખર્ચ પણ નહીંવત્ છે એક સ્કેન મશીનની જ જરૂર છે. અમારા સમાજનું મેગેઝીન “પગથાર” પણ પોસ્ટલ અને જેણે ઈમેલ લખાવ્યું હોય તેઓને ઈ-મેલ દ્વારા મોકલાય છે તે પણ તમારી જાણ ખાતર આ સાથે મોકલું છું.

**કલ્યાણી વ્યાસ, મુંબઈ**

‘મમતા’ જૂન ૨૦૧૨નો અંક વલસાડમાં કયાંય પણ જોવા મળ્યો નથી. મને આ અંક વાંચવાની ખાસ જરૂર છે તો સાદા બુકપોસ્ટથી નીચેના સરનામે મોકલી આપશો. તો હવે પછી ‘મમતા’નો દરેક અંક વલસાડમાં નિયમિત મળે તેવી વ્યવસ્થા કરશોજી. ‘મમતા’ ગુજરાત, મુંબઈમાં દરેક જગ્યાએ એસટી ડેપો, વ્હિલરના સ્ટોલ તથા ખાનગી સ્ટોલો ઉપર ભલે પાંચ તો પાંચ કોપી પણ વેચાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ.

**અમૃત મોરારજી, વલસાડ**

મેં તારીખ ૫-૯-૨૦૧૨ના રોજ ૧૧:૧૭ વાગ્યે મણિનગરથી રૂ. ૨૦૦નો ચેક કુરિયરને સોંપ્યો હતો, જે બપોરે ૧૬:૨૦ વાગ્યે અમદાવાદની બેગમાં મુકાયો, ૧૭:૪૮ વાગ્યે બેગ ડિસપેચ થઈ, ૧૮:૫૧ વાગ્યે બેગ સ્થાને પહોંચી, અને તેમાંથી સદરહુ ચેક તા. ૬-૯-૨૦૧૨ના રોજ ૦.૫૮ વાગ્યે બોડકદેવની બેગમાં મુકાયો, જે બેગ ૬:૧૧ વાગ્યે બોડકદેવ જવા રવાના થઈ અને ૯:૪ વાગ્યે બોડકદેવ પહોંચી. તે પછી ૯:૧૦ વાગ્યે બેગ ખૂલી, ૯:૧૧ વાગ્યે ચેક બહાર કાઢવામાં આવ્યો અને તા. ૬-૯-૨૦૧૨ના રોજ ૦૦.૦૦ વાગ્યે તે આઈટમ ડિલિવર થઈ. પરંતુ આજ (૧૩-૯-૨૦૧૨) સુધી તમારા તરફથી રસીદ નથી કે પહોંચ નથી. મારે ફકત એટલું જાણવું છે કે તમારાથી એટલું બની શકશે કે નહીં. હોપલેસ મેનેજમેન્ટ.

**ભૂપત બોસ્નિયા, અમદાવાદ**



ગૃહિણી. ખૂબ જ વાંચનશોખ. લેખન મંડળમાં કાર્યરત ઝી ટીવી અને દૂરદર્શન પરથી પ્રસારિત રસોઈ-શોમાં ભાગ લીધો છે. વાની માટે પુરસ્કાર પ્રાપ્ત થયા છે. લેખન માટે પુરસ્કાર મળ્યા છે. કાવ્ય, ગઝલ, બાળકાવ્ય, બાળવાર્તા, વ્યંગકાવ્ય, વ્યંગકથા, નવલિકા, ધાર્મિક, ચિંતન, અનુવાદ, સંકલન વગેરે લખેલ છે.

**૧૦૧, આકાર ફ્લેટ**
**જનતાનગર રોડ, પાવાપુરી**
**ઘાટલોડિયા અમદાવાદ-૬૧**
**ફો. ૨૭૬૬૦૪૪૭**

ભારતી સોની

# ઝુરાપો

"આજે, આપણી શાળાનો સ્થાપના દિવસ છે. આપણી આ પ્રાથમિક અને માધ્યમિક શાળા આપણા નાના શહેરની નામાંકિત શાળા છે. આપણે સૌ શિક્ષકગણ, ટ્રસ્ટીગણ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ અને આમંત્રિત મહેમાનો આજે ભેગા થયા છીએ. તો આનંદના સમાચાર પણ જણાવી દઉં કે આપણી પ્રાથમિક વિભાગના શિક્ષક દીનાબેને આપણી શાળાને ગૌરવ અપાવ્યું છે. ચાલીસ વર્ષ પૂરા કરતી આ શાળાને ગૌરવ મળ્યું છે. શિક્ષિકા દીનાબેનને ગુજરાત સરકારે આદર્શ શિક્ષિકાનો એવોર્ડ આપ્યો છે." હોલ આખો તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો. સૌ કોઈ દીનાબેન તરફ જોવા લાગ્યા. પ્રિન્સિપાલે પ્રવચન ચાલુ કર્યું. 'બીજા વધુ આનંદના સમાચાર એ છે કે ગુજરાતના જાણીતા દૈનિક અખબારની પૂર્તિની વાર્તા હરીફાઈમાં તેમની ટૂંકી વાર્તાને પ્રથમ ઇનામ મળે છે. આજે સવારે જ મને જાણ થઈ. દીનાબેન ઉત્તમ લેખિકા પણ છે. આપણે દીનાબેનને સન્માનિત કરવાના છે. આપણે તેમના આભારી છીએ. સાથે થોડા દુઃખની વાત એ છે કે તેઓ લાંબી રજાઓ લઈ રહ્યાં છે. રજાઓ ભોગવી જલદી શાળામાં પાછા આવી જાય એવી મારી વિનંતી છે. દીનાબેનને સ્ટેજ પર આવવા આમંત્રણ આપું છું.' પ્રિન્સિપાલે પ્રવચન પૂરું કર્યું.

દીનાબેનને સન્માનિત કરાયા. બધાંએ તેમને તાલીઓના ગડગડાટથી વધાવી લીધા. આ પ્રતિભાશાળી મહિલાએ સન્માન સ્વીકારતા તેમની આંખમાંથી અશ્રુઓ સરવા લાગ્યા. સૌને વંદીને બોલ્યા, 'આપ સૌની આભારી છું. વર્ષોની તપસ્યા ફળી છે. આપ સૌના અભિનંદન જ મને આગળ વધવા પ્રોત્સાહિત કરશે.' દીનાબેન ઉપર અભિનંદનની વર્ષા થવા લાગી તેમની આંખમાં આનંદના આંસુની વર્ષા અને હૃદયમાં તપની વર્ષાથી દીનાબેન ભીંજાઈ ગયા.



અમારી શાળા અમારા બંનેના ઘરથી દૂર હતી. બંનેના ઘર નજીક હતા. અમે બંને સાથે આવતા જતાં અમારી મિત્રતા ગાઢ હતી છતાં... દીના ક્યારેય મન મૂકીને વાત ન કરતી. ઉદાસ રહેતી. ઘણીવાર જાણવા પ્રયત્ન કરતી પણ... દીના આ નાના શહેરમાં એકલી ભાડેથી રહેતી. અમારા ઘર ગામની બહાર હતા. ગામમાં તેના માતા-પિતા રહેતા. ઉંમરલાયક હતા. તેમનું દીના ધ્યાન રાખતી. બાજુના શહેરમાં બે દીકરા-વહુઓ રહેતા. ક્યારેક આવતા તેની મને ખબર હતી. પણ સાસરામાં કોણ છે તેની વાત કરતી ન હતી. તેને વાંચનનો ખૂબ શોખ લાઈબ્રેરીમાં જતી. નવરી પડે ત્યારે હાથમાં પુસ્તક હોય ને હોય. તે લખતી.

કવિતા, મેગેઝીનમાં આવે ત્યારે મને વાંચવા આપે ને જે દિવસે તેની વાર્તા, કવિતા પ્રગટ થઈ હોય તે દિવસે ખૂબ આનંદમાં રહેતી. જાણે સુકી ધરતી પર મેઘ વરસ્યો હોય અને ધરતી લીલી ઓઢણી ઓઢી ઝૂમી ઊઠી હોય! મને પણ આનંદ થતો.

રસ્તામાં મેં વાત ચાલુ રાખી. મને આ ઈનામી વાર્તા ક્યારે વાંચવા આપીશ? દીના જાણે ગમગીન બની હોય તેમ લાગ્યું તે બોલી 'હેમા, બે દિવસ પછી આપીશ તું વાંચી લેજે. મારે માટે આ નવલિકા અતિ મૂલ્યવાન છે મારે કદાચ અચાનક જવાનું થશે. 'દીના હસતી ઓછું, જાણે પરાણે હસતી. વિધવા હોવું જાણે તેના માટે ભારરૂપ હોય તેમ લાગતું. હું તેના ઘરે જતી ત્યારે ઘણીવાર રડી પડતી. મને સમજાતું ન હતું. એકલપણાને રડતી કે વિધવાપણાને! તે કપાળમાં ચાંલ્લો કરતી કપડાં રંગીન પહેરતી, બંગડીઓ અવનવી પહેરતી, પહેરવા ઓઢવાની શોખીન હતી. મને નવાઈ લાગતી નહીં. હું તેને ઘણી વાર કહેતી, "દીના તું બીજા લગ્ન કરી લે પાછળની ઉંમરમાં સાથીની જરૂર પડે છે." હું આગ્રહ કરતી તો તે રડી પડતી. મને ઘણું દુઃખ થતું. ભગવાને ભારતીય નારીને જ આવું હૃદય આપ્યું છે? તે કુંવારા માતા-પિતા વગર અને પરણ્યા પછી પતિ-સંતાન વગર રહી શકતી નથી. દીનાના જીવનમાં શું દુઃખ હતું હું જાણી શકી ન હતી. આમ રાત પડી ગઈ.

બે દિવસમાં રસ્તામાં કે સ્કૂલમાં કશી વાત થઈ નહીં. દીના ખૂબ ગંભીર લાગી.મને તેના વિચારો આવતાં હું તેના ઘેર ગઈ. બાળકોને લઈને છતાં તેણે કશી વાત કરી નહીં. બે દિવસ પછી રવિવારે સવારે મને ફોન કરી ઘેર બોલાવી. સામાન પેક કરી લીધો હતો મને કહ્યું, 'હેમા મેં અચાનક જવાનું નક્કી કર્યું છે. આટલા વરસની નોકરીથી હવે થાકી ગઈ છું. દૂર દૂર જાઉં છું. કચ્છ-ભૂજ બાજુ. મને હવે ઘરમાં ગમતું નથી. પુસ્તકો વાંચી વાંચી જિંદગી જીવ્યે રાખી છે ને પુસ્તકના પ્રોત્સાહનથી જ હું આટલી આગળ આવી છું. હવે કદાચ આવી ન...' આટલું બોલી રડી પડી. મને નવાઈ લાગી ને એવું લાગ્યું ક્યાંક દીના લગ્ન કરવા... ના... ના કોઈકની સાથે કશું હતું નહીં છતાં કેમ મને? મને તેના અચાનક જવાના નિર્ણયથી દુઃખ થયું. 'હેમા શું વિચારમાં પડી ગઈ? લે આ બે કવર મોટા કવરમાં નવલિકા છે, બીજું નાનું કવર, હું જાઉં પછી જ આ કવરો ખોલજે અને વાંચજે. આ તારા અને બાળકો માટે ભેટ.' દીના એ મોટું બોક્સ આપી ફરી રડવા લાગી. મને ઘરની ચાવી આપી. હું ઘેર આવી. દીના નીકળી ગઈ હશે. પતિને વાત કરી તેમને પણ નવાઈ લાગી.

**શાળા અમારા બંનેના ઘરથી દૂર હતી. બંનેના ઘર નજીક હતા. બંને સાથે આવતા જતાં અમારી મિત્રતા ગાઢ હતી. દીના ક્યારેય મન મૂકીને વાત ન કરતી. ઉદાસ રહેતી. ઘણીવાર જાણવા પ્રયત્ન કરતી. દીના નાના શહેરમાં એકલી ભાડેથી રહેતી.**

મેં દીનાની નવલિકાના પાનાં ખોલ્યા નવલિકાનું નામ "તડપ".

વાર્તા વાંચવાનું ચાલુ કર્યું.

'કૃષ્ણાને, આટલી નાની ઉંમરમાં વિધવાપણું! માંડ ચોવીસ-પચ્ચીસ વરસની હશે? એમાંય ત્રણ નાના બાળકો. લગ્ન સુખ માણ્યું ન માણ્યું ને... અચાનક. બાળકોએ શું પાપ કર્યા હશે. નાની ઉંમરમાં પિતા ગુમાવવા પડ્યા! બેસણામાંથી એક બહેન દુઃખી થતાં બોલ્યા! 'ને સાસરીયામાં સાસુ, સસરા નથી પતિ મકાન કે મિલકત કશું મૂકતો ગયો નથી. પતિને નાની ઉંમરમાં આવો રોગ! બીજા બોલ્યા. જતી જિંદગીએ કૃષ્ણાના માતા-પિતાને દીકરીનું દુઃખ જોવાનું આવ્યું? કૃષ્ણાની જિંદગી કેવી રીતે જશે પતિ વગર? એક સંબંધી બોલ્યા.

પતિના મૃત્યુના બીજા દિવસે બેસણામાં આવનાર બહેનોની વાતો સાંભળી મને હૈયાફાટ રૂદન કરવાનું મન થતું હતું પણ બાળકોને જોઈને રૂદન હૈયામાં સમાવી દેતી. મારા દુઃખના રોદણાં સાંભળીને મારું દુઃખ જાણે મોટું થવા લાગતું. થોડા દિવસ બધા મારા દુઃખમાં ભાગીદાર થશે, સલાહ આપશે પછી બધા ભૂલી જશેને પછી મારી વિરુદ્ધે બોલશે. વિધવાથી આમ ન થાય, વિધવાથી ચાંલ્લો ન થાય રંગીન કપડા ન પહેરાય. મારી ચોકી કરશે. હું ક્યાં જાઉં છું? શું કરું છું એવું બધું નાની ઉંમરમાં મેં બહુ અનુભવ્યું હતું. પતિ હતા ત્યારે દુઃખ તો હતું જ પણ સમાજ સગાઓને દેખાતું ન હતું. કારણ પતિ હતા. ભારતીય સંસ્કૃતિમાં પતિને પત્નીનું છત્ર કહેવામાં આવ્યું છે, પત્નીનો શણગાર કહેવામાં આવ્યો છે. ગમે તેવો પતિ હોય પણ પતિ પરમેશ્વર કહેવાય. સ્ત્રીનો સહારો કહેવાય વિ... વિ... વડીલો પાસેથી સાંભળતી.

મારું ભણતર પણ વધારે ન હતું. બે મહિના પછી મારી માને કહ્યું, 'ભણીશ ને નોકરી કરીશ. મારે ઘરમાં બેસી રહેવું નથી. રડીને જિંદગી કાઢવી નથી.' બાળકોને આગળ લાવવા

પડશે. મા બોલી, 'બેટા નોકરી કરીશ તો બધા વાતો કરશે સુંદર છે, જુવાન છે જમાનો ખરાબ છે.' મે કહ્યું, 'જેને જે કહેવું હોય તે કહે હું પી.ટી.સી. કરીશ મને નોકરી મળી જશે. મા-પિતાજીને દુઃખ થયું પણ સાથે એ પણ થયું કે નોકરી કરશે તો દિવસો પસાર થઈ જશે. આનંદમાં રહેશે. મારા પિતાજી તો સાવ સીધા અને સંત જેવા. મને જુએ ને રડી પડે. મને થતું કે ભગવાન આવા માણસોને કેમ દુઃખ આપે છે? કદાચ ભગવાનને આવા સરળ માણસો વધારે ગમતાં હશે એટલે કસોટી કરી તેમને તાવે છે.

બાજુના શહેરમાં ફોર્મ ભર્યું. મારી સ્થિતિ જાણી મને એડમિશન મળી ગયું. કોલેજમાં દાખલ થઈ ગઈ. ખૂબ આનંદ થયો. રજામાં આવતી. ખૂબ મહેનત કરી સારા ટકા આવ્યા. નોકરીની શોધ ચાલુ કરી. આજુબાજુના શહેરોમાં ઈન્ટરવ્યૂ દેવા જતી તો પહેલો પ્રશ્ન પરણેલા છો કે કુંવારા? ડોનેશન આપવું પડશે. કેટલાંય પ્રયત્નો કર્યા અંતે મારા ગામથી બે કલાકના અંતરે બાજુના શહેરમાં નોકરી મળી ગઈ. ખૂબ જ આનંદ થયો. નજીવા પગારે મને રાખી લીધી. મજબૂરી હતી. સ્ત્રી એ મજબૂરી લાચારી બીજું નામ છે. ઓફિસમાં કે ઘરમાં પુરુષોના હાથ નીચે રહેવું પડે છે. બાળકો હવે સમજણાં થયાં હતા. નાની હિરણ ઘણીવાર જીદ કરતી, પપ્પા ક્યારે આવશે? હું કહેતી કે કાલે આવશે તો સવારથી રાહ જોવા લાગે ને અંતે રાત્રે નિરાશ થઈને સૂઈ જાય. નાનકાને તો પપ્પાનું મોં પણ યાદ નહીં હોય. એકવાર શેરીમાં નાનકો અને બીજો કિશોર ઝઘડ્યા નાનકાએ તે કિશોરને માર્યું તો તે કિશોર કહે, 'મને મારીશ તો મારા પપ્પાને કહી દઈશ.' નાનકો કહે, 'તું મને મારીશ તો હું પણ મારા પપ્પાને કહી દઈશ.' પેલો કિશોર કહે, 'તારા પપ્પા તો ક્યારનાય મરી ગયા છે. તું કોને કહીશ?' એમ કહી હસવા લાગ્યો. આ જોઈ નાનકો મને પપ્પા લાવી આપ, આમ કહી ખૂબ રડેલો ને હું પણ.

રડતી જોઈને મા કહેતી આવી રીતે રડવાથી દુઃખ ઓછું નહીં થાય આવી રીતે રડીને જિંદગી કેવી રીતે જશે? તારે હવે પુરુષ જેવા થવું પડે. નહીંતર તને બધાં રડાવશે.

'અમારે પણ તારું દુઃખ જોઈને દુઃખી થવાનું ને!' હું રડતાં રડતાં બોલી, 'તમારો જ વાંક છે. નાની ઉંમરમાં પરણાવી દીધી. મને પૂછ્યું પણ નહીં. ભણાવી નહીં મારી જિંદગી પરણીને બરબાદ થઈ ગઈ. ધનિક સાસરીયા જોયા બીજું કશું જોયું નહીં. દીકરી મોટી થતાં મા-બાપને કેમ ભારરૂપ બની જાય છે? બસ જલદી પરણાવી દો. ને દીકરીને મહામંત્ર આપો છો કે, મરી જજે પણ પાછી ન આવીશ. આમને આમ કેટલી દીકરી લગ્નના યજ્ઞકુંડમાં હોમાઈ જાય છે. આ મંત્રને કારણે! નાની ઉંમરમાં પતિ-સુખ પામી નહીં ત્યારે દુઃખી ને અત્યારે પણ દુઃખી મારું દુઃખ મારી પાછળ જ પડી ગયું છે તમે તો રડી ને બેસી રહેશો, ને મારે બધાંની નજરોથી બચી જિંદગી જીવવાની.' આમ બોલી હું ખૂબ રડવા લાગી બાળકો પણ. કોણ કોને છાના રાખે?

'હું પરણી ત્યારે માંડ સત્તર કે અઢાર વર્ષની હઈશ. ભણતી હતી. મારી સુંદરતાને કારણે નજીકના શહેરમાંથી ધનિક પરિવારનું માંગુ આવ્યું મા-બાપે સ્વીકારી લીધું. એકબીજાને દૂરથી જોઈ સગાઈ પતાવીને લગ્ન પણ મહિનામાં કરી નાંખ્યા. હજુ પતિ વિશે પૂરી જાણકારી ન હતી. લગ્ન પછી સાસરે આવી. મારા પતિ મુકેશ મારા કરતાં ઉંમરમાં મોટા હતા. દેખાવમાં ઠીક હતા. સાસુ-સસરા પતિની વાણીમાં ધનનો અહંકાર બોલતો હતો. આટલી બધી સંપત્તિ, મોટો વેપાર મને થયું અહીં મને બધું જ સુખ મળશે, રાજી થઈ ગઈ.

લગ્નની રાત્રે મુકેશ જાણે પ્રેમહીન સાવ શુષ્ક! જરૂર પૂરતી વાત ન ઉંમગ ન આનંદ ને હું વિવશ થઈને વશ થઈ ગઈ ને થતી રહી. તેમનો પ્રેમ પથારી પૂરતો રહેતો. ખબર પડી કે ગુલાબના કાંટા મને હવે ડંખી રહ્યા છે. દિવસ અને રાત્રે તેમના લાગણીસભર શબ્દો સાંભળવા તલપાપડ થતી, તેમની પાસે લાડ કરવા ઈચ્છતી, કંઈક માંગવા ઈચ્છતી, બહાર ફરવા ઈચ્છતી, પણ કશું પામતી નહીં. કોરી જ રહેતી. મને ગુલાબને બદલે હવે કાંટા જ દેખાવા લાગ્યા. વાત વાતમાં મેણાં ટોણાં, ગાળાગાળી. થોડા મહિનામાં સાસુ-સસરા પણ મૃત્યુ પામ્યા હું સાવ એકલી. બહાર જવાનું કહ્યું તો આટલો મોટો બંગલો છે ઘરમાં ભોગવ. ક્યાંય બહાર નથી જવાનું! મા-બાપને ત્યાં ભાળ્યું નહીં તો અહીંયા... તને ઓછું પડે છે ઉગ્ર થઈ બોલતા બહાર જતા રહે મને કહેવાનું મન થતું હા તમારા પ્રેમ વગર બધું ઓછું પડે છે. આમ ને આમ દિવસો પસાર થતાં બંધિયાર વાતાવરણમાં ઊડવાનું મન થતું. આનંદ કરવાનું, બોલવાનું મન થતું પણ મારી પાંખો પરણાવીને કાપી નાંખવામાં આવી હતી. બારીમાંથી કેટલાંય યુગલોને હસતાં હસતાં ફરતા મજાક મસ્તી કરતા બહાર જોતી ને મને ઈર્ષા આવતી. મને થતું કે હું પત્ની નહીં એક કેદી છું. તેની સાથે ગમે તેવો વર્તાવ થઈ શકે. પિયર પણ જવા દેતા નહીં. આ પતિનો હુકમ હતો.

કોને કહું દુઃખ? હું અધૂરી જ રહેતી. એક બાળકની માતા બની. પતિની ઉપેક્ષા સહન કરી લીધી. સહનશક્તિ તો જન્મથી જ મળી જાય છે નારી ને! હું તો જાણે વાપરવાલાયક વસ્તુ બની રહી. હું બનીઠની તૈયાર થતી પણ તેને કંઈ જ પડી ન હતી. મને થતું કે મુકેશ કેમ આવો વ્યવહાર કરે મારી સાથે, કોઈની સાથે પ્રેમ તો નહીં હોય ને?

મને સંપત્તિ કરડવા દોડતી હોય તેવું લાગતું એકલા ગમતું

નહીં. સાંજના સમયે સામેના બંગલામાં એક યુવતી પુસ્તક વાંચવામાં તલ્લીન હતી. મેં તેને બોલાવી. મેં તેને કહ્યું મને પુસ્તક વાંચવા આપીશ મને પણ વાંચનનો શોખ છે. દીપ્તિ હર્ષ સાથે બોલી. 'હા ચોક્કસ, લાઈબ્રેરીમાંથી લેતી આવીશ કેવા પુસ્તકો વાંચવા ગમશે?' મેં કહ્યું ધાર્મિક, નવલિકા, સંતોના જીવન ચરિત્રો, કવિતા વિ. ગમશે. દીપ્તિ બીજા દિવસે નવલિકા સંગ્રહનું પુસ્તક આપી ગઈ. મને એ સમજાતું નહીં કે મુકેશને હું કેમ ગમતી નથી? મારાથી એવી કોઈ ભૂલ પણ નથી થઈ છતાં... હું મુકેશ તરફથી પ્રેમ પામવા, વાત કરવા તરફડીયા મારતી... પણ... મારા દુઃખની દવા મળી ગઈ. આમ ને આમ ત્રીજું બાળક બેબી. હું ખાલી મા બની રહી પતિએ મને બાળકોની મા બનાવી પૂર્ણ તો કરી પણ પ્રેમ પામવા સાવ અધૂરી રહેતી. પતિના પ્રેમાળ હાથનો સ્પર્શ મેળવવા તડપતી રહેતી.

દીપ્તિ આવતી પુસ્તકો લેવા અને દેવા. એકવાર મને કહે, 'ભાભી મુકેશભાઈ તમારા પર ગુસ્સે થાય છે, બરાડા પાડે છે, તમારા પર હાથ પણ ઉપાડે છે તમે કેમ કશું બોલતા નથી? બહાર જવા દેતા નથી, તમે શા માટે માર ખાવ છો?' 'મેં કહ્યું, 'દીપ્તિ એ પુરુષ છે, મર્દાનગી બહાર ન ચાલે તો પત્ની ઉપર મર્દાનગી બતાવે ને! 'ભાભી મારે લગ્ન નથી કરવા આવા પતિ હોય તો જીવન નર્ક બની જાય. એના કરાતાં કુંવારા રહેવું સારું.' દીપ્તિ બોલી.

દીપ્તિ ગઈ જલદી કામ પતાવી પુસ્તક, પેન, કાગળ લઈ બેઠી લખવા લાગી. પતિ બરાડ્યા, 'શું લખે છે કોને લખે છે? શાના પુસ્તકો છે, ક્યાંથી લાવી? મેં ડરીને કહ્યું આ ધાર્મિક પુસ્તકો છે તેમાંથી સારા વાક્યો લખી લઉં છું. સામેના બંગલામાંથી દીપ્તિ વાંચવા આપે છે આખો દિવસ શું કરું? પતિ બરાડ્યા કામબામ છોડાવી દે આટલા રૂપિયા આપું છું ઘરમાં કામ નથી.' તે જતાં રહ્યાં. હું ખૂબ રડી પુસ્તકો જોઈ વળી પાછું દુઃખ ભૂલી ગઈ. પુસ્તકો મારાં સાથી બની ગયા. હું લખવા લાગી નવલિકા, ચરિત્રો, કવિતા વિ. દીપ્તિના સરનામે મોકલતી. મેગેઝીન દૈનિક પૂર્તિમાં મારું ફક્ત નામ જ લખતી. મારી કલમ ચાલવા લાગી. કૃતિ સ્વીકૃત થઈ હોય તો મેગેઝીન દિપ્તી આપી જતી. મને ખૂબ આનંદ થતો. મારું નામ વારંવાર વાંચતી મારા નામ ઉપર હાથ ફેરવતી હું સ્વંયને પ્રેમ કરતી થઈ ગઈ.

મોટો જિજ્ઞેશ કિશોર બની ગયો. પતિ બાળકોને પ્રેમ કરતા પણ, હું તેમના માટે નકામી વસ્તુ ઘરમાં પડી રહી હોય તેમ મને લાગતું. મને મુકેશ તરફ નફરત થવા લાગી, મન ઊઠી ગયું. પરણ્યા ત્યારથી મને તેમના તરફથી અંદરથી તો પ્રેમ, હતો જ નહીં. હું પત્ની તરીકેની ફરજ બજાવતી. રાત્રે તેમનો સ્પર્શ ડંખ મારતો હોય તેમ લાગતું તેમના માટે હું માત્ર 'સ્ત્રી' જ હતી. પાંચ વરસમાં ત્રણ બાળકો. મુકેશ ઘરમાં આવે તે મને છાતીમાં ભાર થવા લાગતો. ઘર બહાર જાયને હળવાશ લાગે. કાગળ, પેન મારું જીવન બની ગયું. મને દુનિયાભરનો આનંદ મળી ગયો હોય તેમ લાગતું. મુકેશ નશો કરવા લાગ્યા. હું બોલું તો માર પડતો. બાળકો રડતા તે વધારે ને વધારે નશો કરવા લાગ્યા. મારા ઉપર ગાળોનો વરસાદ, મા-બાપને ગાળો, માર સહન કરતી ગઈ. સંપત્તિ નશામાં વપરાવા લાગી. ધંધામાં ખોટ ગઈ. બધું વેચાવા લાગ્યું. હું બોલી શકતી નહીં. અચાનક મુકેશની તબિયત ખૂબ બગડી હોસ્પિટલમાં દાખલ કર્યા.

કેન્સર છેલ્લા સ્ટેજનું હતું. શું કરવું? મારું દુઃખ કોઈને દેખાતું ન હતું. સંપત્તિમાં માત્ર બંગલો, થોડા કપડાં રહ્યા. દવામાં ખર્ચ વધવા લાગ્યો. બંગલો વેચી દવા કરાવવા લાગી. ભાડે મકાન લીધું. સ્કૂલમાંથી બાળકોને ઉઠાડી લીધા. ફી વગર ડોક્ટરે કહી દીધું આ માણસ વધુ સમય નહીં કાઢે છતાં હું નફરત ભૂલી સેવા કરવા લાગી રાત દિવસ દોડા કરતી. મારું દુઃખ વધતું જ ગયું. મારા વાંચવામાં આવતું કે દુઃખ પછી સુખ આવે છે. પણ મારે તો દુઃખ પાછળ સુખ સંતાઈ ગયું છે લગ્ન પછી. પત્નીધર્મ બજાવવા લાગી. તે એક દિવસ હોસ્પિટલમાં મુકેશ મારા નામની બૂમ પાડી બોલ્યા, 'મને માફ કરી દે દીના. તને ખૂબ જ દુઃખ આપ્યું છે છતાં તું... હું ભાગ્યશાળી તારા જેવી આદર્શ પત્ની મળી તું કમનસીબ મારા જેવો પતિ મળ્યો. મને માફ કરી... દે.' આમ કહેતા તેમનો પ્રાણ ચાલ્યો ગયો. પતિએ જતાં જતાં મને આદર્શ પત્નીનો એવોર્ડ આપ્યો. એક દિવસ મુકેશના નજીકના મિત્ર મળવા આવ્યા. મેં કદી જોયેલા નહીં. તે બોલ્યા, 'ભાભી, મને મુકેશના વર્તનની બધી ખબર છે તે જીવ્યા ત્યાં સુધી તમારા પર ધણીપણું દેખાડ્યું છે. તેમને લગ્ન પહેલાં એક ધનાઢ્ય યુવતીની સાથે પ્રેમ હતો. પરણવાના હતા પણ તે યુવતી બીજે પરણી ગઈ ને તેમને આઘાત લાગ્યો. સ્ત્રી જાત તરફ વેર વાળવાનું નક્કી કર્યું ને તેમને થયું બધી સ્ત્રીઓ આવી હશે. તેમના માતા-પિતાના કહેવાથી તમારી સાથે લગ્ન કર્યા ને તમને... હવે તમે તમારી જિંદગી જીવી લો. તમે સ્વતંત્ર છો.'

ઘર ખાલી કરી પિયર આવી. આવો હતો મારો ભૂતકાળ. રોજ સવારે નીકળી જતી. સાંજે આવતી. મોટો જિજ્ઞેશ ભાઈની દુકાનમાં ધંધે લાગી ગયો. હિરલ, નાનકો ભણવા બેસાડ્યા. મારો ખર્ચ નીકળી જતો. એક દિવસ કચ્છ જિલ્લામાંથી નવા શિક્ષક મારી શાળામાં ભરતી થયા. તેમનું નામ જાણ્યું કૃષ્ણકાંત દેખાવમાં પ્રતિભાશાળી. સેવાભાવી, મીઠી વાણી, પ્રૌઢાવસ્થાએ પહોંચેલા પણ ઉત્સાહી ખૂબ હતા.

મેં થોડા દિવસ પછી તેમની સાથે વાતચીતનો પ્રયત્ન કર્યો. સાહેબ 'આપના પરિવાર સાથે છો કે?' તેઓ તુરત બોલ્યા 'હું એકલો છું' પરણ્યા પછી પાંચ વર્ષમાં પત્ની ગુજરી ગઈ. હવે લગ્ન કરવાનું મન નથી થતું. હું બધું કામ જાતે કરી લઉં છું. પણ તમે તમારી વાત જ નથી કરતાં? હું બોલી 'પછી કોઈકવાર, મારે મોડું થાય છે.' મેં વાત કાપીને ચાલવા લાગી. રાત્રે ખૂબ વિચારો આવતા મારું ભવિષ્ય કેવું હશે એકલી તો નહીં પડી જાઉંને! ત્રણ મહિના પછી એક દિવસ કૃષ્ણકાંત કહે, 'આજે તમારાં વિશે જાણીને જ રહીશ.' મેં મારો ભૂતકાળ ટૂંકમાં જણાવ્યો. આમને આમ અમારું મળવાનું વધતું ગયું અને તેમને જોયા વગર ચેન પડતું નહીં. રાત્રે પણ તેમના વિચારો આવતા. કેવા સરસ સ્વભાવના છે, ને મુકેશ! દેખાવે પણ ગમી જાય તેવા મને ઊંડે ઊંડે થયા કરતું ક્યાંક તેમને પ્રેમ તો નથી કરતી ને! મારી અધૂરી જિંદગીમાં જાણે પ્રેમની વસંત ખાલી ઊઠી. કૃષ્ણકાંતને મારા તરફ કેવા ભાવ છે તે હું જાણતી નથી છતાં તેમના તરફ ખેંચાઈ રહી હતી. હું આનંદમાં રહેવા લાગી. મારી કલમ ફરી લખવા લાગી. મારી ભાવના કવિતામાં રેડતી થઈ. શાળામાં બધા અમને શંકાની નજરે જોતાં અમને ખબર હતી. હવે મને જાણે હિંમત આવી ગઈ હતી.

કૃષ્ણકાંત મારા કામમાં મદદરૂપ થતાં મને આનંદમાં રાખવાનો પ્રયત્ન કરતાં. શનિવારની અડધી રજામાં બાજુના શહેરમાં જતાં, હોટેલમાં, બગીચામાં જતાં વાતો કરતાં. કૃષ્ણકાંત મને ક્યારેય સ્પર્શ કરતા નહીં. જિજ્ઞેશના લગ્ન થઈ ગયા.

કૃષ્ણકાંત મારા કામમાં મદદરૂપ થતાં મને આનંદમાં રાખવાનો પ્રયત્ન કરતાં. શનિવારની અડધી રજામાં બાજુના શહેરમાં જતાં, હોટેલમાં, બગીચામાં જતાં ખૂબ વાતો કરતાં. કૃષ્ણકાંત મને ક્યારેય સ્પર્શ કરતા નહીં. જિજ્ઞેશના લગ્ન થઈ ગયા. બધા કૃષ્ણકાંત વિશે પૂછતાં તો કહેતી સાથે શાળામાં છીએ. કેટલીય વિધવાઓ આશાઓ કચડી કચડીને જુવાનીમાં ઘરડી થઈ જાય છે. આમને આમ મારા બે વર્ષ નીકળી ગયા.

હું ને કૃષ્ણકાંત એક દિવસ બહાર ગયા હતા. અમને કોઈ સગાએ જોઈ લીધા. હું ડરી ગઈ. કૃષ્ણકાંત કહે 'ડરવાની જરૂર નથી આપણે પવિત્ર છીએ. આપણને સહારાની જરૂર છે. હવે જમાનો બહુ બદલાયો છે.' મેં કહ્યું, 'આ વાત મારાથી વિચારાય પણ નહીં મારા સંતાનો મને રાખે નહીં. સમાજ આ લગ્ન સ્વીકારે પણ નહીં.'

અમે છૂટા પડ્યા સાંજે ઘેર આવી મારા પર મારા સંતાનો વરસી પડ્યા તમને શરમ છે કે નહીં? આ ઉંમરે પરપુરુષ સાથે ફરે છે અમારી આબરૂ જાય છે! હું રડી પડી.

બીજા દિવસે કૃષ્ણકાંતને વાત કરી. તેમણે કહ્યું, 'ચાલો આપણે જતા રહીએ તમને કોઈ તકલીફ નહીં પડે મારો પ્રેમ નિઃસ્વાર્થ રહેશે. આમ ને આમ બે ત્રણ મહિના પસાર થઈ ગયા. એક દિવસ જિજ્ઞેશે કહ્યું, તું નોકરી છોડી દે ને તે પુરુષને પણ છોડી દે. હું કમાઉં છું અમારે સમાજમાં આબરૂ છે.' મેં કહ્યું 'તને આબરૂ વ્હાલી છે મા નહીં! હું બીજે બદલી કરાવી લઈશ.' થોડા મહિનામાં દીકરો વહુ બીજે રહેવા જતાં રહ્યાં.

એક દિવસ કૃષ્ણકાંત, 'મારે ભૂજ જવું પડશે. મારી બા માંદા છે. પછી તમને અહીં કોઈ મેણાં નહીં મારે. તમને દુઃખ પડે તેવું નહીં કરું. મારી બદલી ભૂજ કરાવી લઈશ મારો ફોન નંબર અને સરનામું. ગમે ત્યારે જરૂર પડે, કોઈ સાથ ન આપે ત્યારે આવી જજો દિલથી સ્વીકારીશ, કાયમ માટે!' આમ કહી કૃષ્ણકાંત બીજે દિવસે જતા રહ્યા. હું પાછી અધૂરી રહી ગઈ. આ અમારો પ્રેમ હતો કે સાથીનો ઝુરાપો? શું નામ આપવું આ સંબંધનું?

મેં નાના ગામમાં બદલી કરાવી લીધી. કૃષ્ણકાંત યાદ આવતા. ફોન કરતી છાનીમાની. તેઓ ત્યાં આવવાનું આમંત્રણ આપતા. મારા માતા-પિતા મૃત્યુ પામતા હું જાણે અંધારા ઓરડામાં પ્રકાશ શોધવા મથતી. ત્રણ ચાર વર્ષ પસાર થઈ ગયા. કાગળ કલમ મારું જીવન બની ગયા.

મારા પુરસ્કાર મને પ્રોત્સાહન આપતાં. મને બધાં શંકાની નજરે જોતાં મને જાણે એવું થતું કે સ્ત્રીનો અવતાર જાણે પતિ અને સંતાનો માટે હોય તેવું લાગતું. પરણ્યા પછી મારું જીવન રડતાં રડતાં જ ગુજર્યું છે, શાળામાં ગમતું નહીં રાત પડે તે ભૂતકાળના બારણાં આપોઆપ ખૂલી જાય ને દૃશ્યો જોયા કરું. હું વાર્તા વાંચી ખૂબ રડી. દીનાના નામ પર હાથ ફેરવી લીધો. બીજું નાનું કવર તેમાં પુરસ્કારનો ચેક હતો. તેણે લખ્યું હતું શાળાને ચેક અર્પણ કરી દેજે. સાથેનો કાગળ વાંચવા લાગી 'કેવી લાગી મારી વાર્તા? મારા જીવનની આ વાર્તા છે. મારી જિંદગીનો નિચોડ છે તે કોઈને પણ ન કહીશ. બાળકોને અને તને પ્યાર. તારી સખી દીના.' કાગળ પૂરો કર્યો મને નવાઈ લાગી મને ક્યારેય કશી વાત કરતી નહીં તેનું રહસ્ય સમજાયું. મને તેના પ્રત્યે ખૂબ માન થયું. આટલા વરસો આવી રીતે

કાઢ્યા! આમને આમ ઘણાં દિવસો પસાર થઈ ગયા.

ને એક દિવસ અચાનક સવારમાં દીના સામાન સાથે આવી મને કહે 'ઘરની ચાવી આપ.' તેને જોઈને મને નવાઈ લાગી. આમ અચાનક! તેણે સાડી આછા રંગની પહેરી હતી. બંગડી પહેરી ન હતી. ચાંલ્લો ન હતો. મેં કહ્યું, 'અંદર તો આવ. પછી જજે!' તે અંદર આવી બેઠી મેં પાણી આપ્યું. હું બોલી, 'તું ભૂજ ગઈ હતી?' તેણે જવાબ આપ્યો 'ના હરિદ્વાર.' તું ખોટું બોલે છે? હું બોલી, તે એકદમ મારા ખભા પર માથું મૂકી રડવા લાગી. તે બોલી, 'હું જે દિવસે, જવાની હતી તે દિવસે ભૂજથી હોસ્પિટલમાંથી ફોન હતો. મને બોલાવી હતી. એટલે મેં અચાનક જવાનું નક્કી કરી લીધું. મને થયું, હવે હું ત્યાં જ રહી જઈશ. મારું નસીબ કાયમ આગળ થઈ જાય છે, હું ચાલુ તે પહેલાં! હું ભૂજની હોસ્પિટલમાં ગઈ કૃષ્ણકાંતને અકસ્માત થયો હતો ગંભીર હતા જાણે મને જોવા માટે જીવી રહ્યા હતાં તેવું લાગ્યું. મારો હાથ પકડી બોલ્યા. 'આપણે અધૂરાં રહ્યાં. તમારો સાચો સાથી તમારી સાથે છે કલમ ને કાગળ…' આમ બોલી તેમણે પ્રાણ ત્યાગ દીધો. હું સૂનમૂન બની ગઈ બે દિવસ પછી હરિદ્વાર ગઈ તેમની વિધિ કરાવી. હું અહીં આવી હું સાચી વિધવા બની ગઈ બીજી વારની! મારે જરૂર હતી તે રહ્યા નહીં. મારી તડપ અધૂરી જ રહી! અધૂરીને અધૂરી જ રહી…' દીના રડી પણ શકી નહીં! કોને રડવાનું નસીબને કે અધૂરી તડપને! રડવા માટે આંખમાં આંસુ રહ્યા ન હતા! તેના હૃદયનો ઝુરાપો જાણે અંદર જ રડી હોય તેમ લાગ્યું. **મ**

---

# દ્રુત સંવાદ

## અનુવાદ પ્રતિષ્ઠાનનો પ્રથમ અનૂદિત પુસ્તક-મેળો

આ અનોખો અનૂદિત પુસ્તક-મેળાનો પ્રકલ્પ અનુવાદ પ્રતિષ્ઠાન, ગુજરાત સાહિત્ય અકાદમી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ગુજરાત પ્રકાશક મંડળના સહયોગમાં આકારિત થયો. ગૂજરાત વિદ્યાપીઠના કુલસચિવશ્રી ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણીનું વિશેષ માર્ગદર્શન અને યોગદાન સાથે તાઃ ૨૨થી ૨૬ ઓગસ્ટ દરમિયાન યોજાયો હતો. એમાં ૩૦ જેટલા પ્રકાશકોએ ૨૦થી વધુ ભાષાઓ અને ૨૦૦૦થી વધુ પુસ્તકો વેચાણાર્થે મૂકેલાં. આ પુસ્તક-મેળો તેમાં યોજવામાં આવેલા વિવિધ કાર્યક્રમોના કારણે માત્ર પુસ્તકના વેચાણ પૂરતો સીમિત ના રહેતાં એક સાહિત્યિક ઘટના બની ગયો. દરરોજ અનૂદિત પુસ્તક પરિચયનો વિશિષ્ટ આસ્વાદલક્ષી કાર્યક્રમ અને અનુવાદની સમસ્યાઓ અંગે ચર્ચા વિમર્શ થયો હતો, જેમાં ૧૭ જેટલાં પ્રતિષ્ઠિત લેખકો તથા અનુવાદકોએ ભાગ લીધો.

સમારંભમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયકશ્રી સુદર્શનભાઈ આયંગારના સ્વાગત પ્રવચન બાદ ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ કહેલું કે અનુવાદ તો એક શીશીમાંથી અત્તરને બીજી શીશીમાં ભરવાની ક્રિયા છે. મેયરશ્રી અસિતભાઈ વોરાએ ખાતરી આપેલી કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો સહકાર આ પ્રવૃત્તિમાં નિરંતર મળતો રહેશે. રાજયના રમતગમત, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવ શ્રી ભાગ્યેશભાઈ જહાએ અનુવાદ અને અનૂદિત પુસ્તક-મેળાના વિશિષ્ટ વિચારને આવકારી આનંદ વ્યક્ત કર્યો હતો.

અધ્યક્ષીય ઉદબોધનમાં શ્રી નારાયણભાઈ દેસાઈએ અનુવાદ પ્રતિષ્ઠાન તેમણે શરૂ કર્યુ, તેની પાછળના ઉદ્દેશો વિશે વાત કરી, બીજી ભારતીય ભાષાઓની ઉત્તમ કૃતિઓ ગુજરાતીમાં લાવી વાચન-સામગ્રી સમૃદ્ધ કરવાનું કાર્ય અનુવાદ પ્રતિષ્ઠાન કરશે તેવું તેમણે જણાવ્યું હતું. અંતે સાહિત્ય પરિષદના મહામંત્રીશ્રી રાજેન્દ્ર પટેલે સૌ પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. પાંચે પાંચ દિવસ લોકોનો ધસારો રહ્યો અને અંદાજે કુલ પોણા ચાર લાખની કિંમતના પુસ્તકોનું વેચાણ થયું.સાંજના અનૂદિત પુસ્તક પરિચયના કાર્યક્રમની ફળશ્રુતિ એ રહી કે, શ્રોતા ખાસ એ કૃતિ ખરીદતા જોવા મળ્યા. રૂ. ૫૦૦ કે તેથી વધુ કિંમતનું દળદાર પુસ્તક હોય કે પછી રૂ.૧૦ની પુસ્તિકા હોય, દરેક પ્રકાર અને વિવિધ ભાષાનાં અનૂદિત પુસ્તકો લોકોએ રસપૂર્વક ખરીદ્યાં.

## કાવ્યકૃતિ માટે નિમંત્રણ

મહેશ સપનાવાલાના સૌજન્યથી વાત્સલ્યમૂર્તિ માની વિવિધ છબીઓનું નિરૂપણ કરતાં ગીત, ગઝલ, સોનેટ, મુક્તક, લઘુકાવ્ય કે અછાંદસ જેવા કોઈ પણ સ્વરૂપમાં રચાયેલાં કાવ્યોના સંકલન માટે કવિ મિત્રો પોતાની રચના હસમુખ શાહ 'બેઝાર'ને ૧૦૧, મધુવન એવન્યૂ, પ્રજાપતિ પાર્ક પાસે, ડો. જીવરાજ મહેતા હોસ્પિટલ માર્ગ, વાસણા, અમદાવાદ ૩૮૦૦ ૦૭ના સરનામે મોકલી આપવા નિમંત્રણ છે.

**સંકલનઃ છાયા ત્રિવેદી**

(કાર્યક્રમનું સંચાલન અનુવાદ પ્રતિષ્ઠાનનાં રાષ્ટ્રીય સંયોજક છાયા ત્રિવેદીએ કર્યુ હતું.-સં.)

**દ્રુત સંવાદ માટે ઈજન : હવેથી 'મમતા–માં સાહિત્યિક, સાંસ્કૃતિક, કળાકીય પ્રવૃત્તિઓના સમાચાર કે અહેવાલ તથા ફોટોગ્રાફ્સ પ્રકટ કરીશું. મોકલવાનું સરનામુંઃ ઈમેઇલઃ mamatasamvad@gmail.com**

તરુણ આહલપરા

# રમણને રાધિકા મળી ગઇ



હું રાજકોટની એક હોસ્પિટલના રેડિયોલોજી વિભાગમાં ફરજ બજાવું છું. ઉપરાંત એમ. બી.એ.માં તેમજ બી.સી.સી.આઇ. ક્રિકેટ અમ્પાયર લેવલ-વનનો અભ્યાસ કરું છું અને તેની પરીક્ષા આપું છું. મને વાર્તા લખવાનો શોખ છે.

**શ્રી પવનતનય**
**પ્લોટ નં. ૬૫, શેરી નં. ૩,**
**વિમલનગર, યુનિ, રોડ,**
**રાજકોટ - ૩૬૦ ૦૦૫**
**મો. ૮૧૪૧૦ ૦૮૯૦૮**
**ફો. ૦૨૮૧ ૨૫૬૧૦૫૧**

અને રમણ ડોક્ટર મિત્ર માધવે યોજેલા કાર્યક્રમમાં ગયો. શહેરમાં કેટલાય સમારંભો યોજાઇ ગયેલા. સાંસ્કૃતિક, સાહિત્યિક, સામાજિક પ્રવૃત્તિથી શહેર ધમધમું રહેતું. સમગ્ર શહેરની સરખામણીમાં શહેરની આ પ્રવૃતિ પ્રશંસનીય હતી. એકવાર તો શહેરને ખરેખર ધન્યવાદ આપવા ઘટે એવી એક પ્રવૃત્તિનું આયોજન હાથ ધરાયું હતું. શહેરના યુવાન પ્રતિભાશાળી ડોકટર માધવ અને તેના પત્ની રાધા શહેરના તમામ ડોકટર કરતાં સુખી, સંતોષી અને આનંદી હતાં. ભોળા દર્દીઓને લૂંટીને પૈસો એકઠો કરવાની તેમની નેમ ન હતી. ઇશ્વરે સર્જેલી સૃષ્ટિમાં સમય પ્રકૃતિ, માનવ વગેરેને જોઇ ડોકટર માધવ અને રાધા ખુશ-ખુશ થતાં અને માણતા હતાં.

ડોકટર માધવે અંગત રીતે રસ લઇ શહેરના વૃદ્ધાશ્રમમાં રહેતાં વૃદ્ધોની મુલાકાત લઇ તમામ વૃદ્ધોનું સન્માન કરવાનું સ્વપ્ન સેવ્યું હતું. તે આજે સાકાર થવાનું હતું. વૃદ્ધાશ્રમના વૃદ્ધોને પોતાના ઘર આંગણે બોલાવી, તેમના ચરણ ધોઇ, શાલ - ઓઢાડી અને ભોજન કરાવી સન્માન કરવાનો ભવ્ય સમારોહ યોજયો હતો.

ડોકટર માધવ શહેરના હાર્દ સમા વિસ્તારમાં રહેતા હતાં. નાનકડો પણ વિશાળ બગીચાવાળો બંગલો ધરાવતા ડોકટર માધવ અને રાધાને હરિયાળું વાતાવરણ બહુ જ ગમતું હતું. વિશાળ જગ્યામાં મંડપ સુશોભિત રીતે ગોઠવવામાં આવ્યો હતો. મંડપની નીચે વૃદ્ધાશ્રમના સભ્યો માટે સા એક ખુરશીઓ મૂકવામાં આવી હતી. મંચ પર પ્રાસાદિક રીતે સજાવવામાં આવ્યું હતું. ધૂપસળીનો પમરાટ ધીમો-ધીમો પ્રસરી રહ્યો હતો. જૂના ભજનોની કેસેટના સૂર રેલાઇ રહ્યાં હતાં. સમારંભના અધ્યક્ષ સ્થાને કોઇ જાણીતા કવિ, લેખક, ડોકટર, ચિંતક નહીં પણ રાજપરા ગામના એક આદર્શ શિક્ષકને જ્યારે આ સમારંભમાં અધ્યક્ષ સ્થાને આવવાનું આમંત્રણ મળ્યું, ત્યારે તે ઘડીભર તો નિર્ણય ન લઇ શક્યા. તેને થયું કે, આવડા મોટા સમારંભમાં મારાં જેવા સામાન્ય માણસને આટલું મોટું સ્થાન આપવામાં આવે એ મારાં માટે વધુ પડતું છે. પરંતુ ડોકટર માધવે રાજપરાના એ નિવૃત્ત આદર્શ શિક્ષક શ્રી પ્રજારામભાઇને યોગ્ય રીતે જ અધ્યક્ષ સ્થાને પસંદ કર્યા હતાં. 'બાકી હું તને હાર પહેરાવું અને તું મને હાર પહેરાવ' એવા દેખાવમાં ડોકટર માધવ માનતા ન હતા.

સાંજના સાતેક વાગવા આવ્યા હતાં. સમારંભ સાડા સાતે શરૂ થવાનો હતો. ઘર આંગણે સાકાર થઇ રહેલાં આ સપનાથી ડોકટર માધવ અને રાધા ખૂબ જ આનંદમાં દેખાતા હતાં. સમારંભમાં શહેરના વૃદ્ધાશ્રમના વૃદ્ધો ધીમે-ધીમે આવી રહ્યા હતાં. કોઇના હાથમાં લાકડી હતી તો કોઇ શરીરથી વાંકા વળી ગયેલા દેખાતા હતાં. ઘણાં વૃદ્ધોમાં તો સ્ફૂર્તિનો સંચાર સ્પષ્ટપણે દેખાઇ આવતો હતો. જીવનમાં ઘણું બધું મેળવ્યા પછી પણ કેટલુંક ગુમાવ્યાનો વસવસો વૃદ્ધોના ચહેરા પર વંચાતો હતો. જો કે આજના આ સમારંભના આયોજનથી લગભગ બધાં જ વૃદ્ધો આશ્ચર્યચકિત થઇ ગયાં હતાં. સૌ

વૃદ્ધોને થતું હતું કે, આટલી જિંદગીમાં માન ન મળ્યું તો હવે સન્માન મેળવીને શું કામ છે? પણ ડોકટર માધવે તમામ વૃદ્ધોને પોતાની વાત ગળે ઉતારીને પછી જ વૃદ્ધોના સન્માન સમારંભનું આયોજન હાથ ધર્યું હતું. ઘેર લગ્ન પ્રસંગ હોય તેમાં જેટલો આનંદ હોય, તેનાં કરતાં વધારે આનંદ ડોકટર માધવ અને તેમના પત્ની શ્રીમતી રાધાને હતો. બંનેની જિંદગીનો સૌથી સુંદર દિવસ આજે પરિતૃપ્તિની ઓઢણી ઓઢીને આવી ગયો હતો. ડોકટર માધવ અને ડોકટર રાધા પ્રત્યેક વૃદ્ધોને હૃદયથી આવકાર આપી રહ્યાં હતાં. અતિશય વૃદ્ધોના હૃદયમાંથી આશીર્વાદની અને શુભેચ્છાઓની સરવાણીથી ડોકટર માધવ અને રાધા ભીંજાઇ રહ્યાં હતાં.

જીવનની તૂટતી કડીને શોધતા મનુષ્યને મનુષ્યના હૃદયના ખરાં આશીર્વાદ મળી જાય છે, ત્યારે કરોડા રૂપિયા પણ તેની સામે વામણા દેખાતા હોય છે. લગભગ બધાં જ વૃદ્ધ મહેમાનો આવી ગયાં. વાતાવરણની પ્રાસાદિકતા તો અનેરી હતી. રાજપરાના આદર્શ નિવૃત શિક્ષક અને સમારંભના અધ્યક્ષ શ્રી પ્રજારામભાઇ મંચ ઉપર આવી ગયા. પ્રજારામભાઇ આવું સરસ વાતાવરણ અને આયોજન જોઇ ઘડીભર તો આવાક્ થઇ ગયા મનોમન તેમણે ડોકટર માધવ અને રાધાને આશીર્વાદ આપ્યાં. પ્રજારામભાઇને તેનો ભૂતકાળ યાદ આવી ગયો. એક તરફથી પ્રસન્નતા અને બીજી બાજુ પોતાના જીવનમાં બની ગયેલી કરૂણ ઘટના નજર સમક્ષ તરવરવા લાગી. મંડપ નીચે બેઠેલા વૃદ્ધોને જોઇ પ્રજારામભાઇને ઘણું બધું યાદ આવી ગયું. પોતાની પત્ની, પુત્રી, પુત્રો અને એવું તો ઘણું પ્રજારામભાઇએ જોઇ લીધું. મંડપમાં બેઠેલા વૃદ્ધો પણ વિચારતા હતાં કે, કાર્યક્રમના અધ્યક્ષ કેટલાં સાદા અને ભલા માણસ દેખાય છે! ખૂબ જ સુખી માણસ હશે. એમ સૌ વૃદ્ધો અનુભવવા લાગ્યાં.

ડોકટર રાધાએ પોતાના મધુર અવાજથી પ્રાર્થના ગીત ગાઇને કાર્યક્રમની શરૂઆત કરી. ત્યારબાદ ડોકટર માધવે સૌને આવકાર્યા અને આ સમારંભ શા માટે યોજાયો છે, તેના વિષે પ્રાસંગિક પ્રવચન કરતા જણાવ્યું:

‘મારાં પિતાતુલ્ય અને માતાતુલ્ય આદરણીય મહાનુભાવો આપ સૌને મારા પ્રણામ. આપ સૌને થયું તો હશે જ કે, કાર્યક્રમો તો બીજા પણ થઇ શકે. પણ ઘર આંગણે બોલાવીને વૃદ્ધોનું સન્માન કરવાનું શું જરૂરી છે? પરંતુ મેં આપ સૌને માત્ર સન્માનવા માટે જ નથી બોલાવ્યા. આપનો પ્રેમ પ્રાપ્ત કરવા, આશીર્વાદ મેળવવા અને આપની સાથે થોડીવાર રહેવા બોલાવ્યા છે. આ સમારંભનો મારે પ્રચાર કરવો નથી. છાને ખૂણે આપના પગ ધોઇ, સન્માન કરી જીવન જિવ્યાનો લ્હાવો લેવો છે. આપ સૌના સન્માન કરીને હું દંભ કરવા નથી માગતો,



ડોક્ટર માધવે સાડત્રીસ વર્ષથી સાચવી રાખેલી વેદનાની મૂડી છૂટી તો મૂકી દીધી પછી તેનાથી રહેવાયું નહીં. મંડપ નીચે બેઠેલાં વૃદ્ધ દંપતીઓ તો માધવની વિતકકથા સાંભળી ગમગીન થઇ ગયાં. અંદરોઅંદર બધાં વાતો કરતાં હતાં.

પણ મારાં બચપણને યાદ કરવા માગું છું. પાંત્રીસેક વર્ષ પહેલાની વાત છે. ચોમાસાની ઋતુ, મારી ઉંમર પાંચ-સાત વર્ષની હશે. શેતરુંજી નદીના હેઠવાસનાં નાનકડાં ગામમાં અમારું ઘર. મને સાંભરે છે ત્યાં સુધી મારાં પિતાજી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. ભયંકર વાવાઝોડું થયેલું. શેતરુંજી નદી ગાંડી થઇ હતી. બારે મેઘ ખાંગા થયેલાં. અમારું ગામ ખાલી કરવાની જાહેરાત થાય તે પહેલાં તો ભયંકર અજગરરૂપી વાવાઝોડાએ અમારા ગામનો ભરડો લઇ લીધેલો. પિતાજી શાળાએ હતા ઘરમાં હું, મારી માતા અને નાની બહેન જ હતાં. આખા ગામમાં પાણી ફરી વળ્યું. મને ખુદને ખબર નહોતી કે, મારી માતા અને બહેન ક્યાં ગયાં? પાણીના પ્રચંડ પૂરમાં બધાં જ તણાઇ ગયાં હતાં. હું તો મારાં ગામથી એકાદ ગાઉ દૂર ફેંકાઇ ગયો હતો. એક વિશાળ વડલો જડમૂળમાંથી નીકળીને જમીનદોસ્ત થઇ ગયો હતો. તેની નીચે હું આબાદ રીતે બચી જવા પામ્યો હતો. વરસાદ, તોફાન રહી ગયાં પછી મને કોણ ત્યાંથી લઇ ગયું? તેની પણ મને ખબર રહી નહોતી. જ્યારે મને ખબર પડી ત્યારે હું બાલાશ્રમમાં હતો. હું તો સંજોગોને આધીન બાલાશ્રમમાં આવ્યો હતો. પણ મારાં જેવાં કેટલાંક માસૂમ બાળકોય સાથે હતાં. પરિસ્થિતિને બાળકોની પણ દયા નથી આવતી. એ બાલાશ્રમના નિર્દોષ બાળકોના ચહેરા ઉપરથી દેખાઇ આવતું હતું. આપ સૌને થતું હશે કે, પાંચ - સાત વર્ષની ઉંમરમાં આ બધું બન્યું, તો તમને કેવી રીતે યાદ હોય? ડોકટર માધવે સાડત્રીસ વર્ષથી સાચવી રાખેલી વેદનાની મૂડી છૂટી મૂકતાં તો મૂકી દીધી પણ પછી તેનાથી રહેવાયું નહીં. મંડપ નીચે બેઠેલાં વૃદ્ધો અને વૃદ્ધ દંપતીઓ તો માધવની વિતકકથા સાંભળી ગમગીન થઇ ગયાં. અંદરોઅંદર બધાં વાતો કરતાં હતાંઃ

'ઇશ્વર આવા સારા સંતાન સાથે ક્રૂર રીતે શા માટે વર્તતા હશે?

રમણ પણ રડી પડ્યો અને ડોકટર માધવને મળ્યા વિના જ સમારંભ છોડી ચાલ્યો ગયો હતો.

●●●

ઘંટ વાગ્યો શાળામાં છેલ્લો તાસ બાકી હતો. ઉછળતી, કુદતી રાધિકા રમણના ચિત્ર વર્ગનાં દરવાજા પાછળ સંતાઇ ગઇ અને ધીમેથી બોલી :

'રમણ, ગુડ ઇવનિંગ!'

અને પછી બોલતી અટકી ગઇ. રમણ સફાળો ઊભો થઇ ગયો. હાથમાં રહેલી પીંછી ઊડી. રંગ ઢોળાયા, ચિત્ર ભીંજાઇ ગયું. બધું વેરવિખેર.

દોડતી - કુદતી, હાંફતી અને એકવીસ અલબેલી વસંત વટાવી ચૂકેલી દેખાવડી રાધિકા, રમણના ચિત્રવર્ગના દરવાજે ઊભી હતી!

'મને માફ કરો રમણકાન્ત સર!'

રાધિકાએ પોતાની લાક્ષણિક અદામાં નમ્રતાથી ચિત્ર-શિક્ષક રમણની માફી માગી.

પચ્ચીસ વર્ષાઋતુ પી ગયેલા રમણનો ગ્રીષ્મ જેવો ગુસ્સો રાધિકાને જોતા જ હેમંત માફક થીજી ગયો.

ફૂલો ખીલે એમ રાધિકા, રમણના ચિત્રોને જોઇ ખીલવા માંડી. બંને વચ્ચે મૈત્રીની શરદ શોભતી હતી. સંબંધો હવે ધીમે ધીમે છતાં મક્કમ રીતે સમૃદ્ધ સ્નેહમાં પરિણમતાં હતાં. રાધિકા ઉચ્ચ મધ્યમ વર્ગના માતા-પિતાની દીકરી હતી છતાં મનગમતી નોકરી કરી પોતાના પગ ઉપર નિર્ભર થવાની તેની પ્રબળ ઇચ્છા હતી.

માતા - પિતાની મરજીથી રાધિકાને રમણની જ શાળામાં કમ્પ્યૂટર ઓપરેટરની નોકરી મળી ગઇ. બંનેના સોના જેવા હૃદયમાં સુગંધ ભળી હતી.

'રાધિકા, ચાકડા ઉપર, નિંભાડાના માટીના પાત્રોને પકવતાં અને ગારાને ખુંદતા આ પથ્થર દિલને તે મલોખા જેવો મુલાયમ બનાવી દીધો છે.'

'રમણ, હું પણ તારા સર્જનાત્મક પડકારને સલામ કરું છું. સ્નેહની નદી આંખમાં ભરી હું તારામાં સદાય ખળખળ વહેવા ઇચ્છું છું. બહારથી તું ભલે પથ્થર જેવો દેખાય છે, પણ તારું હૈયું મખમલ જેવું છે.'

'કુદરત કેવો દયાળુ છે, રાધિકા! મારે તારી વાટ ન જોવી પડી ને તું મને મળી ગઇ. વીજળીની જેમ તું મારાં જીવનમાં ઝબકી અને હું ધબકારો ચૂકી ગયો હતો. તું તારા કૃષ્ણની ખરા અર્થમાં રાધિકા બની ગઇ!'

'રમણ, જિંદગી એટલે દાખલો ગણવાનો નહીં, ચિત્ર ચીતરવાનું એમ ચિંતક ઓલિવર વેન્ડેલે કહ્યું છે, સમજયો?'

પ્રગતિનો મધ્યાહ્ન તપતો હતો બંને બહેરા-મુંગા વિદ્યાર્થીઓની શાળામાં રોજ સાંજે બાળકોને ચિત્રો શિખવવા

જતાં હતાં. રાધિકા, રમણ સાથે સરસ ભાવનાત્મક ચર્ચા કરતા કહેતી હતી,

'રમણ, પક્ષીઓ ધર્મ, જાતિ, દેશ-વિદેશના સીમાડાથી મુક્ત હોય છે તો પછી માનવ આવા વાડા શા માટે બાંધે છે? વરસાદ બધે સરખો જ વરસે છે. તડકાનો રંગ સર્વત્ર એક જ હોય છે. મા ગોરા વાનની હોય કે ભીના તેની છાતીમાંથી ઊભરાતું ધાવણ ધોળા રંગનું જ હોય છે, તો પછી આંતકવાદીઓ, ત્રાસવાદીઓ શા માટે નિર્દોષને રહેંસી નાંખે છે?'

'રાધિકા, તારી વાત સાથે હું સહમત છું. લોહીનો રંગ લાલ જ હોય છે. કુદરતે એમાં કોઇ ભેદ રાખ્યો નથી પણ માણસ...?'

ઘરના ફળિયામાં રમણની બા ઓસડિયાં રાખતાં તે પીંજરું, જેમાં આખા વર્ષના ઘઉં ભરતાં તે પીપડાં, રસોડામાં ચૂલા પાસે સળગાવી લટકાવતાં તે ફાનસ, અનાજ દળવાનો નાનો ઘંટલો, મોટી ઘંટી, સૂંપડા, તગારા-પાવડાં, ત્રિકમ, કોદાળી પડ્યાં હતાં.

ભાવનાત્મક વાતો કરતાં-કરતાં એકાએક રમણ ઉદાસ થઇ ગયો. તેને પોતાનું ગામ કમળેજ, માતા-પિતા બધાં યાદ આવ્યાં. ગમે તેવો તો પણ મારો ભાઇ સુરેશ શું કરતો હશે? આવા વિચારો સાથે તેણે કહ્યું,

'રાધિકા, સ્કૂલમાં બે દિવસની રજા આવે છે, તો મારાં ગામ જઇ આવું એટલે મારાં જીવને શાંતિ થઇ જાય. ભાઇ ભલે સ્વાર્થી બને મારાથી સ્વાર્થી ન થવાય. મારાં ગુરુદેવે અને માતા-પિતાએ મને કહ્યું હતું કે, તું ભલે નાનો છે, પણ તારે મોટાં થઇને રહેવાનું છે.'

તે પોતાના ઘેર જવા નીકળ્યો. પોતાના વતન જવાનું હતું તેથી તે ખુશખુશાલ દેખાતો હતો. મા, માતૃભૂમિ અને ગાય રમણને બહુ જ વ્હાલી હતી. રમણ ઘેર પહોંચ્યો.

ઘરના ફળિયામાં રમણની બા જેમાં ઓસડિયાં રાખતાં તે પીંજરું, જેમાં આખા વર્ષના ઘઉં ભરતાં તે પીપડાં, રસોડામાં ચૂલા પાસે સળગાવી લટકાવતાં તે ફાનસ, અનાજ દળવાનો નાનો ઘંટલો, મોટી ઘંટી, સૂંપડા, તગારા-પાવડાં, ત્રિકમ, કોદાળી પડ્યાં હતાં. તો એક બાજુ રમણના પિતાના ઓજારોની પેટીય પડી હતી.

સુરેશે રમણને આવકાર આપવાને બદલે કડવાશથી વધાવ્યો,

'આ બધો તમાશો જોવા આવ્યો છે. આમાં તારું હવે કાંઇ નથી, સમજ્યો? આ ઘરવખરી મારે વેચી નાખવી છે. ઘરમાં નડે છે. તારે કાંઇ જોતું હોય, તો પૈસા આપીને લઇ જા.'

રમણ બોલે તો શું બોલે? માતા-પિતા ગયા પછી બીજો મોહ શેનો? મન મનાવી સુરેશ પાસેથી વિદાય લઇ ગામના આદરણીય બ્રાહ્મણ આણંદજીદાદા પાસે ગયો.

કમળેજ ગામમાં આણંદજીદાદા પૂછવા અને પૂજવાલાયક વ્યક્તિ એટલે રમણ તેમની પાસે જઇ અને રડી પડ્યો.

'અરે રમણ, હું સમજું છું દીકરા તારી પીડા. તારા મા-બાપ તો મહેરામણના મોતી હતાં અને તું તેનું સંતાન છો. સુરેશ ભલે મોટો રહ્યો પણ તારે મોટું મન રાખવાનું!'

આણંદજીદાદાના આશ્વાસન સાથે રમણ પોતાના શહેરમાં પાછો આવ્યો. ઇશ્વર સાથે મનોમન સંવાદ કરતો હતોઃ

'હે પ્રભુ! તું મારાં માટે નસીબના દરવાજા ક્યાં સુધી બંધ રાખીશ?'

રમણ લમણે હાથ દઇ બેઠો હતો, ત્યાં જ રાધિકા આવી.

'મહાશય, ફોન તો કરાયને? છાનામાના આવી જાવ છો ખબર પણ પડવા દેતા નથી. આજે રાત્રિના આપશ્રીએ મારાં ઘેર ડિનર લેવાનું છે. મારાં પપ્પા-મમ્મીએ આપને નિમંત્રણ આપ્યું છે, સમજ્યા?'

રાધિકાને હવે રમણ સિવાય બીજું દેખાતું નહોતું. રમણ રાધિકાને ત્યાં પહોંચ્યો. બધાંયે આનંદથી ભોજન લીધું. રાધિકાના પપ્પાએ રમણને કહ્યું,

'બેટા રમણ, તમે હવે વ્યવહારું બનો. તમારા પ્રત્યે વધુ ધ્યાન આપો. આજુબાજુ શું ચાલે છે, તેની તમને ખબર નથી? ભોળા, નિખાલસ ભલે બનીએ પણ અત્યારના સમયમાં કોઇ ઉપર આંધળો વિશ્વાસ ન મૂકીએ!'

'રાધિકાએ તેના પિતાને વધુ બોલતાં અટકાવ્યા. રમણ ડઘાઇ ગયો. જાણે તેનાથી કોઇ મોટી ભૂલ થઇ ગઇ હોય, તેમ નીચું મોં રાખી ઊભો રહી ગયો.

'રમણ, તમે નીચું જોવા જેવું કોઇ કામ કર્યું નથી. તમારા બે ચિત્રોની નકલ કરી અંબરે તેની સ્કૂલનાં ચિત્રવર્ગમાં મૂકી દીધાં અને પાછો રાધિકાનો હાથ માંગવા આવ્યો હતો. ક્યાં રાધિકા અને ક્યાં અંબર? રાધિકાનો હાથ તો હું રમણના હાથમાં જ સોંપવાનો છું.'

ભાગ્યનો દરવાજો ખુલતાં જ રમણના ચહેરા ઉપર ખુશીની લહેર છવાઇ ગઇ!! તેને તેના પિતાનું સોનેરી વાક્ય યાદ આવ્યું.

'એક સરખા દિવસો કોઇના જતા નથી' **મ**




*મદદનીશ ઇજનેર (સિંચાઇ ખાતું), ગુજરાત સરકાર. અખબારો, મેગેઝીનોમાં પત્ર લેખન. "અભિયાન" સાપ્તાહિકમાં ૨૨ શ્રેષ્ઠપત્ર ઇનામો. માતાપિતાને અંજલિ/શ્રાદ્ધ સ્વરૂપે વાર્તાલિખન. લઘુકથા સ્પર્ધામાં રાજ્ય સ્તરે ત્રીજા ક્રમે આવેલ.*

***દીપાંજલી-૧ સુરભી એપાર્ટમેન્ટ સામે ટીંબાવાડી, જૂનાગઢ ૩૬૨૦૧૫***
***મો. ૯૮૭૯૧ ૩૫૩૪૧***
***purohit_ajay@ymail.com***



## અજય પુરોહિત


# બોજ

નિહારની સ્કૂલના પ્રિન્સિપાલનો મારા પર ફોન આવ્યો.

''હું આદર્શ સ્કૂલના પ્રિન્સીપાલ, આચાર્યસાહેબ બોલુ છું, ભટ્ટસાહેબ મળી શકે?''

''બોલુ છું''

''ભટ્ટસાહેબ, નિહારને મોનો એકટ આપે તૈયાર કરાવેલો?''

''ના કેમ?'' હું ચમક્યો. 'નિહાર અને મોનો એક્ટ? 'મને આશ્ચર્ય થયું.'

''ના, ના...! આમ તો ખાસ કશું નહીં, પણ તેનો વિષય મને ખૂંચ્યો.''

''કેમ?'' - અણધાર્યા હવામાન પલટાની માફક મારું આશ્ચર્ય ચિંતામાં પલટાયું!

''ભટ્ટસાહેબ! તેણે વિદ્યાર્થીને બાળમજૂર દર્શાવતો મોનો એક્ટ કરેલો. વિદ્યાર્થીઓને ખૂબ મઝા પડી, પણ મને આઘાત લાગ્યો. સર! અમારી સ્કૂલનું માત્ર નામ આદર્શ નથી. મારા શિક્ષકોની આખી ટીમે આ નામ સાર્થક કર્યું છે અને એટલે જ સરકાર તરફથી અમોને શ્રેષ્ઠ સંસ્થાનું શિલ્ડ મળેલ છે.''

''નિહારના આ મોનો એકટે કદાચ અમારી સંસ્થા રાજ્યની શ્રેષ્ઠ શાળા હોવા સામે પ્રશ્નાર્થ ખડો કર્યો છે. મને એમાં બાળકોના માનસનું પ્રતિબિંબ દેખાયું, જેનો પ્રતિનિધિ નિહાર હતો. કદાચ આ અમારી નિષ્ફળતા હશે અથવા છે, પણ કુમળા બાળમાનસમાં આવી છાપ અંકિત થવી જોઈએ નહીં. ભટ્ટસાહેબ, આ સંસ્થા એકલે હાથે કરી શકે નહીં. જાગૃત વાલીઓએ પણ સહકાર આપવો જોઈએ.''

''ઓહ યસ!'' - મારા દિમાગમાં પીઠ પર પાઠ્યપુસ્તકો, ચોપડાનું બાચકું લઈ, વાંકો વળી, લાકડી લઈ ચાલતા, હાંફતા, ખાંસતા નિહાર અને ખડખડાટ હસતાં બાળકોનાં દશ્ય સર્જાયાં.

''ભટ્ટસાહેબ, મજૂરી એ બાળકો કરે છે જેઓ શાળાએ જવા પામતાં નથી. જો જ્ઞાનનો બોજ લાગતો હોય તો અજ્ઞાનનો અખતરો કરવા જેવો નથી. અભણ લોકોના જીવનના અંધારાં ઉલેચી ન શકાય એવાં હોય છે. શિક્ષણ એ બાળકનો વિશેષાધિકાર છે. આપણે બાળકોને ગળે ઉતારવાનું છે કે તમને બોજ લાગે છે તે શિક્ષણ જીવનને હળવુંફૂલ બનાવે છે. આવી સ્ક્રિપ્ટથી બાળકોના મનમાં ખોટી ઈમેજ ઊભી થાય છે. જો તેમના મનમાં ખોટો 'હાઉ' ઘૂસી જશે તો શ્રેષ્ઠ વૈજ્ઞાનિકો, ઈજનેરો, તબીબો કેવી રીતે બનશે?''

''સાચી વાત છે.''

''મેં તમામ શિક્ષકોની મીટિંગ ભરી આ વાત સમજાવી છે. આ જ બાબતે વાલીઓની પણ મીટિંગ સૂચનો માટે બોલાવવાનો છું. ગીતાજીમાં ભગવાને કહ્યું છે - 'જ્ઞાની ભક્ત મને સૌથી પ્રિય છે.'

''હા... હા..., હું નિહાર સાથે વાત કરી આપને રિપોર્ટ કરું છું.''

''થેંક્યુ સો મચ!''

હું મોનો એક્ટના વિચાર કરતો કરતો નિહારની રાહ જોવા લાગ્યો. તેના

રીડિંગરૂમમાં કાયમી અસ્તવ્યસ્ત પુસ્તકો, નોટ્સ, શાહીના ડાઘાવાળો યુનિફોર્મ, અધૂરું હોમવર્ક, ખુલ્લી ઊડતી નોટબુક્સ, આ બધાંની પહેલીવાર સભાન, સચિંતપણે નોંધ લીધી. તેના ગરબડિયા અક્ષર માટે નિહારિકા તેને ટોકતી. આ ગરબડિયા અક્ષરમાં ''શિક્ષણ બાળમજૂરી છે'' એવો કોલાહલ મને સંભળાયો.

પ્રાથમિક શાળામાં ગુજરાતી વિષયમાં ભણેલું ગાંધીજીનું વિધાન, 'ખરાબ અક્ષર અધૂરી કેળવણીની નિશાની છે' - મને યાદ આવી ગયું.

કોની અધૂરી કેળવણી? મા બાપની કે શાળાની? મારા અક્ષર આટલા ખરાબ ન હતા તો નિહારના કેમ? વિદ્યાર્થી અવસ્થામાં મને એવો વિચાર ક્યારેય નહીં આવેલ કે શિક્ષણ મજૂરી છે અને હજી તો અંગૂઠા જેવડો છે અને નિહારને આવા વિચાર આવે છે?

બે પેઢી વચ્ચે આટલો મોટો તફાવત? કેમ? એટલા માટે કે મારા પિતાજી, પિતાજી ઉપરાંત શિક્ષક પણ હતા? અને હું એક સામાન્ય બાપ?

શિક્ષણ બોજ શા માટે લાગે? હું વિચારે ચડી ગયો અને સિનેમાની રીલની માફક નિહારના દૃશ્યો મારી આંખ સામે આવવા લાગ્યાં...

હોમવર્ક પૂરું નહીં થવાથી શેરીમાં નહીં રમી શકતો નિહાર, સ્કૂલની કઠોર શિસ્ત, સ્કૂલ રિક્ષામાં ઘેટાં બકરાં માફક ગોંધાયેલો નિહાર, ટ્યૂશનની દોડાદોડી, ચાલુ હોમવર્કે હાથમાં પેન સાથે રાત્રે દફતર પર ઢળી પડેલો નિહાર, હોમવર્ક અને શેરીમાં રમવા બાબતે મા-દીકરાનો સંઘર્ષ, નિહારનું આક્રંદ, સ્પર્ધાઓ, વીક્લિ ટેટ્સ, અમારી સમજાવટ, ઠપકો, લાલચ, નિહારનું દફતરનો ઘા કરવું અને માની અડબોથ...

નિહારિકાએ ગઈકાલે જ કહેલું, ''વાર્ષિક પરીક્ષામાં ટોપ ટેનમાં આવીશ તો સ્પોર્ટ્સ સાઇકલ લઈ દઈશ.''

''નથી જોઈતી સાઇકલ'' - ઘાંટો પાડી નિહાર શેરીમાં ધસી ગયેલો.

''બાળક પાલતું પ્રાણી છે?'' મેં પૂછ્યું હતું.

આચાર્ય સાહેબના ફોન પછી પહેલી વાર જ આ બધાંની મેં સભાનપણે નોંધ લીધી અને હું બચપણની યાદોમાં સરી ગયો.

'આટલાં પુસ્તકો, વિષયો, ટેસ્ટ, સ્પર્ધાઓ ન હોવાને કારણે જ કદાચ અમારું બાળપણ આ બાળકો કરતાં વધુ સાહજિક હતું, હળવુફૂલ હતું. ભલે સ્પર્ધાઓ, પરીક્ષાઓ,



ઈનામો, શિલ્ડ ન હતાં છતાં અમે પણ સારા વિદ્યાર્થીઓ હતાં. અધૂરાં હોમવર્ક સાથે ઢળી પડવાના કોઈ પ્રસંગો નહીં બનેલા. કદાચ સ્કૂલગ્રાઉન્ડ પર અમારો ઘણો સમય વ્યતીત થતો. આવી કઠોર શિસ્ત પણ ન હતી. યુનિફોર્મનો ભાર ન હતો. સાઈકલની લાલચ ન હતી, પરંતુ નિહાર જેવો ક્યારેય વિચાર પણ આવ્યો ન હતો... બાળમજૂર!

હું સ્તબ્ધતાથી નિહારની રાહ જોવા લાગ્યો.

સવારના છ વાગ્યે ઊઠેલું માસૂમ બાળક... અને મારે દોઢ વાગ્યા સુધી તેની રાહ જોવાની હતી. દોઢ કલાક... પૂરી ૯૦ મિનિટ, પરાણે મંથર ગતિએ ચાલતો, ભાસતો સમય... મારી નજર વારંવાર 'વોલ-ક્લોક' પર જઈજઈને અટકતી હતી. અને લાંબી ૯૦ મિનિટ બાદ નિહાર ઘરે પહોંચ્યો ત્યારે પહેલી જ વાર પરસેવે નીતરતા તેના ચહેરા પરના થાકની મેં નોંધ લીધી! વાંકો વળી ગયેલો મજૂર પીઠ પરથી પાંચ મણની અનાજની ગુણી સરકાવે, એ રીતે બે હાથ ઊંચા કરી વજનદાર દફતર તેણે પીઠ પરથી જમીન પર પડવા દીધું. પરંતુ પ્રિન્સિપાલના ફોનની અસર હેઠળ આ દૃશ્ય મેં સ્લોમોશનમાં નિરખ્યું અને પહાડીમાં પડતા પડઘાઓની માફક દફતર પડવાનો અવાજ મારા દિમાગમાં પડઘાયા કર્યો.

આજ સ્લોમોશનમાં મારી આંખો (અવાજના ડરથી) મીંચાઈ ગઈ. મારા બંને હાથ ધીરે ધીરે કાન પર દબાયા અને ચીસ નીકળી ગઈ, "નિહાર..." મારો જમણો હાથ લંબાયો, ધીરે ધીરે, પૂરી તાકાતથી નિહારના ગાલ પર મારો તાકાતવાન પંજો પડ્યો, પત્નીએ રસોડામાંથી ચીસ પાડી, "નીરજ...", નિહાર લથડ્યો જમીન પર પડ્યો અને રડવા લાગ્યો. મને તેની પીઠમાં દફતરના વજનથી ખુંધ નીકળેલી દેખાઈ, મારી આંખો ફાટી ગઈ...

પરંતુ આવું કશું જ બન્યું ન હતું! હું થાકેલા નિહાર સામે આઘાતથી તાકી રહ્યો હતો. ત્રણ ચાર સેકન્ડના સ્લોમોશન કલ્પના ચિત્ર પછી હું વાસ્તવમાં આવ્યો ત્યારે મારા શ્વાસ તેજ ગતિએ ચાલુ હતા.

મેં જોયું કે તેનું દફતર ખરેખર વજનદાર હતું. મેં તેની ઉંમર, વજન અને વજન ઊંચકવાની ક્ષમતાની ત્રિરાશી માંડી, પ્રિન્સિપાલની વાત સાથે સરખામણી કરી, 'કોણ સાચું નિહાર કે પ્રિન્સિપાલ? કોની માન્યતા સાચી? શિક્ષણ એ બોજ કે મજૂરી? - આવા પ્રશ્નો મારા મનમાં ઉદ્ભવ્યા.

"નિહાર, તું દરરોજ સ્કૂલ-રિક્ષામાં જાય છે એટલે તારે એક કલાક વહેલા નીકળવું પડે છે અને દરરોજ એક કલાક મોડો ઘરે આવે છે. રિક્ષામાં ૧૫ બાળકો ખડકાઈને જાય છે અને ફાટક પાસે પેટ્રોલના ધુમાડા ખાવા પડે એ મને ગમતું નથી.

મેં નિહારને મારી સાથે, મારી થાળીમાં જમવા બેસાડ્યો. જમતાં જમતાં પ્રિન્સિપાલની શિક્ષણ વિશેની ભારેખમ વાતો 'ઈન્વર્ટેડ કોમા'માં મેં તેને કહી. નાનો બાળક કશું ન સમજતા નિર્દોષ, મોટી મોટી આંખોથી મારી સામે તાકી રહ્યો, મને કરૂણા થઈ આવી.

જમી રહ્યે મેં તેને કહ્યું, "ચાલ, મારે તારો મોનો એક્ટ જોવો છે."

તેણે શરત કરી, "પણ હોમવર્ક નહીં કરું"

મને રમૂજ થઈ આવી, "ઓકે."

તેણે પૂરા આનંદથી અમારી સામે મોનો એક્ટ ભજવ્યો, ઉધરસ ખાતે ખાતે! અમે પણ તેનો આનંદ ઉઠાવ્યો.

મેં તેને કહ્યું, "તારા એકપાત્રીય અભિનયનું મારે ઈનામ આપવું છે."

"શું?"

"નિહાર, તું દરરોજ સ્કૂલ-રિક્ષામાં જાય છે એટલે તારે એક કલાક વહેલા નીકળવું પડે છે અને દરરોજ એક કલાક મોડો ઘરે આવે છે. રિક્ષામાં ૧૫ બાળકો ખડકાઈને જાય છે અને ફાટક પાસે પેટ્રોલના ધુમાડા ખાવા પડે એ મને ગમતું નથી. હું તને એવું ઈનામ આપવા માગું છું કે તું સવારે વધારે નીંદર માણી શકીશ અને બપોરે વહેલો ઘરે મારી સાથે જમવા બેસી શકીશ."

મા-દીકરાનાં કાન સરવા થયા.

"તારા વર્ગ-શિક્ષક, પ્રિન્સિપાલ, વિદ્યાર્થીઓ, મને અને તારી મમ્મીને આ એકપાત્રીય અભિનય ખૂબ જ ગમ્યો અને તેનું ઈનામ છે તારી પસંદગીની સ્પોર્ટ્સ સાઈકલ."

"ય...સ" કહી તે મને વળગી પડ્યો અને મને વહાલ કર્યું!

"આવતીકાલે મારો દીકરો રિક્ષામાં જશે નહીં. મારે આજે જ મારા દીકરા માટે સાઈકલ જોઈએ." તેણે મને ઘણી બધી પપ્પી ભરી, "પણ મારી એક શરત છે."

તે પ્રશ્નસૂચક દૃષ્ટિએ મારી સામે જોઈ રહ્યો.

"તારે હોમવર્ક સાંજ સુધીમાં પૂરું કરી લેવું પડશે."

હવામાં મુક્કો ઉછાળી "ય...સ" કહી તે હવામાં કૂદ્યો.

મુક્કો ઉછાળી, હવામાં ઊછળેલા 'નિહાર'નું એ દૃશ્ય શિલાલેખની માફક, આજેય મારા દિમાગમાં કોતરાયેલું છે. **મ**




*હૃદયથી સાહિત્યપ્રેમી. કોલેજકાળ દરમ્યાન સમૂહચર્ચા, વાર્તાલિખન, ક્વિઝ કોન્ટેસ્ટ, નિબંધલેખન વગેરેમાં ઇનામો મેળવેલાં છે. વાર્તાલિખન એ તેમનો 'પેશન' છે. એમણે ફાઇનાન્સમાં એમ.બી.એ. કરેલ છે અને અત્યારે એ એક ફાર્માસ્યુટિકલ કંપનીમાં આસી. જનરલ મેનેજર તરીકે ફરજ બજાવે છે.*

**"Cadila Corporate Campus"**
**Sarkhej-Dholka Road, Bhat**
**Ahmedabad - 382 210**
**Mo. +91-90990 56984**



# સુનીલ ઉપાધ્યાય


# ત્રીજી જિંદગી

એ ઝડપથી દોડીને ટ્રેનમાં બેસી ગયો. મુંબઈની બધી સમસ્યાઓ ઉકેલાઈ જાય, પણ ટ્રેનની ભીડ ક્યારેય ઓછી થવાની નહોતી. એણે ફર્સ્ટ ક્લાસની વિન્ડો સીટ પકડી. એની ઘડિયાળ પાંચ-અડતાલીસનો સમય અને અગિયારમી જુલાઈ ૨૦૦૬ની તારીખ બતાવી રહી હતી. બે મિનિટ પછી એક ધીમા આંચકા સાથે ટ્રેન ઊપડી. ચર્ચગેટથી બોરીવલીની ફાસ્ટ ટ્રેન હતી. એ દરરોજ આ ટ્રેનમાં અપ-ડાઉન કરતો હતો, જે સાંજે પાંચ-પચાસે ઊપડતી અને છ-ચાલીસે એને અંધેરી સ્ટેશને ઉતારતી. ત્યાંથી એને ઘેરે પહોંચતા પંદર મિનિટ થતી, ફ્રેશ થતો અને જમવાનું બનાવતો. સાડા-આઠ થતાં ત્યારે એની દીકરી સીમા ઘરે આવતી અને થોડી વાર પછી બાપ-દીકરી સાથે જમવા બેસતાં. સવારે સીમા વહેલી ઊઠીને પોતાનું અને એના પપ્પાનું ટિફિન બનાવતી અને પછી બાપ-દીકરી સાથે ઓફિસે જવા નીકળતાં. બન્નેનો એ નિત્યક્રમ હતો, શનિ-રવિ સિવાય. એની જિંદગીમાં સીમા સિવાય કોઈ નહોતું, સીમા જ એની જિંદગી હતી. આજથી દસ વર્ષ પહેલાં એટલે કે સીમા જ્યારે બાર વર્ષની હતી ત્યારે એની માનું ટૂંકી બીમારીમાં મૃત્યુ થયું હતું. સીમાનાં ભવિષ્યને જોતાં એણે બીજું લગ્ન કર્યું નહોતું.

એ સેન્ટ્રલ ગવર્નમેન્ટની એક કચેરીમાં ચપરાસીની નોકરી કરતો હતો. સરકારી ક્વાર્ટર્સમાં-અંધેરીમાં એ રહેતો હતો. ઘરમાં ત્રીજું કોઈ નહોતું એટલે આર્થિક પરિસ્થિતિ ઠીક કહી શકાય એવી હતી. જિંદગી બહુ સામાન્ય હતી. સામાન્ય માણસોની જિંદગી અસામાન્ય હોઈ શકે? ઓફિસમાં એને એક સારા સાહેબે સીમાને ઇંગ્લિશ મીડિયમમાં મૂકવાની સલાહ આપેલી અને એડમિશન લેવામાં પણ મદદ કરેલી. સીમા ભણતી ગઈ, મોટી થતી ગઈ. સાથે સાથે સમજદારી પણ વહેલી આવતી ગઈ, કારણ કે જવાબદારી કોઈ પણ વ્યક્તિને બહુ જલદીથી સમજદાર બનાવી નાખે છે.

એને ફક્ત દારૂનું વ્યસન હતું. એની પત્નીનાં મરી ગયા પછી એ વધી ગયું હતું. વળી, સેન્ટ્રલ ગવર્નમેન્ટમાં આખા હિન્દુસ્તાનના જાતજાતના માણસો આવતા એટલે આ કુટેવને અંકુશ કરવી એના માટે અઘરી હતી. સાંજ પડે ત્યારે દારૂનો નશો કરવો જ પડતો.

એનો બાપ રોજ સાંજે દારૂ પીને આવતો ત્યારે એ જમવાનું તૈયાર રાખતી, થોડો કકળાટ કરતી અને એને જમાડી પણ લેતી, પણ છેલ્લાં બે વર્ષથી ઘરનો નિત્યક્રમ બદલાઈ ગયો હતો. સીમા ગ્રેજ્યુએટ થઈ અને એક પ્રાઈવેટ બેન્કમાં નોકરીએ લાગી ગઈ, ત્યારે એણે પહેલા પગારમાંથી સૌથી પહેલા એના બાપનું મેડિકલ ચેક-અપ કરાવ્યું હતું.

'એમને સિરોસીસ ઓફ લીવર થવાનો ખતરો છે, જો તાત્કાલિક દારૂની લત નહિ છોડાવાય તો ઈશ્વર પણ એમને મોતના મુખમાંથી નહીં બચાવી શકે.' ડોક્ટરે કહ્યું હતું અને ત્યાર બાદ સીમાએ તાત્કાલિક દવાઓ શરૂ કરાવી. નશાબંધી કાર્યાલયમાં

જઈને કાઉન્સેલિંગ કરાવ્યું, ધીમે ધીમે દારૂની લત છૂટી ગઈ, જેને એક વર્ષ ઉપર થઈ ગયું. એનું શરીર પણ સારું થયું. એ સીમાને કહેતો કે તેં મને મોતના મુખમાંથી બચાવ્યો છે. મને બીજી જિંદગી મળી છે.

આજે એ બેચેન હતો, ટ્રેનમાં ભીડ વધતી જતી હતી અને બફારો આજે વધારે લાગી રહ્યો હતો. ટ્રેનનું વાતાવરણ પણ ગંભીર હતું. આજે કંઈક અજુગતું લાગી રહ્યું હતું.

પણ ગઈકાલે સાંજે એના એક ચપરાસી દોસ્ત કુલકર્ણીની રિટાર્યમેન્ટ પાર્ટી હતી અને ના પાડવા છતાં દોસ્તોના આગ્રહથી દારૂ પીવાઈ ગયો હતો. ત્યાર બાદ જ્યારે તે ઘરે મોડો પહોંચ્યો ત્યારે,

‘પપ્પા, તમે આ શું કર્યું? ફરી દારૂ પીને આવ્યા?’

‘પીવાઈ ગયો’.

‘પીવાઈ ગયો એટલે શું? તમને ખ્યાલ નથી કે દારૂનું એક ટીપું પણ તમારા માટે ઝેર સમાન છે. માંડ માંડ દારૂ છૂટ્યો છે ત્યાં તમે ફરીથી ચાલુ કરી દીધો?’

‘સોરી બેટા’. એણે શાંતિથી કહ્યું હતું.

> બાપ રોજ સાંજે દારૂ પીને આવતો ત્યારે જમવાનું તૈયાર રાખતી, થોડો કકળાટ કરતી અને એને જમાડી પણ લેતી, પણ છેલ્લાં બે વર્ષથી ઘરનો નિત્યક્રમ બદલાઈ ગયો હતો. સીમા ગ્રેજ્યુએટ થઈ અને એક પ્રાઇવેટ બેન્કમાં નોકરીએ લાગી ગઈ.

‘સોરી કીધું એટલે ખતમ? તમને ખ્યાલ છે, તમારું લીવર ખરાબ થતું જાય છે, એને જો નહીં અટકાવીએ તો...’ સીમા વચ્ચેથી જ અટકી ગઈ હતી.

‘સોરી... સોરી... સો...રી’ એણે પોતાને સંભાળતાં કહ્યું હતું.

‘સોરી બોલતાંય તમારી જીભ લથડાય છે, તમને જવાબદારીનું ભાન છે કે નહીં? તમને કંઈ થઈ જશે તો મારું કોણ?’ સીમાએ કહ્યું હતું.

‘ચૂપ થા...’

‘ચૂપ નહિ થવાય, આટલી બેજવાબદાર જિંદગી જીવવી હતી તો મને શા માટે પેદા કરી? અને પેદા કરી તો અનાથાશ્રમમાં મૂકી આવવી હતીને.’

‘ચૂ....પ.... થા....’ એ ચિલ્લાયો અને એણે સીમાના ગાલ પર એક થપ્પડ લગાવી દીધી હતી, સીમા રડતી રડતી જમ્યા વિના એના રૂમમાં ચાલી ગઈ હતી.

સીમાને ક્યાં ખબર છે કે દારૂ પીવાની ના પાડી ત્યારે દોસ્તોએ એને સીમાની કસમ આપી હતી.



પણ હવે એ ક્યારેય દારૂ નહિ પીવે એવી એણે પણ કસમ લઈ લીધી.

એ વિચારતો રહ્યો, એક બાપ એની દીકરીને પોતાની ભૂલ માટે લાફો મારી શકે છે, કાલે જે કંઈ થયું એ ભૂલી જવું જોઈએ, સીમાની માફી માગી લેવી જોઈએ, એક બાપ એની દીકરીની માફી માગી લેશે. માગવી જ જોઈએ. ભૂલ મારી જ હતી.

એણે ટ્રેનની બારીમાંથી બહાર જોયું, દાદર પસાર થયું. સીમાની બેન્કમાં જવું જોઈએ, એણે વિચાર્યું. એને સાથે જ લઈને ઘરે જવું જોઈએ, એને મનાવવી પડશે. એણે જ દારૂ છોડાવીને મારી જિંદગી બચાવી હતી, સીમા એની જિંદગી હતી.

ટ્રેનની બારીમાંથી બહાર જોયું, દાદર પસાર થયું. સીમાની બેન્કમાં જવું જોઈએ, એણે વિચાર્યું. એને સાથે જ લઈને ઘરે જવું જોઈએ, એને મનાવવી પડશે. એણે જ દારૂ છોડાવીને મારી જિંદગી બચાવી હતી, સીમા એની જિંદગી હતી.

એ ઊભો થયો, ભીડને વીંધતો એ ટ્રેનના દરવાજે આવ્યો, બાંદરા સ્ટેશન આવ્યું, એ ઊતરી ગયો અને એણે ફટાફટ રિક્ષા પકડી. સીમાને મોબાઈલ કરીને જણાવવું નથી, સીધા જ બેન્કમાં પહોચી જવું અને જલદીથી એને લઈને બહાર જવું, એણે વિચાર્યું.

ઓફિસ છૂટવાનો સમય હતો એટલે વચ્ચે ટ્રાફિક બહુ નડ્યો, પચીસ મિનિટ બાદ એ રિક્ષામાંથી ઊતર્યો અને બિલ્ડિંગ તરફ ચાલવા લાગ્યો. એણે જોયું સામેથી સીમા દોડતી દોડતી આવતી હતી. બન્નેની નજર ટકરાઈ.

'પપ્પા, તમે ઠીક તો છો ને'. સીમા હાંફતી હતી.

'કેમ, મને શું થવાનું હતું?' એ ચમક્યો.

'થેન્ક ગોડ' એ હજી હાંફતી જ હતી.

'તમને ખબર નથી? પાંચ-પચાસે ઊપડેલી ચર્ચગેટ- બોરીવલી ફાસ્ટ લોકલમાં બોમ્બ-બ્લાસ્ટ થયો છે.

'પણ હું તો એ જ ટ્રેનમાં આવ્યો છું, કોઈ અફવા હશે.'

'ના એ જ ટ્રેનમાં બ્લાસ્ટ થયો છે, બાંદરા-ખાર સ્ટેશન વચ્ચે, છ અને ચોવીસ મિનિટે. તમે દરરોજ એ ટ્રેનમાં તો આવો છો અને અંધેરી ઊતરો છો.' એ હાંફતી બંધ થઈ.

એના શરીરમાંથી ધ્રુજારી પસાર થઈ ગઈ.

એને થયું આજે હું સીમાને લેવા અહીં ન આવ્યો હોત તો મને ત્રીજી જિંદગી ન મળી હોત.**મ**


મમતા વાર્તામાસિક




**USA readers may subscribe to Mamata by sending this form with your cheque for $30 (12 issues) payable to**
**Chicago Art Circle**
**1468 Sandburg Drive**
**Schaumburg, IL 60173**

**Name**..........................................................
**Profession**....................................................
**Address**.......................................................
..................................................................
..................................................................
**Phone**.........................................................
**E-mail**........................................................




*મારું લેખન મારો પરિચય બને તેવી અપેક્ષા છે. પક્ષી નિરીક્ષણ, સંગીત તથા ફરવાનો શોખ છે. હાલ ગુજરાત મિત્ર (સુરત)માં કાર્યરત*

***તંત્રીવિભાગ***
***ગુજરાત મિત્ર, સુરત***
***Mo. 94271-39563***
***kaminiparikh25@ yahoo.in***


કામિની સંઘવી

# ઓગણત્રીસ માર્ચ

''રામ નવમી ક્યારે છે? કોશાએ ઉતાવળી નજર તારીખિયા પર ફેરવી. ઝટપટ પાનાં ફેરવ્યાં. આહ! રવિવારે? હાશ, ઘરમાં બધાં ઉપવાસ કરે એટલે ફરાળ તો બનાવું જ પડે પણ રવિવાર છે ને એટલે શાંતિ. ઓફિસમાં રજા એટલે બધે પહોંચી વળાશે. મમ્મીજી અને પપ્પાજીને સાંજે દેવદર્શને પણ લઈ જવાશે. અરે પણ રવિવારે તારીખ કંઈ છે? સત્તાવીસે મંગળવાર, અઠ્ઠાવીસે બુધવાર અને ઓગણત્રીસે ગુરુ... એકદમ ઓગણત્રીસ તારીખે કોશાનો હાથ અટક્યો. થોડીવાર તારીખિયા સામે તાકી રહી. ઓગણત્રીસ તારીખ કેમ જાણીતી લાગે છે? તે દિવસે શું છે? એકાદ ક્ષણ વિચાર કરતી ઊભી રહી, કશું યાદ આવે તે પહેલાં મોબાઇલ રણક્યો. કોશાએ ફટાફટ નજર તારીખિયા પર દોડાવી. અને મોબાઇલ ઊંચકતા જોઈ લીધું કે રવિવાર એકત્રીસ તારીખ છે પછી ફોન પર હલ્લો કહ્યું તો સામે મોટાભાઈનો અવાજ સંભળાયો, ''જે શ્રી કૃષ્ન બેન! કેમ છે મજામાં?''

''હા! હું મજામાં છું, તું કેમ છે?'' કોશાએ વાત કરતાં કરતાં ઘડિયાળમાં નજર કરી દસને દસ?

''મને ખબર છે તારે અત્યારે ઓફિસ જવાનું મોડું થતું હશે એટલે ફોન કરતો ન હતો પણ પછી થયું કે તને પહેલાં જાણ કરી દઉં તો સારું રહે.''

કોશાએ પૂછવા ખાતર જ પૂછ્યું કેમ શું થયું?''

''કશું નહીં, આ તો તું ઓગણત્રીસ તારીખે રજા લઈ શકે કે કેમ તે પૂછતો હતો''

''હા,! રજા તો લઈ લઉં, પણ શું કામ છે?''

''પપ્પાનો બર્થ ડે આવે છે ને! એટલે મેં કંઈક વિચાર્યું છે તે તને કહેવા ફોન કર્યો. તું અત્યારે ઉતાવળમાં છે એટલે પછી વાત કરીશું. પણ તને રજા મળી શકે તેમ હોય તો મને જાણ કરજે.'' ફોન મુકાઈ ગયો.



કોશા ફરીથી દીવાલ પર લગાડેલા તારીખિયા પાસે આવી. ઓગણત્રીસ તારીખના પાના પર હળવેથી હાથ ફેરવ્યો. તેના મનમાં હવે ગડ બેઠી ઓગણત્રીસ તારીખે પપ્પાનો બર્થ ડે આવે છે એટલે અને આ તારીખ જાણીતી લાગતી હતી. પણ હવે તેને શું? કોશાએ વિચારો પડતા મૂક્યા અને ફટાફટ ઓફિસ જવા તૈયાર થવા લાગી. ઓફિસમાં પણ આજે ઘણું કામ હશે સોમવાર ખરો ને! ગઈકાલે રવિવારની રજા ગઈ એટલે બહુ બધા ચેક ક્લીયર કરવાના હશે. રિપોર્ટ બનાવવાનો, આખા અઠવાડિયાની ડિપોઝિટ ચેક કરવાની. ઓહ! શ્વાસ લેવાની પણ ફુરસત નહીં મળે.

ટી બ્રેક સુધી કોશા કામમાં વ્યસ્ત રહી. ચા પીતા તેણે સાયલન્ટ મોડ પર મૂકેલા સેલફોનના ડેટા જોયાં

કોઈ કામનો ફોન તો નથી ને? સવારે મોટાભાઈનો ફોન હતો તે સિવાય કોઈનો ફોન ન હતો. હાશ! નહીંતર વળી પાછો ટી બ્રેક, આવેલા મિસકોલ પર કોલબેક કરવામાં જ જતો રહેતે. કોશાએ ચા પૂરી કરીને ટેબલ પર માથું ઢાળ્યું, આંખો બંધ કરી લાંબા શ્વાસ લીધા. અચાનક યાદ આવ્યું. ''મોટાભાઈ શું કહેતો હતો? ઓગણત્રીસ તારીખે શું કરવા ઇચ્છે છે? જે કરે તે મારે શું? પણ એકવાર જાણવું તો જોઈએ ને! પણ મને કોઈ ક્યાં કશું પૂછે જ છે?'' અંતે તેણે ફોન લગાવ્યો. ''ભાઈ જે શ્રી ક્રિષ્ન! તું શું સવારે કહેતો હતો?''

મોટાભાઈનો આશાભર્યો અવાજ સંભળાયો, ''હું એમ કહેતો હતો કે પપ્પાનો બર્થ ડે આપણે પહેલાં ઉજવતા હતા તે રીતે ઊજવીએ તો કેમ? હવેલીમાં આખા દિવસનો નેક કરાવીએ, બધાં સાથે પ્રસાદ લઈએ અને ગૌશાળામાં ગાયોને ઘાસચારો નાંખીએ. સાંજે શયનના દર્શન કરી બધાં મારા ઘરે જમીએ આપણા પરિવારના બધાં જ લોકો હાજર રહે. તમે બધાં આવશો ને?'' કોશા તરત કશો જવાબ આપી ન શકી. ''હું ઘરે અનંગ સાથે વાત કરીને પછી તને ફોન કરું. ચાલ મારે કામ છે. જે શ્રી ક્રિષ્ન!''

સાંજ સુધી મોટાભાઈનો અવાજ ''તમે આવશોને!'' કાનમાં પડઘાતો રહ્યો, પણ ના! તે વિશે વિચારવું જ નથીને, શું ફાયદો? પણ વિચાર્યા વગર ચાલશે? રાતે બધાં જમીને ટી.વી. જોતા બેઠાં હતાં ત્યારે કોશા બાલ્કનીમાં આવી આખા દિવસના ધોમધખતા તાપ પછીનો દક્ષિણનો ઠંડો પવન પણ દઝાડતો લાગ્યો. અનંગને કહીશ તો તે કાંઈ ના પાડવાનો નથી. મમ્મીજી અને પપ્પાજી પણ તેનું કહ્યું કરશે અને બાળકોનો તો સવાલ જ નથી. તેમને તો મામા-મામી કેટલાં લાડ કરે છે. અને મોટા ભાઈ, બહેન સાથે કેવા હળી મળીને રમે છે. હા, સવાલ તો તેનો પોતાનો જ છે ને! જવું કે નહીં?

અનુએ ઘણીવાર કહ્યું છે કે તે વાતમાં મોટાભાઈનો વાંક છે જ નહીં હું પણ તેની જગ્યાએ હોઉં તો એમ જ કરતે! ત્યારે પોતે કેવી ગુસ્સાથી બોલી હતી, ''એ તો મારાં પપ્પાની જિંદગીનો સવાલ હતો ને એટલે તું એવું કહે છે તારા પપ્પાનો હોત તો?'' કોને ખબર અનુને માઠું લાગી ગયું હતું તેના આવા કહેવાથી કે કેમ તે પછી તે કશું બોલ્યો ન હતો. પપ્પાનો જરા બાથરૂમમાં પડી જવાથી બ્રેઇન હેમરેજ થઈ ગયું હતું. તરત મોટાભાઈ-ભાભી હોસ્પિટલ લઈ ગયા હતા. હૃદય બંધ પડી ગયું હતું. વેન્ટિલેટર પર મૂક્યા અને હૃદયને પમ્પિંગ કર્યું તે તરત ધબકારા ચાલુ થયા બધાંને હાશ થઈ હતી. પણ ચોવીસ કલાક પછી ડોક્ટરે હાથ ઊંચા કરી દીધા હતા. વેન્ટિલેશન સિવાય કોઈ ઓપ્શન નથી. લાંબુ ખેંચવાનો અર્થ નથી. છતાં અઠવાડિયું તો ખેંચી કાઢ્યું. ભલે ભાનમાં ન હોય પણ હૃદય તો ધબકે છે ને! આમ તો મોટાભાઈને કોઈ આર્થિક તકલીફ ન હતી. પણ પૈસા ખર્ચવાથી પણ કોઈ પરિણામની આશા ન હતી. નાહક તે દુઃખી થાય, રિબાય. ક્યાં સુધી વેન્ટિલેશન પર રાખવા? ડોક્ટરની સલાહને ધ્યાનમાં લઈ મોટાભાઈ, મોટીબહેન, જીજાજી, ભાભી અને અનંગ બધાએ ચર્ચા વિચારણા કરી. તે સમયે કોશા પપ્પાની બાજુમાં આઈ.સી.યુ.માં બેઠી હતી અને નિર્ણય લેવાઈ ગયો.

તે દિવસથી કોશાએ મોટાભાઈના ઘરે પગ મૂક્યો નથી. મોટાભાઈ, ભાભી, બાળકો બધાં તેને મળવા અહીં જ તેના ઘરે આવે. મોટીબહેને પણ ઘણીવાર સમજાવી પણ કોશા જેનું નામ! ''તમને કોઈને પપ્પા માટે પ્રેમ હતો જ નહીં એટલે આ બધું...'' અનંગે પણ સમજાવવાની કોશિશ કરી હતી, ''મોટાભાઈને પપ્પા પ્રત્યે પ્રેમ હતો તેટલે જ આ બધું...'' પણ કોશા અટલ, અડગ.

અનંગ ગેલેરીમાં આવ્યો તેને વિચારમાં જોઈ બાજુમાં બેઠો ''શું થયું?''

''કશું ખાસ નહીં, બસ એમ જ!'' અનંગે વધારે કશું પૂછ્યું નહીં સેલ પર મેસેજ જોવા લાગ્યો ત્યારે કોશા બોલી, ''મોટાભાઈનો સવારે ફોન આવ્યો હતો.''

''હંમમમ.''

''પપ્પાનો બર્થ ડે આવે છે ને ઓગણત્રીસ તારીખે એટલે હવેલીમાં નેક કરવા ઇચ્છે છે બધાંને બોલાવવા ઇચ્છે છે. મોટીબહેન તથા આપણને પણ.''

છતાં અનંગે કશું પૂછ્યું નહીં અંતે કોશા જ બોલી, ''હું સવારથી વિચારતી હતી કે ઓગણત્રીસ તારીખે કંઈ છે, પણ મને યાદ જ ન આવ્યું કે તે દિવસે પપ્પાનો બર્થ ડે છે મોટાભાઈએ કીધું એટલે યાદ આવ્યું.''

''તો તું પપ્પાનો બર્થ ડે ભૂલી ગઈ? તું?'' અનંગનો સવાલ આરપાર નીકળી ગયો. તેણે નજર નીચી ઢાળી દીધી. પછી બચાવ કર્યો, ''પણ એ તો પપ્પાને ગયે હવે પાંચ વર્ષ થયાને એટલે!''

''પાંચ વર્ષ થયા છતાં મોટાભાઈને યાદ રહ્યું ને?''

કોશાએ આંખ ઊંચી કરી અનંગની આંખમાં જોયું, શું હતું? કટાક્ષ, ટોણો, ઉપાલંભ? ના, માત્ર આજીજી.

''માફ કરી દે કોશા! મોટાભાઈ પણ પપ્પાને તારા જેટલો જ પ્રેમ કરતા હતા. અને એટલે જ કદાચ આવું કરી...''

અનંગ બોલતા અટકી ગયો અને ક્ષણ બે ક્ષણ કોશા તેની આંખમાં તાકી રહી અનંગના આંખના પલકારમાં સમજાયું. મોટાભાઈને પપ્પા પ્રત્યે પ્રેમ હતો એટલે જ તેમણે આવું... આઈ.સી.યુ.માં આઠ-દસ નળીઓથી ઘેરાયેલા પપ્પા યાદ આવ્યા. જાતજાતના ઇન્જેક્શનો અને દવાઓ, સતત ભોંકાતી સોય અને નળીઓ! મોટાભાઈ પપ્પાને રિબાતા જોઈ શકતા ન હતા.

કોશાએ અનંગ પાસેથી સેલફોન લઈ લેતા કહ્યું ''લાવ જરા મોટાભાઈને ફોન કરી પૂછી લઉં કે નેક કંઈ હવેલીમાં રાખ્યો છે, ગોવર્ધનનાથજીની કે ગોકુલચંદ્રમાજીની હવેલીમાં? **મ**



*નિવૃત એન્જિનિયર અને પ્રકાશિત વાર્તાલેખન કિશોરભાઇ ગુજરાતી ભાષાના અઠંગ ઉપાસક છે. તેમણે આજથી દસ વરસ પહેલાં કમ્પ્યૂટર ઉપર ગુજરાતી લખવાનું અતિસરળ સોફ્ટવેર બનાવેલું. તેમનો કેસૂડાં-ડોટ-કોમ નામે બ્લોગ પણ લોકપ્રિય થયેલો. 'મારી પહેલી વાર્તા' દાદાની દાદાગીરી લખી, એનાં ચિત્રો બનાવ્યાં. અને ગાડું ઊપડ્યું.*

**+1 215 482 0924**
**raval.kishor@gmail.com**

## કિશોર રાવળ

# ક્યાં મહેકી કસ્તૂરી?

એવું કદી અનુભવ્યું છે કે ઠંડા/ગરમ પાણીની સિસ્ટમમાં કંઈ મોટો 'એલ.ઓ.સી.એચ.ઓ.'' થઈ જાય અને નહાવા બેસો ત્યારે જાણે પાણી એકદમ ગરમ થઈ જાય અને રાડ પડાવે અથવા ઠંડુબોળ થઈ એક તીણો સિસ્કારો નખાવે? અને મામલો અસહ્ય બનતો જાય. પછી પ્લમ્બરને તાકીદથી બોલાવવાની જરૂરિયાત ઊભી થાય?

સુમનભાઈ અને રંજનબેનનું લગ્નજીવન પણ એવી કોઈ સિસ્ટમને અનુસરતું હતું. ભૂગોળની ભાષામાં કાં તો ધ્રુવ ખંડ જેવી કે કાં તો વિષુવવૃત્ત જેવી આબોહવા! અને હવે એ અરાજકતા એવી તો કોઠે પડી ગઈ હતી કે એના વિષાદ કે વિચાર પણ નહોતા આવતા. મનમાં ઠસી ગયું હતું કે જીવન આવું જ હોય. એક વિચાર રંજનબેનના મનમાં ઊગતો જ હશે કે હજી તો સુમનભાઈ રિટાયર નથી થયા એટલે ઘરમાં સોમથી શુક્ર તો આઠ-નવ કલાકની રાહત છે. બે વરસ બાદ નિવૃત્તિ લેશે ત્યારે મારું તો આવી બનશે.

સુમનભાઈ સાંજે ઘરે આવે ત્યારે ભીમઅગિયારસ કરેલા દુર્વાસા જેવા દેખાય. બસ એક સાઈનફેલ્ડના શોમાં શાતા વળે. કપડાં બદલે ન બદલે અને ફ્રિઝમાંથી ચિલ્ડ બીઅરનું કેન કાઢે, ફોડે અને પછી ટીવી સામે 'સાઇનફેલ્ડ'ના શો માટે ગોઠવાઈ જાય, એમની મનપસંદ, એમના શરીરના ઘાટ સાથે કદમ મિલાવતી ટાંટિયા-ખુરશીમાં (બે પાટિયાંવાળી આરામખુરશીને આ નવું નામ આપેલું). હાથમાં રિમોટ લઈ શોનો ટાઈમ થાય ત્યાં સુધી ચેનલ ફ્લિપ કરે. અરધા કલાકનો શો ચાલે એ દરમિયાન રંજનબેન રસોઈમાં જે કોઈ 'લાલી-લિપસ્ટિક કે આઈ-શેડો' બાકી રહી ગયા હોય તે કરી નાખે, ટેબલ સેટ કરે, ચટણી અથાણાં મૂકે, શો જોવામાં સાથે ગોઠવાઈ જાય. સાઈનફેલ્ડની અંતની એક બે રમૂજો પકડે અને પોતાની જીવનસરણી જોઈ રોજ 'સાઈનફેલ્ડ'ના અવનવા એપિસોડ મનમાં સ્ફૂરે. સાલું, લખતાં આવડતું હોત તો સાઈનફેલ્ડ દાંતમાં આંગળાં ઘાલી જાય તેવું લખી શકત અને 'હું બનત કરોડપતિ' એવી શ્રદ્ધા બહુ જ સ્વાભાવિક રીતે તેને જનમતી.

શો જોતાં જોતાં, હસતાં હસતાં કે નાકમાં બીઅરના ફીણ ઘૂસી જતાં સુમનભાઈને ખાળી ખળાય નહીં એવી ઉધરસ ચડી. ઝબ્બા ઉપર બીઅરનો સ્પ્રે થયો, બાંય કામે આવી ગઈ. રંજનબેન કહે, ''આ ઉધરસ આવે છે, અને છાતી ખમખમી ગઈ છે તો ચાલો આજે આપણે જમીને એક આંટો ફાર્મસીમાં મારી આવીએ તો કેમ? સૂવા માટે 'નાઈક્વિલ' અને 'રોબિટુસિન' લઈ આવીએ તો રાહત રહેશે.''

અને દુર્વાસાનો વિસુવિયસ જવાળામુખી ભભૂકી ઊઠ્યો. ''બહાર કેટલી ઠંડી છે તે ખબર છે? ઘરની બહાર પગ મૂકીએ અને 'પન્યૂમોનિયા' થઈ જાય તેવું છે. તારે પગ છુટ્ટો કરવા બહાર જવું હોય તો આખો દિવસ તારી પાસે પડ્યો હતો. મને શાને સતાવે છે?'' એમને પન્યૂમોનિયા, પસાઈકોલોજી ફની લાગતા હતા.

"ચાલવાની આળસ હોય તો ગાડીમાં બેસી જઈએ"

પારો બે-ચાર ડિગ્રી ચડ્યો. આવી વાત કરે તો ગુસ્સો ન આવે? "બહાર ઠંડી ચિક્કાર છે, આપણી હોન્ડા હજુ તો પડીકાબંધ જ કહેવાય, સો માઈલ પણ પૂરા નથી થયા, આ તુમાં ગાડી બહાર કાઢીને અમથું અમથું જોખમ વહોરવું! અને દવાની દુકાન તો અહીં ખૂણા ઉપર છે." સાઈનફેલ્ડની રમૂજો ધોવાઈ ગઈ. ચીડિયા મોંએ સુમનભાઈ ટીવી બંધ કરી ડાઈનિંગ ટેબલ પર જઈ બેઠા. જમવામાં કુરકુરિત બિસ્કિટ જેવી ભાખરી, રીંગણાં બટેટાનું શાક, સાંતળેલાં ગાજર મરચાં અને દહીં જોતાં ગુસ્સો ઊતરી ગયો. કહે છે કે પુરુષના મનની ચાવી એના પેટમાં સંતાયેલી પડી છે!


શાંતિમાં 'સહનૌ ભુનક' કરી ઊઠ્યા, રસોડાનું ઢાંકવાનું આટોપી રંજનબેને ચડાવ્યાં મફલર, જેકેટ, હેટ અને પગે ચડાવ્યાં સ્નો-શૂઝ. સુમનભાઈ જગતના સુખનો સાર શોધવા પાંસઠે પાંસઠ ચેનલ પર હડિયાપટ્ટી મારતા બેઠા હતા. પેલા વિસુવિયસે જાણે વાલ ખાધાં ન હોય તેમ ગર્જના થઈ. "કયાં ચાલ્યાં આમ બનીઠનીને? ઘરમાં પગ ઠરતો નથી?"

રંજનબેને કહ્યું, "તમને આળસ આવે છે એટલે હું જઈને રોબિટુસિન લઈ આવું. બીજું કંઈ લાવવું છે?"

"મારું આફ્ટર શેઈવ લાવવાનું છે. સારી ચોકલેટ પણ લાવવાની છે, ઓફિસનો કોફી મગ તૂટી ગયો છે તે કોઈ સારો, જરા હ્યુમરસ, ફની લાગે એવો, નખરાળો, જોઈને લઈ આવજે" લિસ્ટ વધુ આગળ ચાલે અને સુમનભાઈ વધુ વિકૃત બને, એ પહેલાં બારણું ખોલી રંજનબેન બહાર સરકી ગયાં.

સુમનભાઈને જૂની મારામારીની મૂવી 'બુલિટ' મળી ગઈ અને એમનો જીવ પેલા સ્ટીવ મેકકિવનની સાથે સાનફ્રાન્સિસ્કોની ગલીઓમાં હિલોળા લેવા માંડ્યો. 'બુલિટ' પૂરું થતાં 'ટુટ્સી' શરૂ થયું અને ઘડિયાળમાં નજર પડી. "આ ઘાઘરાપાર્ટી, જયાં જાય ત્યાં ચોંટી જાય! કાંતો ફાર્મસીવાળા પેલા છેલછબીલા માન્વેલ સાથે મીઠી મીઠી વાતો કરી ફ્લર્ટિન્ગ કરતી હશે અથવા તો પેલી મંજુલા, સાધના કે દુલારી મળી ગયાં હશે અને સ્ટારબકસમાં કોફી પીવાં બેઠાં હશે. મારો વર માંદો છે. જઈને બે ચમચા દવા આપું, તો બિચારો સૂઈ જશે એવું સૂઝે જ નહી." 'ટુટ્સી'માં મન ઝકડાઈ ગયું. પેલો ડસ્ટિન પુરુષ થઈને સ્ત્રીનું પાત્ર કેટલું સરસ ભજવી શકે છે! એમને વિચાર આવ્યો કે સ્ત્રીનો ભાગ સ્ત્રી કરતાં પુરુષો જ વધુ સારી રીતે ભજવી શકે છે!

રાતના સાડા અગિયાર થયાં અને ફોનની ઘંટડી વાગી.



પોલીસ ડિસ્પેચરનો ફોન હતો. રસ્તે આઈસ હોવાથી કોઈ ગાડી સ્કિડ થઈ અને ફાર્મસીમાંથી પાછાં ફરતાં રંજનબેનને ઉડાડી મૂકયાં હતાં. એમ્બ્યુલન્સમાં જ એમણે છેલ્લા શ્વાસ છોડી દીધા હતા. નછૂટકે સુમનભાઈ હોન્ડા લઈને ઊપડ્યા. અને પછી પોલીસના લફરાં, મોર્ગમાં જઇને બોડી ઓળખવાની વિધિ, ફ્યુનરલ હોમમાં બોડીની ફેરબદલી, લોકલ છાપાંઓમાં અવસાન નોંધ. બહારગામથી બંને દીકરાઓ એમના કુટુંબ સાથે આવી પહોંચ્યા. તેમની વહુઓએ ઘરનો કારભાર સંભાળી લીધો. એક્સિડન્ટને લીધે રંજનબેનનું મુખ દેખાડવા જેવું નહોતું રહ્યું એટલે ઊમટેલાં લોકોએ એમને બંધ કાસ્કેટમાં વિદાય આપી. છેલ્લે અગ્નિદાહ. બાજુમાં મિત્રો ન હોત તો કઠીન થઈ પડે એવું હતું.


એમને મનમાં ખટકતું કે, “મારા માટે ચાલીને દવા લેવા ગઈ, મેં આ ‘સાઇનફેલ્ડ’ને બાજુએ મૂકી ગાડી કાઢી હોત તો? મને ગાડી ગળે વળગી, સાઇનફેલ્ડ વળગ્યો અને એ બિચારી પગપાળી રસ્તો ખેડવા ઊપડી” પોતાની જાત પર નફરત વધતી ચાલી.


બધું પત્યે, કામમાંથી રજા પૂરી થાય તે પહેલાં સુમનભાઈને અને દીકરાઓને પણ ફરી કામે ચડવું પડે એવું હતું.

મોટા ભાગના મિત્રો-સ્નેહીઓ તો ફ્યુનરલ હોમમાં મળી ગયાં હતાં પણ ત્યાર પછી રોજ ને રોજ કોઈ ઘરે મળવા આવે અને ‘અરેરે, આવું કેમ કરતાં થયું? રાતને ટાણે આવી તુમાં બહાર નીકળવાની જરૂર શી હતી? દવા લેવા ગ્યા’તાંને? બે દિવસ દવા મોડી આવી હોત તો શું ખાટું મોળું થઈ જતે?’ એમ પ્રલિઓ થાય. સુમનભાઈને મનમાં જવાબો સૂઝે ‘આ રાતના બહાર નીકળતાં પહેલાં તમને પૂછ્યું નહીંને તે વાંક રંજનનો.’ ચીલાચાલુ આશ્વાસનો ‘ઈશ્વરની ગતિ ન્યારી છે’, ‘ૠણાનુંબંધ છે’, ‘મૃતના આત્માને શાંતિ થાય’ ગમે એટલીવાર સાભળતા પણ સુમનભાઈના આત્માને શાંતિ ન વળે! ન રડવું આવે, કે દિલ મોકળું થાય, ન છાતી નીચેનું પ્રેશરકૂકર શમે!

એમને મનમાં ખટકતું કે, “મારા માટે ચાલીને દવા લેવા ગઈ, મેં આ ‘સાઈનફેલ્ડ’ને બાજુએ મૂકી ગાડી કાઢી હોત તો? મને ગાડી ગળે વળગી, સાઈનફેલ્ડ વળગ્યો અને એ બિચારી પગપાળી રસ્તો ખેડવા ઊપડી” પોતાની જાત પર નફરત વધતી ચાલી.

દીકરાઓએ બહુ વિનંતી કરી કે સુમનભાઈએ એમની સાથે રહેવા જવું. પણ નોકરીનો અંજામ રંજનબેનના અંજામ જેવો કાંઈ ફાસ્ટ આવે ખરો? પેન્શનનો, રિટાયરમેન્ટનો વિચાર કરી નિર્ણય લેવાય. સ્થાનિક સગાંવહાલાંની આવનજાવન ઓસરી, પત્નીનાં મૃત્યુ માટે કંપનીમાં મળતી રજાઓ પછી કામે ચડ્યા અને રોજના રાબેતા મુજબ દિવસ ચાલવા લાગ્યા, રાતની વાત જુદી. શરૂ શરૂમાં મિત્રો જમવા બોલાવતા અને કોઈ મિત્રની પત્નીઓ આવીને ટિફિન મૂકી જતી.

મિત્રો આવે જાય, કોઈને કોઈ કંઈ ખાવાનું લેતાં આવે અને મૂકી જાય. સવાર-સાંજ લુસલુસ કંઇ ખાઈ પણ નાખે. પણ કફ, શરદી અને આ આઘાતમાં રુચિ ઊડી ગઈ હતી. એક દિવસ સવારે ઊઠી ઘરમાં નજર નાખી અને ઘર આટલું ગંદું કેમ થઇ ગયું એ સમજાયું નહીં. ગમે ત્યાં પાટલૂન, ખમીસ કે અંડરવેર પડેલાં. ડ્રેસરમાં કપડાં ખૂટવાં લાગ્યાં. આડાંઅવળાં કપડાં ભેગાં કરી વોશરમાં નાખ્યાં અને પછી મૂંઝાણા. કોઈ દિ’ આ મશીન ચલાવેલું નહીં. સદ્‌ભાગ્યે બારણે ટકોરાં પડ્યાં અને પાડોશમાં રહેતી સાધના ઢોકળા લઈને આવી. “ગરમાગરમ છે, તેલ અને ચટણી પણ લાવી છું. ચા બનાવી દઉં?”

સુમનભાઈ કહે કે, “આ વોશિન્ગ મશીન કેમ ચલાવવું એ શિખડાવને?” અને મશીનની રગ હાથમાં આવી ગઈ. કેટલું ડિટર્જન્ટ વાપરવું, શું સેટિન્ગ્ઝ રાખવા એના મંત્રો સાધનાએ શિખવાડી દીધા. અને એ ગઈ.

ફ્રિઝમાં ગરદી થઈ ગઈ હતી. બધું કાઢી સાફ કર્યું. અમુક વસ્તુ ખાવા માટે રાખી, બાકીની ફેંકી દીધી. ગાર્બેજ ભરાઇ ગયો હતો, ગંધાઈ ગયો હતો. અક્કલબુદ્ધિ પ્રમાણે એનો નિકાલ કર્યો. જરા મૂડ આવ્યો એટલે શરીર શિથિલતા છોડી ગતિમાં આવ્યું અને એ જોસમાં ઘરમાં ઝાપટઝુપટ અને વેકયુમ કરી નાખ્યાં. બધું ટાપટીપ કરી થાકયા. માઈક્રોવેઈવમાં એક કપ ચા બનાવી, પ્યાલો લઈ ડાઈનિંગ ટેબલ પર બેઠા. પહેલો ઘૂંટડો પીધો, નજર સામે રસોડું હતું. ઘડીક પહેલાંનું અસ્તવ્યસ્ત રસોડું ચોખ્ખુંચણાક થઈ જતાં મનમાં એવું ભાસ્યું કે હમણાં જ રંજન એનો હાથ ફેરવી બાજુના રૂમમાં જતી રહી ન હોય! એ વિચારે જ મનમાં વાસ્તવિકતા ઉભરાણી અને આંખોમાંથી આંસુઓ સરવા લાગ્યા અને એણે માજા મૂકી. ચાનો પ્યાલો હાથમાંથી પડતા બચી ગયો. મૂકયો એને બાજુએ. બે હાથ વચ્ચે માથું રાખી ધ્રુસ્કે ધ્રુસ્કે સુમનભાઈ રડવા

લાગ્યા. આખી સૃષ્ટિ પર ઝળઝળિયાં છવાઈ ગયાં.

આમ બે-એક વર્ષો નીકળી ગયા. કેવાં ગયા એ તો કહ્યું ન જાય, સહ્યું ન જાય! મગજના પડદા પર અવિરત ચિત્રપટો ચાલતાં રહ્યાં. અને એમના લગ્નજીવનની શરૂઆતના દિવસો ફુલ ટેકિનકલરમાં આંખો સામે આવતા ગયા.

લગ્ન પછી સાથે જોવા ગયા હોય તે ફિલ્મ 'જાગતે રહો'. મોતીલાલ સાથે 'જિંદગી ખ્વાબ હૈ' ઝૂમતાં ઝૂમતાં જોયું, ચાલીના સરદારોની સાથે 'અજી મૈં જૂઠ બોલિયા, હોઈના હોઈના'ની ધૂનમાં ઓડિઅન્સની સાથે ભાગ લીધો. જ અંધારાનો લાભ લઈ એકબીજાને ઝકડતા ટીખળ કર્યું. અંગ્રેજીમાં એક શબ્દ છે 'સ્પિલટ-સેકન્ડ' એનો અર્થ ખબર છે? ફિલ્મ પૂરી થાય અને થિએટરની લાઈટો ઝબૂકે એ વચ્ચેનો સમય. એ સમયમાં રંજને જરા અરધા ઊભા થઈ, વાંકા વળી એના હોઠ સુમનભાઈને ચાંપી દીધા અને ગળે વળગી પડી. પછી મરકીને બોલી, ન પૂછવાનો પ્રશ્ન પૂછ્યો, "તમને નરગીસ ગમે કે હું?" પોતે આપેલો જવાબ સુમનભાઈને આજે પણ સ્પષ્ટ હતો. ગંભીર મોં રાખી ડોકું આમતેમ હલાવી કહે કે, "સરખામણી કરવી જ હોય તો તેની જેમ તું બ્લાઉઝ વગરની સાડી પહેરી દેખાડ તો ખ્યાલ આવે!" "તડ" દઈને હળવો તમાચો પડ્યો એ પણ હજુ પૂરું યાદ હતું.

એ સીન ફેઈડ થયો. કામ અંગે સુમનભાઈને નાગપુર જવાનું થયું. પેલી 'સુજાતા' ફિલ્મ મગજમાં તાજી હતી. નાગપુરથી ટ્રન્ક-કોલ કર્યો. રંજને 'હેલ્લો' કહ્યું એટલે સુમનભાઈએ ગાવાનું શરૂ કરી દીધું "જલતે હૈં જિસ કે લીએ..." અને રંજને તરત જ અટકાવ્યા. 'સુજાતા અહીં નથી રહેતી. ઘર ભૂલ્યા લાગો છો. જલવાનો અધિકાર તમને એકને જ છે એમ માનો છો? બીજાઓ જલી રહ્યા હોય તેની દરકાર છે? ઠારતાં આવડે છે?" સુમનભાઈએ બે ત્રણ બુચકારા બોલાવી ફોન મૂકી દીધો.

'સાહેબ બીબી ગુલામ' જોયું અને જોતાં જોતાં હસ્યા અને પછી રડ્યા! ફરી પાછો એ જ પ્રશ્ન, "તમને વહીદા ગમે કે હું?" અને સુમનભાઈએ "ભમરો હું નાદાન છું/ ગુંજનમાં મશગૂલ છું" કહેતાં બે આંગળીએ રંજનને ગાલે ચોંટિયો ભર્યો. ગાલ પંપાળતી રંજન બીજા રૂમમાં દોડી ગઈ અને ગણગણવા લાગી, "મૈં તન મન કી સુધબુધ ગવાં બૈઠી"

અને સિનેમાની સિરિયલો શરૂ થઈ, 'ગુઝર ગયા વો ઝમાના કૈસા, કૈસા'ના શબ્દ મનમાં ઘૂમરાવા લાગ્યા અને મન કહે એ ફરી કયાંથી આવે? 'ગોન, ગોન, ગોન ફોર ગુડ" અને શું થઈ ગયું, અને કયાં એ સરી ગયું? 'જાને ના કૈસે કહી, જાનેના કૈસે સુની, બાત ખૂબ બિગડ ગઈ' એમ જિંદગીની તડકી-છાંયડીમાં મધુમાલતીની વેલની જેમ વળગી રહેલી રંજન 'ઘાઘરાપાર્ટી' કયારે બની ગઈ? એમનાં દાંપત્યમાં કયાં ધનેડાં પડ્યા - કયાં, કયારે, કેવી રીતે આવા વિષ ફેલાણા?

કોઈ જવાબ મળતો નહોતો- જેમ પંચાણું ટકા પરિણીતોને નથી મળતો એમ! વનરાવનમાં એવા તો અટવાઈ ગયા કે સાંનિધ્ય સનેપાતમાં પલટાઈ ગયું?

પણ ઘર ચલાવવું એટલે બે ટંકનું જમવાનો પ્રબંધ જ નથી કે સમયે સમયે વોશિન્ગ મશીન ચલાવવું એ નથી. ઝાપટઝુપટ કરવાનું, કપડાં ધોઈ, સંકેલીને કે ઈસ્ત્રી કરીને ગોઠવવાના, વાસણો અને પ્યાલા-રકાબી-ડિશીઝ ધોઈને ઊંધા પાડવાના અને કોરાં પડ્યે એમની જગાએ મૂકવાના, બિલો ભરવાના વગેરે વગેરે ઘણાં ઘણાં કામો ઘર માગી લે છે.

એક વાર પડોશણ સાધના ભાતું લઈને આવી. ઘરના દેદાર જોઈ આભી થઈ ગઈ. એ બોલી, "અરેરે, આમ તે ઘર રખાય? રંજનનો આત્મા કેટલો કકળી ઊઠતો હશે! જુઓ, હું મદદ કરું. તમે જઈને તમારા 'સાઈનફેલ્ડ' જુઓ.

હવે તો કોણ જાણે કેમ 'સાઈનફેલ્ડ' પણ જામતો નહોતો. ફરી પાછા પાંસઠ ચેનલોની પરકમ્મા કરતા સુમનભાઈ બેઠા. સાધનાએ શું શું કર્યું અને તે કયારે કીધા વગર એના ઘરે ગઈ એ ખબર ન રહી. સુમનભાઈ ટાંટિયા ખુરશીમાં જ ઊંઘી ગયા હતા. રાતના ઝબકીને ઊઠ્યા પછી બત્તી બંધ કરી જઈ પડ્યા બેડરૂમમાં.

સવારના ઊઠી, બ્રશ કરી, નાહી, સજ્જધજ્જ થઈને કોફી બનાવવા કિચનમાં પહોંચ્યા. ચોખ્ખુંચણાક રસોડું નજરે ચડ્યું અને મનમાં એક ભ્રાંતિ થઈ કે રંજન પાછી આવી ગઈ. 'રંજન' એમ બોલાયા વગર ન રહેવાણું. જયારે કોઈ જવાબ ન મળ્યો ત્યારે મનમાં વાસ્તવિકતાનું ભાન થયું. બે હાથ

સુમનભાઈને નાગપુર જવાનું થયું. 'સુજાતા' ફિલ્મ મગજમાં તાજી હતી. નાગપુરથી ટ્રન્ક-કોલ કર્યો. રંજને 'હેલ્લો' કહ્યું એટલે સુમનભાઈએ ગાવાનું શરૂ કરી દીધું "જલતે હૈં જિસકે લિએ..." અને રંજને તરત જ અટકાવ્યા. 'સુજાતા અહીં નથી રહેતી.'

વચ્ચે માથું મૂકી ખુરશીમાં બેસી પડ્યા. ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા.

ધ્રુસ્કા શમ્યા અને મન વિચારે ચડી ગયું. મગજના રૂપેરી પરદે જૂના દિવસો યાદ આવવા લાગ્યા. સિનેમા આગળ ચાલ્યું. પહેલું બાળક થયું. બાબો મારા જેવો કે તારા જેવો એની અંત કે અર્થ વગરની ચર્ચાઓ ચાલતી. સૂતા બાબલાના આંગળાઓ ગણવામાં બંનેનો સમય કેવો જતો રહેતો!

ત્રણ વર્ષે બીજો બાબો આવ્યો. બંનેની ચડસાચડસી, તોફાન, કલબલાટ કયારે કર્ણપ્રિય અને કયારેક અમૃતાંજન બામ માગી લે. છોકરા સાથે અમેરિકા આવ્યા અને અહીંની રસમમાં પડ્યા. સુમનભાઈને બીઅરનો ચસકો લાગ્યો. રંજનબેનને કંઈ સ્વાદ ન લાગ્યો, બલ્કે બીઅરની ગંધ જરા અકળાવતી લાગી. બીઅર પીતા દેવદાસ થવાય કે નહીં એવી ચર્ચાઓ શરૂ થઈ. આપણાં કુટુંબોમાં આપણા વિચારો, ચર્ચાઓ, વર્તનો કેટલાં બધાં સિનેમાકેન્દ્રિય થઈ જાય છે? બધાં જ પ્રસંગને ઉચિત, તરફેણમાં કે વિરોધમાં, તમને સંવાદો મળી જ જાય, ગાવા જેવા ગીતો પણ મળી જાય. પહેલાના જમાનામાં લોકો કહેવતો વાપરતા હતા, આજે સિનેમામાંથી કાને સરી પડતા ડાયાલોગ સ્ફૂરે. એક કૃત્રિમ શોર્ટહેન્ડ ઊભી થઈ જાય. પ્રેમ કરવાની, ઝગડવાની ભાષા પણ એમાંથી જ ઉપજતી જાણે મૌલિકતા મરી ન પરવારી હોય?

એક પછી એક જીવનના જુદાં જુદાં કાંડો નજર સામે આવતા ગયા, કયારે એમાં ધનેડું પેઠું એનો કોઈ ખ્યાલ ન આવ્યો. કંઈક કયાંક ભૂલો કરી હશે, સહી હશે. ભૂલો સુધારવા પ્રયત્ન પણ કર્યા હશે અને કેમ ભૂલો સુધારવા પ્રત્યે ઉદાસી આવી ગઈ? ગમતો ન ગમતો બોસ હોય તોય મરકીને રોજ ગુડ મોર્નિંગ કહીએ જ છીએને! તો ઘરમાં કેમ નિખાલસતા, આત્મીયતાના બહાને તડ અને ફડ કરી એક બીજાને કરડીએ છીએ?

'ઓ, આઈ એમ સો સોરી રંજન. મારે તારી સામે કોઈ ફરિયાદ નહોતી તો પછી હસીને વાત કરવાનું પણ હું કેમ ભૂલી ગયો?

અને પછી રંજનને કેટકેટલું કહેવાનું રહી ગયું એની મનમાં નોંધ કરવામાં તલ્લીન થઈ ગયા. અને હવે એક જુદું ચક્કર શરૂ થયું. ''બસ એક વાર રંજન સાથે વાત કરી લઉં અને દિલ હળવું કરી લઉં'' એવો નાદ ઊપડ્યો.

મૃતાત્મા સાથે સંપર્ક સાધવા માટે જે જે સાંઈ, સાધુ, ઓલિયાનું નામ મળે તેને જઈ મળ્યા, દાણા નખાવ્યા, તાવીજો મંત્રાવ્યા, કંઈ ધૂપ લોબાન કર્યા, ત્રણ પગની ઘોડીને પ્લેન્ચેટના પટ પર દોડાવી, 'ટોકિન્ગ બોર્ડ' ખરીદી એના પ્રયોગો કર્યા, 'હા' કે 'ના'માં પ્રશ્નોના જવાબ આપતા 'વીજા' બોર્ડના અખતરા કર્યા ('વી' એટલે ફ્રેન્ચમાં 'હા' અને 'જા' એટલે જર્મન ભાષામાં 'હા', એના ઉપરથી વીજા નામ પડ્યું), જિપ્સીઓને શોધી એમના તંબૂઓમાં મળ્યા, 'લેડી સ્કાઈ ફાયર'ની મુલાકત લીધી... કંઈ કેટલાંય પૈસાનો ધૂમાડો કર્યો. લાઈબ્રેરીમાંથી, ઇન્ટેરનેટ પર વંચાય એટલું વાંચી બને તેટલા અખતરાઓ કર્યા, પણ એમનો અજંપો કેમે કેડો ન મૂકે! રાતના ઊંઘ ઊડી જાય અને લમણે હાથ દઈ બેસે. 'સપનો કી રાની'ની યાદો સતાવે, બાઈબલના કિન્ગ સોલોમનને શરમાવે એટલો પશ્ચાત્તાપ ઊભરાણો. મનની શાંતિ કેમ આણવી એ કોયડો અકળ ને અકળ જ રહ્યો. મહિનાઓ સુધી એ ખોજ ચાલી.

રસ્તે જતાં નજીકના એક ચર્ચ બહાર લગાડેલા એક પાટિયા પર પાદરીના સંદેશાઓ વાંચવા મળતા. તેના પર દર અઠવાડિયે સંદેશાઓ બદલાતા રહે. આજે પાટિયા પર સ્વચ્છ, મોટા અક્ષરે ચોકથી લખાયેલો એક સંદેશો વાંચ્યો,

આઈ મે નોટ ટોક ટુ યૂ, બટ આઈ ડૂ લિસન

હું ભલે બોલું નહીં, સાંભળું છું એક એક શબ્દ.

અને રગેરગમાં કંઈ અનેરો ઝબકારો વ્યાપી ગયો. બસ, બસ ઇતિસિદ્ધમ્, હવે બહુ જ સહેલો ઉકેલ મળી ગયો. ઘરે જઈ એક સરસ મોટો કોરો કાગળ લઈ લખવા ટેબલ પર બેસી ગયા.

વહાલી વહાલી રંજન,

ઘણા વખતથી વાત કરવા મથતો હતો. હું લખે જઈશ, તું વાંચતી રહેજે! આજે હું ડેક પર બેઠો હતો અને પેલું રતૂમડું રોબિન આવી ડેકના કઠોડે બેઠું. ડોકી ઊંચીનીચી કરતું એની ચતરપતર ભાષામાં બોલ્યું. મને લાગ્યું કે એ મને કંઈ પૂછતું હતું. મેં કાન માંડ્યા. મને સંભળાયું,

'અહીં રહેતી પેલી પરી કયાં ગઈ'

મને એક સાંભળનાર મળ્યું એટલે મેં વાત શરૂ કરી,

'મારી રાધેરાણી જરા મોં મચકોડી મારાથી રિસાણી છે, પણ એવું તો અમારે જીવનમાં વારંવાર થયું છે.

બસ હવે તો મન થાય ત્યારે સુમનભાઈ કાગળ લઈ લખવા બેસે છે. આજુબાજુ અનેક સ્વરૂપે આવી કોણે શું જવાબ આપ્યો તે ખબર નથી પડતી પણ એમની વાત રંજન પૂરી સાંભળે છે, સમજે છે એવી એમને પૂરી શ્રદ્ધા છે. કાગળો લખીને રસોડામાં રાખેલા ટપાલપેટી જેવા એક બિસ્કિટના ભૂરા ટીનના ડબ્બામાં નાખે છે.

ગમે ત્યારે રંજન આવી ચડે અને મોં ન બગાડે એ વિચારે સુમનભાઈ ઘરને ચકચકતું રાખે છે અને મોજમાં છે. **મ**



એમ.એ. (૧૯૯૩)માં પ્રથમ વર્ગમાં પ્રથમ, ગુજરાત યુનિવર્સિટી. અનુવાદમાં રસ. કાન્ત-કલાપી-મેઘાણીના પત્રસાહિત્ય પર પીએચ.ડી. કર્યું. કથક નૃત્યમાં રુચિ. હાલમાં ગુજરાતી વિષયના ખંડસમયના અધ્યાપક. મહિપતરામ રૂપરામ નીલકંઠે લખેલું પત્નીનું જીવનચરિત્ર 'પાર્વતીકુંવરાખ્યાન'નું સંપાદન

**શ્રી એસ.ડી. પટેલ આર્ટ્સ એન્ડ સી. એમ. પટેલ કોમર્સ કોલેજ, આંકલાવ**
**જિ. આણંદ ૩૮૮ ૫૧૦**
**ફો. ૦૨૬૯૬-૨૮૨૩૦૯**
**મો. ૯૪૨૯૮ ૨૭૮૫૮**
**nivya.patel@yahoo.com**

નિવ્યા પટેલ

# ગાંડી ફરી ગાંડી થઈ

સ્ટેશન આવવાને હજી દસેક મિનિટની વાર હતી. પણ ડબ્બામાંના પેસેન્જરો બધાં સજ્જ થવા માંડ્યા હતાં. ઊભા થઈને ઉપરથી સામાન સીટ પર ગોઠવતા જતાં હતાં. કેટલાંક ઉતાવળીયાઓએ તો લાઈનો લગાવી દીધી હતી. મારી સામેની સીટ પર બેઠેલા રીન્કુબહેન તો બોટલમાં વધેલું પાણી ઘૂંટડો ઘૂંટડો બન્ને બાળકોને પીવડાવી, બોટલનું ઢાંકણું વાસીને થેલામાં ખોસી દઈ, બાળકોને બૂટ પહેરાવવા મંડી પડ્યા હતા. બાજુની સીટ પર ભરનિદ્રામાં સૂતા બાળકને એની માએ જગાડ્યું. એટલે રડારડ કરી મૂકી એની માને લાતો મારતું હતું. મને થાય કે આ છેલ્લું સ્ટેશન છે તો શા માટે આટલી ગામ પહેલાની આ લોકો ઉતાવળ કરતા હશે? પણ બધાંને જાણે ઓફિસમાં હાજરી પૂરાવાની હોય તેમ ભારે ઉતાવળ હતી. હું ઓફિસમાં કરવાના કામો મનોમન વિચારી રહી હતી. બોસે બોલાવેલી ત્રણની મિટિંગમાં સોંપાયેલા કામ લઈને હાજર રહેવાનું હતું. પણ એમનું કાંઈ ઠેકાણું નહીં. છેલ્લી ઘડીએ મિટિંગ કેન્સલેય કરી દે. એમને અગત્યના કામો મિટિંગના સમયે જ આવી જાય! વળી પાછુ આજે રક્ષાબહેન જોડે રિસેસમાં ડ્રેસ બદલાવવાય જવાનું હતું. એટલામાં તો ગાડી પ્લેટફોર્મ પર આવીને થોભી. એમાંથી ટોળેટોળાં ઝડપભેર જતાં હતાં. હું પણ ઝડપભેર ડબ્બામાંથી નીચે ઉતરી, ગેઈટ ભણી જઈ રહી હતી ત્યાં તો પગ આગળ જ સન્ન કરતો'કને એક પથ્થર આવ્યો. મેં પથ્થર જે ભણીથી આવ્યો હતો તે તરફ નજર કરી તો બહાર ભાગમભાગ થઈ રહી હતી. થયું કે એકાએક કાલુપુરમાં ધમાલ થઈ કે શું? પણ નજીક જઈને જોયું તો ખબર પડી કે આ તો આપણી પેલી ગાંડી પી. ટી. ઉષાની ધમાલ હતી.

... એ ક્યાંથી એકાએક અહીં આવી ચડેલી ને પછી તો જાણે સ્ટેશન એના બાપદાદાની જાગીર હોય એમ અહીંથી ખસવાનું નામ જ ના લેતી. આખો દિવસ પ્લેટફોર્મ પર દોડાદોડ કરતી. ગાડી ઉપડતા સુધીમાં તો ગાડીના પહેલેથી છેલ્લાં ડબ્બા સુધી એને અડકી અડકીને દોડ્યા કરતી હોય! એટલે તો એનું નામ પી. ટી. ઉષા પાડેલું.

પ્લેટફોર્મ પરથી ગાડી ઊપડે એટલે ક્યાંય સુધી એની પાછળ જોયા કરી વળી પાછી એના ઘોલકામાં કંઈક ને કંઈક ગડમથલ કર્યા કરતી. પારલેજી બિસ્કિટના પેકેટના કવર એને ભેગા કરવાનો ભારે શોખ. જ્યાં હોય ત્યાંથી વીણી લાવતી. એના કોથળા નીચે સંતાડી વળી પાછી બહાર કાઢતી. પેકેટ પરના બાબલા સામું ટગરટગર જોયા કરીને હસતી. અમે એની આવી ગાંડીઘેલી હરકતો ટ્રેનમાં બેઠાંબેઠાં જોતા. ક્યારેક તો ટ્રેનમાં ચર્ચાનો વિષય પી. ટી. ઉષા જ રહેતો. એને અમે ક્યારેક કંઈ ખાવાનું આપતા તો એ ટગરટગર અમારા સામું જોયા કરી ક્યારેક લે અને ક્યારેક ન પણ લે. અમે જોતા કે એને ખાવા કરતાં બાળકોને જોવામાં વધારે રસ છે. કોઈ પેસેન્જર જોડે બાળક હોય તો એની સામું ટીકીટીકીને જોયા કરે. એની આગળ પાછળ ફર્યા કરતી. કેટલાંક પેસેન્જરો ગભરાઈ જતા. તો કેટલાંક બાળકો પણ ગભરાઈને મા-બાપની સોડમાં ઘૂસી જતા. એ એકેએક ડબ્બામાં ડોકિયા કરી કરીને જોતી. અનેક નખરાં કરતી. ક્યારેક ખડખડાટ


હસતી તો ક્યારેક બધાને ખડખડાટ હસાવતી. એના કપડાંના દીદાર તો સાવ ઠેકાણા વગરના. કોઈકે આપ્યા હોય એ બધાયે એક ઉપર એક ઠઠાડી દેતી. ક્યારેક એને કોઈ ખીજવે કે કોક જમાદાર આવીને વઢી જાય તો કાપડના લીરેલીરા ઉડાવી નાખતી. એકેયનો કલર તો ભળાય જ નહીં. ગમે ત્યાં, ગમે તેવી ગંદકીમાંય ભર કરતી'કને બેસી જાય. ટ્રેન ઊપડે તો ક્યાંય સુધી ટ્રેનની પાછળ દોટ મૂકતી, જાણે ૪૦૦ મીટરની દોડમાં ભાગ ના લીધો હોય!

ટ્રેનમાંથી ઊતરવા કે ટ્રેનની રાહ જોતાં અમારી નજર પી. ટી. ઉષા ભણી અચૂક જતી. ક્યારેક એ ન દેખાતી તો નજર આમતેમ દોડી વળતી. 'તું ક્યાંથી આવી?' એવું અમે એને પૂછતાં. તો લંડન, અમેરિકા, પેરિસ કહીને ઊડવા માંડતી. ક્યારેક બે પગ વચ્ચે માથું નમાવીને 'સાહ્યબો મારો ગુલાબનો છોડ...?' એ

પારલેજી બિસ્ટિકના પેકેટના કવર એને ભેગા કરવાનો ભારે શોખ. કોથળા નીચે સંતાડી વળી પાછી બહાર કાઢતી. પેકેટ પરના બાબલા સામું ટગરટગર જોયા કરીને હસતી. અમે એની આવી એની ગાંડીઘેલી હરકતો ટ્રેનમાં બેઠાંબેઠાં જોતા.

ગણગણતી સાંભળીએ ત્યારે એના ઘરવાળા પર ધિક્કાર થતો. કેવો સરસ એનો અવાજ છે. કોણે આવા ગળાને ગૂંગળાવી નાખીને રઝળતું કરી મૂક્યું હશે!

એક વખત રીટાબહેનને વિચાર આવેલો કે આને બાળકો બહુ ગમે છે તો એની પાછળનું કંઈક કારણ હશે. કદાચ એનું છોકરું-બોકરું ક્યાંક ખોવાઈ ગયું હોય કે મરી ગયું હશે એટલે તો નહીં એ ગાંડી થઈ હોય! એટલે એમણે એક સરસ ઢીંગલી લાવીને એને આપી. અમે એ વખતના એના હાવભાવ જોઈ રહ્યા હતા. અમને નવાઈ લાગી. એણે ઢીંગલીને સાચવીને ખોળામાં સૂવાડી થાબડવા માંડી. એને પંપાળવા માંડી, એને બચીઓ ભરીને વહાલ કરવા માંડી. પછી તો ધીમે રહીને એને છાતીએ વળગાડવા માંડી, પણ એ ધાવતી



નહોતી એટલે એને આમ-તેમ ફેરવી ફેરવીને જોઈ રહી બે ચાર થપ્પડ પણ લગાવી દીધી. એ એની ઉપર ખીજાઈ એટલે ઢીંગલીના કપડાં ફાડવા માંડી. વાળી પાછી ધીમે રહીને ખોળામાં થાબડીને કોથળામાં સૂવડાવી દીધી.

સાંજે પાછા વળતાંય એ સૂતેલી જ હતી. મારાથી તો રહેવાયું નહીં, નજીક જઈને એને જગાડવાનો સંકોચ ને વળી એના લબાચાને અડકવાની સૂગ પણ હતી. દૂરથી જોયું તો એના પથારા જોડે ઊલટી કરી હોય એવી વાસ આવતી હતી.

કેટલાંક દિવસ પછી અચાનક જ નજર પડી તો પી. ટી. ઉષા એનો લબાચો લઈને પ્લેટફોર્મના દાદર ભણી જઈ રહી હતી. પેલી ઢીંગલીની દશા તો એણે એના જેવી જ કરી મૂકી હતી. એ એની જોડે ને જોડે જ રાખતી. એને ધમકાવી ધમકાવીને ચલાવતી. ચલાવતા ચલાવતા આડી પડી જાય તો બે-ચાર થપ્પડ ચોડી દઈ વળી પાછી તેડી લેતી. ટ્રેનની રાહ જોતા મુસાફરોની નજર એના ભણી જતી તો તેઓ અંદરોઅંદર મરક મરક હસી લેતા. ધીમે ધીમે દાદર નીચે એનું ઘર થઈ ગયું હતું. વની-વનીનો કચરો એના ઘરમાં ઠલવાતો હતો. એક દિવસ સવારે ટ્રેનમાંથી ઊતરતા એના ભણી નજર ગઈ તો એ સૂઈ રહી હતી. નવાઈ લાગી કે પી. ટી. ઉષા આજે હજી સુધી ઊઠી નથી! સાંજે પાછા ફરતા જોયું તો એ ત્યાં નહોતી. એની ઢીંગલીયે એના ઘોલકામાં ક્યાંય દેખાતી નહોતી. સામેના પ્લેટફોર્મ સુધી નજર એને શોધી રહી હતી. જોયું તો ચાના સ્ટોલ ભણી કોઈ એને ચાનો કપ આપી રહ્યું હતું ને બહેનબા ત્યાં બાંકડે બેઠા બેઠા ઠસ્સાથી પગ પર પગ ચડાવીને ચાનો પ્યાલો મોઢે માંડીને ચા પી રહ્યાં હતાં. બે-ચાર જણા એની આસપાસ ઊભા હતા એમાંના એકે ભજીયાનું પડીકું લાવીને એની સામે ધર્યું.

વળી પાછી થોડાક દિવસો ગયા હશે ત્યાં ફરીથી એ સૂતેલી નજરે ભાળી. સાંજે પાછા વળતાંય એ સૂતેલી જ હતી. મારાથી તો રહેવાયું નહીં, પણ નજીક જઈને એને જગાડવાનો સંકોચ ને વળી એના લબાચાને અડકવાની સૂગ પણ હતી. દૂરથી જોયું તો એના પથારા જોડે ઊલટી કરી હોય એવી વાસ આવતી હતી. બે ચાર દિવસ સુધી આમ ઢીલી ઢીલી રહી. થોડા દિવસ પછી અમને એ પ્રેગ્નન્ટ હોય એવી ફૂલેલા પેટવાળી દેખાવા લાગી. અમને એ નરાધમ પર દાઝ ચડી. હવે તો એની ચાલ પણ બદલાઈ હતી. હવે એ દોડતી નહોતી. અમારામાંથી કોઈક ને કોઈક એના માટે કપડાં-ખાવાનું લાવતા. ઘણી વાર તો ખાવાના ઉપર માખીઓ ય બબડતી. હવે તો પ્લેટફોર્મ પરના સ્ટોલવાળા, ફેરિયાઓ પણ એનું ધ્યાન રાખતા. 'જીસકા કોઈ નહીં ઉસકા તો ખુદા હે યારો' એ અત્યારે સાચું લાગતું હતું.

આમને આમ થોડા દિવસ થયા હશે અને એક દિવસ જોયું તો એની પ્રસૂતિયે થઈ ગઈ હતી ને નાનકડા સુંદર બાળકને એ રમાડી રહી હતી. એ બહુ ખુશ દેખાતી હતી. અમારામાંના ઘણાં એને જોવા ટોળે વળી જતા પણ કોઈને ઊભા રહેવા નહોતી દેતી. દાંતિયા કરતી, ચીસો પાડતી.

પછી તો એને લઈને ફરવા માંડી. એવું લાગે કે જાણે એને મા બનવાનો બહુ શોખ હતો. એને નળ નીચે લઈ જઈ નવડાવતી અમારામાંના કેટલાંક એને માટે બાળોતિયાં લાવ્યા તો એ પહેરાવતી.

... પણ આજે તો શું થયું કે ગાંડી થઈ ગઈને પથરા ફેંકવા માંડી. બાજુના સ્ટોલવાળાને મેં હકીકત પૂછી તો એણે કહ્યું કે, "મેડમ, એ સવારે ઊઠી તો એનું બચ્ચું નહોતું. એ પહેલી અહીંયા જ આવેલી ને મારા ભજીયાની ડીશ ઊથલાવી નાખી. પછી અમે એને ધમકાવી તો સ્ટેશન પર દોડાદોડ કરવા માંડી. બધેય ફરી વળી. પાર્સલ ઓફિસમાંય ગઈ હતી. કચરાના ઢગલા પાસે થોડીવાર પહેલાં જ હતી. પછી એને શું સૂઝ્યું તે પાટા પર પડેલા પથરા ફેંકવા માંડી."

એવો જ એક પથ્થર મારા પગ પાસે આવેલો એમ હું વિચારતી જાઉં છું ત્યાં તો રેલવે પોલીસ એને પકડીને લઈ જતી રહી હતી. એની રોકકળ મારાથી જીરવાતી નહોતી. કોઈકે વળી એને સામો પથરો મારેલો તે આંખની નીચે ઘા પાડી દીધેલો. ઘામાંથી લોહી વહી રહ્યું હતું. મારી મચડીને એને સ્ટેશનની બહાર લઈ ગયા. જાળીદાર પોલીસવાનમાં એને ચડાવી દીધી.

હું ભારે મને ઓફિસ ભણી રવાના થઈ.

સાંજે ક્વીનના સમયે ભેગા થયેલા હું ને રીટાબહેન સવારની આ ઘટનાની વાત કરી રહ્યાં હતાં. ગાડીમાં બેઠાં ત્યારે પેસેન્જરનું ટોળું બોલી રહ્યું હતું. "અલ્યા આપણી પેલી પી. ટી. ઉષા તો ફરી ગાંડી થઈ'તી." અને મારા મનમાં પી. ટી. ઉષા, એની ઢીંગલી, એનું બાળક, પેસેન્જર સામેના એના નખરાં, પ્લેટફોર્મ પર એનું દોડાદોડ કરવું અને આંખ નીચેના ઘામાંથી નીગળતા લોહીવાળો પોલીસવાનની જાળીમાંથી દેખાતો એનો ચહેરો રમી રહ્યો હતો. **મ**

سતીશ વૈષ્ણવ

# ત્રયાક્ષરી સંબંધો



*હું નિવૃત્ત બેંક અધિકારી છું. ૨૦૦૭માં 'નવનીત સમર્પણ'માં પહેલી વાર્તા પ્રગટ થવાની સાથે લગભગ ૨૮ વરસના અંતરાલ પછી ફરી લખવું શરૂ કર્યું છે. ત્યાર પછી કેટલીક વાર્તાઓ પ્રગટ થયેલ છે. કેતન મુનશી વાર્તા સ્પર્ધાના પહેલા વરસે ૨૦૦૯માં મારી વાર્તા 'મૈત્રી અને મૌન'ને સર્વશ્રેષ્ઠ વાર્તા તરીકેનું ઇનામ મળ્યું હતું.*

**૭-એ, મનદીપ ફ્લેટ્સ**
**હીરાબાગ આંબાવાડી બજાર**
**આંબાવાડી**
**અમદાવાદ ૩૮૯ ૦૦૬**
**ફો. ૦૭૯-૨૬૪૦૦૮૬૭**
**મો. ૯૪૨૭૯ ૦૩૭૭૦**
**sdv006@gmail.com**

ઓછામાં ઓછું છ મહિના ઘર બંધ રહેવાનું હોવાથી ઈન્ટરનેટ કનેક્શન ડિસકન્ટિન્યૂ કરવાની અરજી આપીને દિવાકર બીએસએનએલની ઓફિસમાંથી બહાર નીકળ્યો ત્યાં જયવંત સામે મળ્યો. જયવંતે સામાન્ય વાતચીત દરમિયાન મર્માળુ હસતાં પૂછ્યું, 'મુકુંદને મળ્યો?'

પડોશમાં રહેતા મિત્ર જયવંતના પ્રશ્ને એને છેલ્લા દસ-પંદર દિવસમાં ટુકડે-ટુકડે અંજનાએ કહેલી વાતોની એકસામટી યાદ અપાવીઃ દીકરાની સાથે લાંબો સમય રહેવાનો પ્લાન કરીને ઓસ્ટ્રેલિયા ગયેલો મુકુંદ પૂરો મહિનો પણ રોકાયા વિના પાછો અમદાવાદ આવતો રહ્યો હતો. મુકુંદની પત્ની કહેતી હતી કે તે આખો દિવસ મોં-માથા વિનાનું બોલ્યા કરે છે. મુકુંદના પડોશીઓના અભિપ્રાય પ્રમાણે એને ડિપ્રેશનની સારવાર કરાવવાની જરૂર છે.

એક જ સોસાયટીમાં નજીકમાં રહેતા મુકુંદને દિવાકર મળી શક્યો ન હતો. કારણ કે એ પોતે જ છેલ્લા પખવાડિયાથી કલકત્તા જવાની તૈયારીની દોડધામમાં પરોવાયેલો હતો. જે કાંઈ કરવાનું હતું તે તેને જ ત્રેસઠ-ચોસઠ વરસની ઉંમરે એકલપંડે કરવાનું હતું. જયવંતના મર્માળા હાસ્યે દિવાકરને અંજનાએ મુકુંદ વિશે આપેલી માહિતી પર વિચાર કરવાની તક આપી. ઘર તરફ જતા એ વિચારતો હતો કે મુકુંદમાં રહેલા કવિ અને બાયોલોજીનો નિવૃત્ત પ્રોફેસર એક થઈને કંઈ પણ કહેવાનું શરૂ કરતા ત્યારે એની



વાત સમજવા માટે ધ્યાનપૂર્વક સાંભળવું જરૂરી હતું.

●●●

ફાઈલોનાં પોટલાની પાછળ દિવાકર ગાંધીનગરના સરકારી આવાસમાં પ્રવેશ્યો ત્યારે અંજનાની આંખ રડેલી હતી. અમદાવાદથી કુરિઅર દ્વારા આવેલો એક કાગળ દિવાકરને આપીને એણે કહ્યું, 'લ્યો, આ વાંચો.' ગિરા, એની ફ્રેન્ડ આનલને સાથે રાખીને આલોકની સાથે સિવિલ મેરેજ કરીને તે જ દિવસે સાંજે, મા-બાપને ફોન કરવાની પણ તસ્દી લીધા વિના, કલકત્તા જતી રહી હતી. એક ટૂંકા ફકરાના એ કાગળના ગિરાએ છેલ્લા વાક્યોમાં લખ્યું હતું : 'તમે જે સંબંધનો ઉદારતાથી સ્વીકાર કર્યો નહીં તે સંબંધને આલોકના પરિવારે પૂરા ઉમળકાથી આવકાર્યો છે. આજે મારું રમોલા આલોક મોઈત્રા તરીકે ટ્રાન્સફરમેશન સંપૂર્ણ બન્યું છે.'

કાગળ વાંચીને બાજુમાં મૂકતા દિવાકરે હતાશ સ્વરે કહ્યું : 'આપણે ક્યાં ના પાડી હતી?'

'હા પણ ક્યાં કહી હતી?' અંજનાના શબ્દોમાં રહેલો ઉપાલંભ સાંભળીને દિવાકર ખામોશ બેસી રહ્યો.

બે કોળિયા લુશલુશ ગળે ઊતાર્યા પછી એ બંને મનમાં મચેલા ઘમસાણને જોતાં મૂંગા બેઠાં હતાં. દિવાકરથી એકાએક બોલી જવાયું, 'અમદાવાદના ઘરમાં એને એકલી રહેવાની છૂટ આપી તે જ આપણી ભૂલ હતી.'

'આપણે કોઈ ભૂલ કરી નથી.' અંજનાએ કઠોર સ્વરે કહ્યું, 'ગિરા નવાઈની એકલી રહી હતી? અનેક છોકરીઓ ફ્લેટ ભાડે રાખીને એકલી રહે છે, ભણે છે, નોકરી કરે છે.' પછી રડમસ અવાજે એ બોલ્યા, 'આપણા નસીબ એવાં... એકની એક દીકરીને પણ હોંશથી પરણાવી શક્યા નહીં.'

વોટર કોન્ઝર્વેશનના ક્ષેત્રે કાર્યરત યુ.કે.ની એક સંસ્થા દ્વારા ઉત્તર ગુજરાતમાં સ્પોન્સર કરાયેલા એક પ્રોજેક્ટમાં કામ કરવા દરમિયાન ગિરા અને આલોક નજીક આવ્યા હતા. પ્રોજેક્ટનું સંચાલન અમદાવાદથી થતું હતું અને ટ્રાવેલિંગ પણ સારું એવું રહેતું હોવાથી ગિરા ઘણા સમયથી બંધ રહેતું અમદાવાદનું ઘર ઉઘાડીને ત્યાં રહેતી હતી. દિવાકરને આ ગમ્યું ન હતું. ગાંધીનગર એવું ક્યાં આઘું છે? અમદાવાદમાં જ રહેવું જરૂરી હોય તો બે-ત્રણ છોકરીઓની સાથે ફ્લેટ ભાડે રાખીને રહો!' પરંતુ ગિરાએ કહ્યું હતું કે તે આ સંસ્થામાં પગારને નહીં, સેવાને ધ્યાનમાં રાખીને જોડાઈ છે.

કામ ઊગતું દેખાય એવા ફિલ્ડમાં કામ કરવાની ગિરાની ઈચ્છાને વોટર કોન્ઝર્વેશનના પ્રોજેક્ટમાં પાંખ મળી હતી. લોકોને માટે અને લોકોની સાથે કામ કરવાની એક તરસ એના મનોભાવમાં જાગી હતી. એ ફિલ્ડમાં ગામડાના લોકોની સાથે ચર્ચા કરતી ત્યારે એને આનંદ થતો કે, જી. આર.ની અંતવિહીન ચર્ચામાં મંથર પગે ચાલતા, ઢળેલા ખભા, સાંકડી છાતી અને લબડતી ફાંદવાળા સરકારી બાબુઓની દુનિયાથી એ દૂર હતી. એક ચિનગારીની પ્રતિક્ષા કરી રહેલી એક શિખાએ એના હૃદયમાં જન્મ લઈ લીધો હતો. આલોકનો પરિચય થયો અને એના શબ્દોમાં, કાર્યોમાં અને સૌથી વિશેષ તો એની આંખમાં અંજાયેલા અજંપાથી ગિરાની જ્યોત આલોકમય બની ગઈ. મહિનામાં બે-ત્રણ વાર ગાંધીનગર ટપકી પડતી ગિરાએ એક વાર અંજનાને પૂછ્યું, 'મમ્મી, તને મારી આંખ કંઈ જુદી લાગે છે?'

અંજનાએ ગિરાની આંખમાં ઘડીભર ઊંડે સુધી જોઈને કહ્યું હતું, 'જોજે, અમને અંધારામાં રાખીને પરણી જતી નહીં!'

ગિરા કહેવા લાગી: 'મમ્મી, એ પોચુંકુમાર નથી. એણે બાપના પૈસે બાઈક ફેરવી નથી. એ હાઉસિંગ લોન લઈને મકાનમાલિક બનવા તડપતો નથી. સેન્સેક્સ જોઈને લાળ ટપકાવતો નથી. એ ઝિંદાદિલ છે. દર મહિને કોમ-શો-કોમ ત્રણ કુટુંબોને પગભર કરવાનું એનું સપનું છે... મમ્મી, આઇ લવ આલોક બિશ્વજીત મોઈત્રા... પપ્પાને કહેજે કે આપણી દીકરી બંગાળીને પ્રેમ કરે છે...'

અડતાળીસ કલાક પછી ગિરાએ અંજનાને ફોનમાં પૂછ્યું, 'પપ્પા શું બોલ્યા?'

'સાંભળીને પહેલાં તો કાંઈ બોલ્યા નહીં, 'અંજનાએ કહ્યું, 'પછી ધીમા અવાજે બોલ્યા કે ગિરાને કહો કે ઉતાવળ કરે નહીં... મર્યાદામાં રહી એકાદ વરસ હરે-ફરે, છોકરાને પૂરો ઓળખે...'

'બસ, આટલું જ કહ્યું? બાબુમોશાય વિશે કંઈક તો બોલ્યા જ હશે.'

'તું તારા પપ્પાના ખાવા-પીવાના આગ્રહો જાણે છે. આપણે ત્યાં તો લસણ-ડુંગળી પણ વર્જ્ય છે.'

અંજના દ્વારા અધ્યાહાર રખાયેલા દિવાકરના શબ્દો ગિરાના કાનમાં પડઘાયા: 'ગિરા, આપણી ગિરા, માછલીને અડશે? આપણે ત્યાં એ કદી લસણ-ડુંગળીને પણ અડી નથી... બંગાળીને ત્યાં એ માછલી કાપશે, રાંધશે...?'

પડઘા શમતા એ બોલી: 'મમ્મી, આઈ એમ હેલ્પલેસ! હું આલોકને પરણવાની છું. એના ખાન-પાનને નહીં.'

ગિરાના છ ફોટા આલોકે એના કુટુંબીજનોને જોવા માટે ઈ-મેઈલ દ્વારા એની ભાભીને મોકલી આપ્યા. ગિરાએ વેબકેમમાં એકબીજાની સાથે કિલકાર કરતા આલોકની બહેનની સાથે ચેટ પણ કરી. આલોકના બનેવીએ વચ્ચે ડોકું કાઢીને ગિરાને પૂછ્યું, 'ગિરાજી, કેમ છો? મજામાં છો?'

ગિરા દ્વારા વખતોવખત અપાતો અહેવાલ સાંભળીને અંજનાને ચટપટી થઈ કે અર્ધી કલાકમાં એકબીજાને રૂબરૂ મળી

શકાય એવી સગવડતા હોવા છતાં એણે એક વાર પણ આલોકને જોયો ન હતો. અંજનાએ ગિરાને સીધો આદેશ આપી દીધોઃ 'આ રવિવારે તું આલોકને લઈને આવજે.'

ગિરાના આમ અચાનક કલકત્તા ચાલી જવા માટે અંજના મનના ખૂણે પોતાને દોષ આપતી હતી. એણે કિશોરી જેવી આતુરતા બતાવીને આલોકને જોવા માટે આટલું જલદી આમંત્રણ આપવાની જરૂર ન હતી. બે-ચાર વાર ફોનમાં વાતચીત, એકબીજાના કુટુંબની માહિતીની આપ-લે, અમદાવાદમાં ઘરે ગોઠવેલી એકાદ ટૂંકી મુલાકાત જેવી ભૂમિકા દિવાકરને સાથે રાખીને રચવાની જરૂર હતી. એણે તો પહેલાં ગિરાને આલોકને લાવવાનું કહ્યું, પછી શિષ્ટાચાર નિભાવવા દિવાકર પાસે 'આજ નહીં તો કાલ મગ-ચોખા મળવાના જ છે, એવું કહીને આલોકને આમંત્રણ આપતો ફોન પણ કરાવ્યો. દિવાકરના આમંત્રણનો સ્વીકાર કરતા આલોકે કહ્યું, 'બાબા, માંકો બોલના કિ મેં ખાને મેં સિમ્પલ હું... માચેર જોલ ઔર ભાત... બહોત હો ગયા...!' રેવન્યુ ડિપાર્ટમેન્ટના ડેપ્યુટી સેક્રેટરીની ખુરશી પર બેઠેલા દિવાકરને આલોકની રમૂજ પસંદ પડી નહીં. એણે ગંભીર ટોનમાં 'આર યુ કિડિંગ?' કહીને ફોન મૂકી દીધો.

રવિવારે સાંજે ગિરાની સાથે આલોક આવ્યો. અંજનાએ બનાવેલી પૂરણપોળીના વખાણ કરતા જમ્યો. જમીને એણે સહુની સાથે ડ્રોઇંગ-રૂમમાં બેસીને પોતાની વાતો કરી. સોશિયલ વેલ્ફેરમાં પોસ્ટ-ગ્રેજ્યુએશન કર્યા પછી જુદા જુદા એનજીઓની સાથે છેલ્લા છ વરસથી કામ કરે છે. મોટોભાઈ ટીએમસીનો સક્રિય કાર્યકર છે. ફુરસદ મળે ત્યારે પિતાની સાથે કાપડની દુકાન સંભાળે છે. ભાભી સાઉથ ઈસ્ટર્ન રેલવેમાં એકાઉન્ટ્સ ઓફિસર છે. બહેનને બોલપુરમાં પરણાવી છે. દાદી છે. મા એ ચાર વરસનો હતો ત્યારે ગુજરી ગયાં હતાં... દિવાકરને લાગ્યું કે વાતચીત દરમિયાન આલોક અંજના અને ગિરાની વચ્ચે ઝૂલી રહ્યો છે. એને પોતાની ઉપસ્થિતિ નોંધાવવાની ઈચ્છા થઈ. એણે આલોકને કહ્યું, 'હમ દેશ મેં બહુત ઘૂમે હૈં... એક કલકત્તા નહીં દેખા... અભી વહાં ભી આયેંગે...'

આલોકે કહ્યું, 'હાં, જરૂર આના. કોલકાતા કે સાથ બેંગાલી ફેમિલીકા લાઈફ ભી દેખને કો મિલેગા!'

પરંતુ અંજનાને આલોક અત્યારે ક્યાં રહેવાનો છે તેમાં રસ હતોઃ 'આલોક, અમદાવાદ કૈસા લગા? ઠહરને લાયક લગા?'

એણે ગિરા તરફ જોયું. એ જાણતી હતી કે આલોકનો ઝોક કલકત્તા તરફ હતો. આલોકે કહ્યું, 'હાં, અમદાવાદ ભી ઠીક હૈં...'

આલોકના 'ઠીક'માં શ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર વાંચીને દિવાકરે આવેશમાં આવી જઈને અંગ્રેજીમાં નાનું ભાષણ આપી દીધુંઃ 'અલબત્ત, રહેવા માટે અમદાવાદ ઉત્તમ શહેર છે. બિઝનેસ કરવો હોય તો પણ અમદાવાદ અત્યારના સંજોગોમાં શ્રેષ્ઠ છે. હું તો ઈચ્છું છું કે ગિરા અને તમે, તમને ગમતું મિશન હાથમાં લઈને એક એન.જી.ઓ. શરૂ કરો. રાજ્ય અને કેન્દ્ર સરકાર તેમજ વિદેશી સંસ્થાઓ પણ સારા એન.જી.ઓ.ને ઘણી મદદ કરે છે. શરૂઆતમાં અમદાવાદમાં આપણા ઘરમાં જ તમે ઓફિસ રાખી શકો... મારે રિટાયર્ડ થવાને હજી દોઢ વરસની વાર છે. હું પણ મારી ગુડ ઓફિસીઝ દ્વારા તમને મદદરૂપ થઈ શકીશ...'

જવાબમાં આલોકે 'સોચેંગે' કહ્યું ખરું પણ એના ચહેરાના ભાવ વાંચીને અંજનાને ત્યારે જ શંકા થઈ હતી કે દિવાકરના શબ્દોએ કંસારની થૂલી કરી નાંખી હતી.

બીજા દિવસે અંજનાએ ગિરાને ફોન કર્યો ત્યારે ગિરાએ કહ્યું, 'મમ્મી, આ બધા બંગાળીઓ સ્વભાવે સામ્યવાદી છે... પપ્પાની એક પણ વાત આલોકને ગમી નથી!'

બહુ દિવસો પછી આનલ દ્વારા જાણવા મળ્યું હતું કે આલોકે ગાંધીનગરથી આવીને બીજા જ દિવસે પ્રોજેક્ટમાંથી રાજીનામું આપી દીધું હતું.

દીકરીનું નામ ગિરા. ઘરનું નામ 'ગિરા'. જીવની જેમ જતન કરેલા ઘરમાં નિવૃત્તિ પછી દિવાકર અને અંજના રહેવા આવ્યા ત્યારે અમદાવાદમાં જ દીકરીને પરણાવવાના અને એના સંસારની સાથે ઓતપ્રોત થઈને બાકીનું આયખું પૂરું કરવાના જીવનભર સેવેલા મનોરથ મકાનની તખતી બનીને રહી ગયા હતા. દોઢ-બે વરસ પહેલાં ગિરા રમોલા નામ ધારણ કરીને દૂર-સુદૂર ચાલી ગયા પછી એના તરફથી કોઈ પત્ર કે ફોન ન હતો.

ગિરાની સ્મૃતિ અસહ્ય બનતી ત્યારે અંજના દિવાકરને કહેતી, 'તમે સારી વાત કહેવામાં ઉતાવળ કરી ન હોત તો કદાચ આજ પરિસ્થિતિ જુદી હોત.' દિવાકર સમજતો હતો કે અંજના એને જ દોષી ગણે છે. ગિરાના ધૃષ્ટ વર્તનથી પણ અંજના નારાજ થઈ હતી. એ મનોમન કહેતી હતી કે આમ ભાગી જવાની ક્યાં જરૂર હતી? અમને કહ્યું હોત તો અમે જ સિવિલ મેરેજ કરાવી આપ્યા હોત. સાનુકૂળ મા-બાપની આમ ઉઘાડી અવહેલના કરવાથી ગિરાએ પ્રેમનું ગૌરવ ઓછું કર્યું છે. ગિરાનો કાગળ વાંચીને એ બોલી હતી કે એણે આજ સુધી પાળ્યું હતું. 'ફોન ઉપર બે શબ્દ બોલવા પૂરતો પણ શિષ્ટાચાર એણે બતાવ્યો નહીં. હું એની સાથે સામેથી વાત કરવાની નથી કે કાગળ લખવાની નથી.'

લગ્ન પછી પણ અમદાવાદમાં જ ઠરીઠામ થયેલી આનલ મારફત દિવાકરને ગિરાના સમાચાર મળ્યા હતાઃ આલોક

'હેલ્પેજ'માં જોડાયો હતો. ગિરા આઈટીસીના એક વિમેન્સ એમ્પાવરમેન્ટના પ્રોજેક્ટમાં કામ કરતી હતી.

ઘરના ફોનનો નંબર બદલાયો હતો. અંજનાને ડાયાબિટીસ થયાનો રિપોર્ટ આવ્યો હતો. આ બંને વિગતોની ગિરાને જાણ કરવાનું આનલ કહેતાં દિવાકરે લાગણીભર્યા સ્વરે ઉમેર્યું હતું. 'આટલું મારા ખાતર તું કામ કર! એક વાર મા-દીકરી વાતચીત કરતા થઈ જાય એટલે હું છુટ્ટો!'

આ વાતને દશ દિવસ વીતી ગયા. સાંજે સાડા છ વાગે દિવાકર બાગમાં ફરવા ગયો હતો. અંજના કંટાળેલા ચહેરે ઘરમાં બેઠી હતી ત્યાં ફોન રણક્યો. અંજનાના 'હેલો'ના જવાબમાં શબ્દો આવ્યાઃ 'મમ્મી! હું ગિરા...!'

તે રાતે જમવા પહેલાં લેવાની ડાયાબિટીસની ગોળી લેવાનું અંજના ભૂલી ગઈ. સૂતાં પહેલાં પાંચ વખત એકની એક વાત અંજનાએ કહીઃ 'ગિરા બહુ આનંદમાં હતી... કહેતી હતી કે સસરા બહુ ધ્યાન રાખે છે... બંનેની નોકરી પણ સારી છે... મને તબિયત સાચવવાનું એણે વારંવાર કહ્યું...'

દિવાકરે પૂછ્યું હતું, 'મારા વિશે કંઈ પૂછતી હતી?

'હા, પૂછ્યું ને! પપ્પા શું કરે છે? મેં કહ્યું, શું કરે? એના ઉપરના રૂમમાં બેસીને વાંચ્યા કરે... ઈન્ટરનેટ જોયા કરે... સાંજે ફરવા જાય. આ ફોનનું એક્ષટેન્શન ઉપર છે પણ ફોન તો મારે જ લેવાનો! હું દાદર પાસે ઊભીને કહું કે ફોન લેજો; તો જ એ ફોન લે...!'

ગિરાના એક ફોને અંજનાને ચામડાનું તાળું બનાવી દીધી. એના ફોન ગમે તે દિવસે સાંજે ટપકી પડતા હતા તેથી અંજનાએ સાંજના સમયે ઘરની બહાર જવું બંધ કર્યું હતું. ગિરાએ અંજનાને કહી રાખ્યું હતું કે એ એને અનુકૂળ હશે તે દિવસે ફોન કરશે. તારે ફોન ન કરવો. દિવાકરે એનો ઈ-મેઈલ આઈડી લખી, અંજનાને આપીને ગિરાને લખાવવાનું કહ્યું. ગિરાએ કહ્યું, 'મમ્મી પોતાનાની સાથે વાત કરવા માટે ફોન જેવી મજા બીજી એક પણ નથી.'

ક્યારેક અંજના ગિરાએ કહેલી વાતોનો સારાંશ દિવાકરને કહેતી :

...ત્યાંના ઘણા રિવાજો આપણા જેવા જ છે. ત્યાં પણ ગામડામાં રહેતા ઘણા જૂનવાણી કુટુંબોમાં આપણા દાદા-દાદીની જેમ મા-બાપ દીકરીના ઘરનું પાણી પણ પીતા નથી.

...બંગાળીઓને માછલી વિના એક ટંક પણ ચાલતું નથી એવી માન્યતા ખોટી છે. વસંત પંચમી, દુર્ગાષ્ટમી, લક્ષ્મીપૂજા અને ચૈત્રી સંક્રાંતિના દિવસે ઘણા બંગાળીઓ સંપૂર્ણ શાકાહારી ભોજન લે છે. ત્યાં વિધવાઓ અને વૈષ્ણવ સંપ્રદાયમાં માનનારાઓ માંસાહાર કરતા નથી. આલોકના દાદી વિધવા છે. એણે લગભગ વીસ વરસથી માછલીનો સ્વાદ ચાખ્યો નથી.

એક રવિવારે બપોરે દિવાકર ચા પી રહ્યો હતો ત્યાં ફોન આવ્યો. અંજના ફોન હાથમાં લેતાં જ ઉછળી પડીઃ 'ઓહ! આલોકબાબુ!' દિવાકરનો રકાબી પકડેલો હાથ ધ્રૂજી ઊઠ્યો.

આલોક બોલતો હતોઃ માં! પ્રોનામ! જોતો તાડાતાડી હોતે પારે ચાલે આશુન. આપનાકે દેખતે ખૂબ ઈચ્છે કોરછે. આપનાકે કોમ શે કોમ છો માશ આમાર શોંગે થાકતે હોબે. આમિ જેનો નિજેર માર શોંગે થાકબો. આપનિ તો જાનેન જે આમિ બોછોરેર બોયશે નિજેરમાં કે હારિયે ફેલે છિલામ...

બેબાકળી આંખે ઘડીકમાં દિવાકર તરફ, ઘડીકમાં રિસીવર તરફ જોતી અંજના સૂકાયેલા કંઠે બોલીઃ 'બેટા! હિન્દી મેં બોલો...'

ત્યાં ગિરાનો અવાજ સંભળાયો, 'મમ્મી! આલોક સાવ ચક્રમ છે! લાગણીના આવેશમાં એ તમારી પાસે બંગાળીમાં ભરડતો'તો.'

'પણ કહે તો ખરી; આલોક શું કહેતા હતા.'

અંજનાએ જે સાંભળ્યું તે ફોન મૂક્યા પછી; શ્વાસ હેઠો બેઠા પછી; ભીની આંખે એણે દિવાકરને કહી સંભળાવ્યું

'મમ્મી! પ્રણામ! શક્ય હોય એટલી ઉતાવળ કરીને અહીં આવી જાવ. તમને જોવાની ઘણી ઈચ્છા છે. અમારી સાથે ઓછામાં ઓછું છ મહિના તો તમારે રહેવાનું છે. મને મારી મા સાથે ફરી રહેવા મળશે. તમે તો જાણો છો કે મેં ચાર વરસની ઉંમરે મા ગુમાવી છે.'

તે રવિવાર પછી ગિરાના ફોન દિવસ દરમિયાન ગમે ત્યારે અવારનવાર આવતા રહ્યા.

થોડા દિવસો પછી અંજનાએ દિવાકરને કહ્યું; 'ગિરા આપણને કલકત્તા બોલવવાનો પ્લાન કરે છે.'

આલોકબાબુનો સ્નેહાદાર સંપાદન કરવા માટે દિવાકરે હોંશીલા ટૂરિસ્ટની જેમ કલકત્તા, ગંગાસાગર, રવીન્દ્રનાથ અને શાંતિનિકેતન વિશે વાંચી વાંચીને વિગતો યાદ રાખવા માંડી. રવીન્દ્રનાથની ૧૫૦મી જન્મજયંતીના વરસે આલોકે ગિરાના મા-બાપને કલકત્તા આવવાનું આમંત્રણ આપ્યું હતું તેનો આનંદ વ્યક્ત કરવા આલોકને કહેવા માટે દિવાકરે જાણકાર પાસે એક બંગાળી વાક્ય દેવનાગરી લિપિમાં તેમજ હિન્દીમાં લખાવીને ટેબલ પર મૂકી રાખ્યું હતું.

ફરી એક બપોરે ગિરાનો ફોન આવ્યો. ગિરાએ અંજનાને કહ્યું; 'પપ્પાને આપ!'

''કેમ છો બેટા!' ગળગળા સાદે માંડ બોલાયેલા દિવાકરના શબ્દોના જવાબમાં ગિરાએ કહ્યું; 'મજામાં છું; પપ્પા! અમે મજામાં છીએ. તમે આલોકને કહ્યું'તું ને કે એક કલકત્તા સિવાય તમે બધું જોયું છે. હવે તમે કલકત્તા પણ જોઈ શકશો. પપ્પા; તમે ત્રેવીસ ઓક્ટોબર, રવિવારની જેટલાઇટની મુંબઈથી

બપોરે એક ને દશે ઊપડતી ફ્લાઇટ નંબર...' દિવાકરે કહ્યું, 'ઊભી રહે બેટા, હું લખી લઉં...'

●●●

'મુકુંદને મળ્યો?' પોતાના ઓરડામાં પ્રવેશતા દિવાકરના મનમાં જયવંતનો પ્રશ્ન તાજો થયો. 'રૂબરૂ મળાશે ત્યારે મળીશ. અત્યારે તો ફોન પર ખબર પૂછી લઉં.' એમ મનમાં બબડીને દિવાકરે ફોન ઊપાડ્યો. ફોનમાં અંજના અને ગિરાની વાત ચાલુ હતીઃ અંજનાઃ 'મારાથી થોડું કહેવાય?' ગિરાઃ 'ન જ કહેવાય. પણ હું અમસ્તી વિચારતી'તી કે પપ્પા છ છ મહિના માટે અમદાવાદનું ઘર છોડીને દીકરીને ત્યાં રહેવા તૈયાર થયા ઈ બહુ કે'વાય! પ્રોગ્રામ નક્કી કરતી વખતે અમને મનમાં હતું કે પપ્પા તને તેડવા કલકત્તા આવશે ત્યારે પંદર-વીસ દિવસ રોકાશે અને શહેર જોઈ લેશે...'

પીંછાની જેમ ફોનને ક્રેડલ પર ગોઠવીને અઠ્યોતેર કિલોની કાયા રૂના ગાભાની જેમ ખુરશી પર ફસકાઈ પડી. ટેબલ પર પેપર-વેઇટ નીચે દબાયેલો કાગળ દિવાકરે હાથમાં લીધો. આલોકનો ફોન આવે ત્યારે એને કહેવા ધારેલા શબ્દો એમાં લખાયેલા હતાઃ 'આમાય તુમિ એ બોછોર ડેકે ખૂબ ભાલો કોરેછો.' વાંચતી વખતે કદાચ વિશ્વાસ ડગી જાય તો વિકલ્પમાં હિન્દીમાં પણ આ વાક્ય લખી રાખ્યું હતુંઃ 'ઇસ સાલ હમકો ઈન્વાઇટ કરકે આપને બહુત અચ્છા કિયા.

કાગળની કટકીઓ કચરા ટોપલીમાં નાંખીને દિવાકર નીચે ઊતર્યો ત્યારે અંજનાએ એને યાદ કરાવ્યું; 'જુઓ, આજે શુક્રવાર... કાલે શનિવારે આલોકને માટે પૂરણપોળી કરીને સામાનમાં વધતું ઘટતું મૂકવા સિવાય મારે બીજું કાંઈ કામ નથી. તમે પણ બહારના કામ સાંજ સુધીમાં પતાવીને કાલે ઘરમાં જ રહેજો. જેથી કોઈ મળવા આવે તો મારે ખોટી થવું ન પડે...'

શનિવારે સવારે દશેક વાગે હાથમાં થેલી લઈને બહાર જવાની તૈયારી દિવાકરે કરી એટલે અંજનાએ પૂછ્યું, 'તમે વળી ક્યાં ચાલ્યા?'

દિવાકરે કહ્યું, 'ઢાલગરવાડ જાઉં છું. ગિરા માટે ખારીશીંગ લેવા.'

'ખરે ટાણે તમને યાદ આવ્યું કે ગિરાને ખારીશીંગ બહુ ભાવે છે. ગિરાએ પણ મને એક વાર કહ્યું'તું; 'મમ્મી, આહીં ખારીશીંગના દર્શન દુર્લભ છે.'

ખારીશીંગનું પેકેટ બંધાવીને દિવાકર અશ્વિની હાડવૈદ્યને ત્યાં જઈને બાંકડે બેઠો. એનો વારો આવ્યો એટલે એ હાડવૈદ્યની સામે રાખેલા બેઠાઘાટના સ્ટૂલ પર ગોઠણ સુધી લેંઘાનો પાયસો ઊંચો કરીને બેઠો. હાડવૈદ્યે પગની ઘૂંટીની આસપાસ દબાવીને પૂછ્યું; 'અહીં દુઃખે છે?' ઘૂંટીની આસપાસ ફરતા વૈદ્યના આંગળા પર આંસુ પડ્યા. વૈદ્યે દિવાકરની સામે જોયું. દિવાકરે ઊભરાતી આંખે હાથ જોડીને કહ્યું, 'બે દિવસ માટે પાટો બાંધી આપો...!'

વયોવૃદ્ધ વૈદ્ય દિવાકરની આંખ વાંચી રહ્યા. નિઃશબ્દતાની આ ક્ષણોને પોતાના વારાની રાહ જોતી બાંકડે બેઠેલી મુસલમાન સ્ત્રી આંખ આડેનો પડદો ઊંચો કરીને સ્તબ્ધતાથી જોઈ રહી...

વૈદ્યે ગોઠણ સુધી ક્રેપ બેન્ડેજ બાંધતા પૂછાય એટલું પૂછ્યું અને દિવાકરે કહેવાય એટલું કહ્યું. વૈદ્યે એક લાકડી આપીને દિવાકરને કહ્યું, 'આને ટેકે સાચવીને ચાલજો.'

રિક્ષા, ડ્રાઈવરને દિવાકરનો હાથ પકડીને ઘરના દરવાજા સુધી મૂકવા આવેલો જોઈને અંજના 'આ શું થયું? તમે તો પડીને આવ્યા!' એમ બોલીને રડવા લાગી. 'ગિરાને હવે શું કહીશ? કેવી રીતે કહીશ? બિચારીની હોંશનું શું થશે?' આમ બોલીને સાડીના છેડાથી આંખ લૂછતી એ ફોન તરફ જવા લાગી. સેટી પરથી ઊભા થઈને ખોડંગાતા પગે ઝડપથી અંજનાની પાછળ જઈને દિવાકરે કહ્યું, 'ઊભી તો રહે! પૂરી વાત તો સાંભળ!'

દિવાકરે ધરપત આપી કે પગમાં મોચ આવી ગઈ છે. ત્રણ અઠવાડિયા પૂરતો જ પાટો આવ્યો છે. પછી આવશે તો સાદો પાટો આવશે. મુસાફરીમાં વાંધો નહીં આવે. વૈદ્ય છૂટ આપશે કે તરત દિવાકર ટિકિટનું બુકિંગ કરાવી લેશે એવું આશ્વાસન મેળવીને અંજના એકલી કલકત્તા જવા તૈયાર થઈ.

રવિવારે સવારે જયવંતના પુત્ર વલયની કારમાં અંજના એરપોર્ટ ગઈ. અંજનાને 'જેશ્રીકૃષ્ણ' કહીને વિદાય આપ્યા પછી દિવાકર ધીમા પગલે ઘરમાં પાછો ફર્યો અને બારણાં અટકાવીને આરામખુરશીમાં આંખ મીંચીને બેઠો. છેલ્લા બે દિવસથી ખારા, ખાટા, તૂરા વિચારો એના તન-મનને બેસ્વાદ બનાવી રહ્યા હતા. એને થયું કે આ જગતમાં પુરુષ તરીકે, પિતા તરીકે એ એકલો છે. એનું કોઈ નથી. એને સાંભળનાર કોઈ નથી. એની ભૂલ ખુલાસાને પાત્ર નથી. એની ભૂલ હંમેશ ભૂલ જ રહે છે.એના વિચારોનું, શબ્દોનું, કાર્યોનું, અરે! એના સમગ્ર જીવનનું મૂલ્યાંકન સતત થતું જ રહે છે. એણે અભિપ્રાયો સાંભળવાના છે, આપવાના નહીં...

ધસી આવેલા અજવાળાએ દિવાકરની આંખ ઉઘાડી નાંખી. અટકાવેલા બારણાં ઉઘાડીને પ્રવેશેલો મુકુંદ એને પૂછી રહ્યો હતોઃ 'અંજનાબહેન દીકરીને મળવા ગયા?'

દિવાકરની 'હા' સાંભળવાની પરવા કર્યા વિના સેટી પર બેસતાં મુકુંદે કહ્યુંઃ 'તમને ખબર છે દિવાકરભાઈ; કે જીવસૃષ્ટિમાં અનેક નરનું મૃત્યુ સંવનનની સાથે સંકળાયેલું છે! સંવનન પછી નર મરણ પામે છે. મને ઘણી વાર થાય છે કે સાલું, માણસને પણ કુદરતે આવી ભેટ આપી હોત તો કેટલું સારું થાત! ત્રયાક્ષરી સંબંધોથી ઊભા થતા તમામ તનાવોમાંથી મુક્તિ તો મળત...!' **મ**

ચંદ્રમણિ

# મમતા

વાર્તામાસિક

**આવતીકાલનાં વાર્તાકારોનું આજનું માસિક**

## જાહેર કરે છે ફરી એક
## જબ્બર મમતા વાર્તા સ્પર્ધા
## ૨૦૧૨



**પહેલું ઇનામ રૂ. ૫૧,૦૦૦**
દેવેન્દ્ર અને મીતા પીર તરફથી

**બીજું ઇનામ રૂ. ૨૧,૦૦૦**
મમતા વાર્તા-માસિક તરફથી

**ત્રીજું ઇનામ રૂ. ૧૧,૦૦૦**
મમતા વાર્તા-માસિક તરફથી

દરેક વ્યક્તિ પાસે કહેવાલાયક એક વાર્તા છે, એને લોકો સુધી પહોંચાડવા ‘મમતા’ ફરી એક વાર લાવ્યું છે, ‘વાર્તા સ્પર્ધા ૨૦૧૨’. ગત સ્પર્ધાની માફક એમાં દરેક નવસર્જક ભાગ લઇ જ શકશે.
આ સ્પર્ધામાં ભાગ માટેના નિયમો ધ્યાનથી જોઇ જવા વિનંતી છે...

- જેમનો એક પણ વાર્તાસંગ્રહ પ્રકટ ન થયો હોય તેવા લેખકની જ સરળ અને વાર્તા-તત્વવાળી મૌલિક અને અપ્રકાશિત, બે હજાર શબ્દોની મર્યાદાવાળી વાર્તા સ્વીકારાશે.
- ગઇ સ્પર્ધાનાં વિજેતા લેખકો આમાં ભાગ લઇ શકશે નહીં.
- ફક્ત કમ્પ્યૂટર પર એ-૪ સાઇઝમાં ટાઇપ કરેલી વાર્તા જ સ્પર્ધા માટે સ્વીકારાશે; જો તે ઇ-મેઇલથી મોકલવામાં આવે તો વર્ડ તેમજ પીડીએફ ફોર્મેટમાં હોવી જરૂરી છે.
- વાર્તા મૌલિક હોવાની અને કોઇ સામયિક, રેડિયો, ઇન્ટરનેટ કે બીજે કશેય પ્રકાશિત/પ્રસારિત થઇ ન હોવાની બાંયધરી હોવી અનિવાર્ય છે; સાથે જુદા કાગળમાં લેખકનું નામ, ચાર લીટીમાં પરિચય, પોસ્ટલ પિન કોટ સાથેનું પૂરું સરનામું, ફોન અને મોબાઇલ ફોન નંબરો, ઇ-મેઇલ આઇડી જેવી વિગતો હોવી જરૂરી છે.
- પરિણામ અંગે પત્ર, ઇ-મેઇલ, એસએમએસ કે ફોન દ્વારા કોઇ ચર્ચા થઇ શકશે નહીં. સ્પર્ધકો વાર્તા મોકલતાં પહેલા એક નકલ પોતાની પાસે સાચવી રાખે; વાર્તા પરત મેળવી શકાશે નહીં.
- સ્પર્ધામાં આવેલી કોઇપણ વાર્તામાં પ્રથમ પ્રકાશનો હક ‘મમતા’ને રહેશે; બીજે મોકલતાં પહેલાં ‘મમતા’ની સંમત્તિ મેળવવી જરૂરી છે. ‘મમતા’માં પ્રકાશિત તમામ વાર્તાઓને પુરસ્કાર આપવાનું ધોરણ છે.

**વાર્તા મોકલવાની છેલ્લી તારીખ : ૩૧ ડિસેમ્બર, ૨૦૧૨**

વાર્તા મોકલવાનું સરનામું ‘મમતા’ વાર્તામાસિક, ૯૭૭/૨ સેક્ટર ૭-સી, પથિકાશ્રમ બસ ડેપોની સામે. ગાંધીનગર ૩૮૨૦૦૭,
અથવા **mamataspardha@gmail.com** (sub: વાર્તા-લેખકનું નામ).

ગુંજન ભટ્ટ

# મા તે મા

આજથી થોડાક વર્ષો પહેલા એક ગામમાં એક પરિવાર રહેતો હતો. આ પરિવાર આર્થિક દૃષ્ટિએ ખૂબ જ કંગાળ હતો. પરિવારમાં મા-બાપ તથા એક બહેન અને બે ભાઈઓ એમ કુલ પાંચ સભ્યો રહેતા હતા.

પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હતી આથી તેમની મા પણ ઘરના બે સાંધા જોડવા માટે તથા બાળકો ભણી ગણીને સારી એવી સ્થિતિએ પહોંચે અને વૃદ્ધાવસ્થામાં પોતાનો સહારો બને તેવી આશાએ ઘરના કામો કરતી અને તેમાંથી બચાવીને પોતાના સંતાનોની દરેક ઈચ્છા પૂર્ણ કરતી.

આ બાળકોના પિતા પણ છૂટક મજૂરી કરતા હતા અને રોજનું કમાઈને રોજ ખાતા હતા. આટઆટલી આર્થિક સંકડામણ હોવા છતાં તેમણે પોતાનું સ્વાભિમાન ક્યારેય ગુમાવ્યું ન હતું. ઈશ્વર તરફથી આટલી વેદના આ પરિવાર ઉપર ઓછી હોય તેમ અચાનક આ પરિવારનો ''મોભી'' એટલે કે બાળકોના પિતા એક અકસ્માતમાં માર્યા ગયા. આથી હવે ઘરની બધી જવાબદારી આ બાળકોન મા એક દુખિયારી સ્ત્રી ઉપર આવી પડી.

આ બધી જ જવાબદારીમાંથી આ ''માતા'' ખૂબ જ ધીરજપૂર્વક અને હિંમત દાખવીને પોતાના સંતાનોને ભણાવીને એક ઉચ્ચકક્ષાના માણસો બનાવ્યા. તેમના સંતાનોમાં એક છોકરો ખૂબ જ મોટો ડોક્ટર બન્યો અને બીજો એન્જિનિયર બન્યો. દીકરીને પણ ખૂબ ભણાવી અને યોગ્ય ઘર જોઈને દીકરીને સાસરે વળાવી. આ જ રીતે બંને છોકરાઓને પણ તેમની ઈચ્છા મુજબ તથા પસંદગી મુજબ ખૂબ જ ધામધૂમથી પરણાવ્યા. આમ એક મા એ પોતે કેટલાંય કષ્ટો વેઠીને પોતાના સંતાનોને સુખી કર્યા અને તેમની જિંદગી બનાવી આપી. બંને સંતાનો અને તેમની વહુઓ તથા મા સાથે એક આલિશાન બંગલામાં રહ્યા હતા.

માને પણ થતું હતું કે આખી જિંદગી દુઃખોમાં કાઢી હવે ઈશ્વરની કૃપાથી સુખ જોવા મળશે અને દીકરાઓ તથા વહુઓ અને તેમના સંતાનો સાથે બાકીના વર્ષો ઈશ્વરના નામે પૂરાં કરીશ. પરંતુ ઈશ્વરને આ સ્ત્રીનાં જીવનમાં સુખ જ મંજૂર ન હોય તેમ દીકરાઓની વહુઓ રોજે-રોજ તેમની મા વિરુદ્ધ કાનભંભેરણી કરીને માંની ફરિયાદ કરતી. બંને દીકરા પણ એક દિવસ તેમની વહુઓની ચડામણથી માને કહેવા લાગ્યાં કે ''મા તમને અહીંયા તમારી ઉંમરના કોઈ છે નહીં આથી તમારા જેવા સરખી ઉંમરના લોકો પાસે થોડોક સમય મૂકી જઈએ જેથી તમને સારું લાગે. આમેય હવે તમારે કેટલા દિવસો કાઢવાના છે?''

આવા વાક્યો સાંભળીને માનાં હૃદયમાં જાણે કોઈ વ્રજઘાત કર્યો હોય કે પછી છરો ભોંકાવ્યો હોય તેવું લાગ્યું. તેમણે કહ્યું ''તમારે મૂકવા આવવાની જરૂર નથી હું મારી જાતે જતી રહીશ'' અને બીજા દિવસે માં કોઈને પણ કહ્યાં વગર આ ઘરમાંથી ચાલી નીકળી. તે પણ સ્વમાનવાળી હતી આથી ઘરડાઘરમાં ન ગઈ કારણ કે ત્યાં જાય તો

*વાર્તા એક એવી રચના છે કે જેના દ્વારા કોઈપણ વ્યક્તિ પછી તે બાળક હોય, યુવાન હોય કે વયસ્ક વ્યક્તિ હોય તેના જીવનમાં ઘણે ખરે પરિવર્તન લાવી શકે છે તો તેવા જ હેતુથી હું અહીં મારા મૌલિક વિચારો દ્વારા અને મારા હૃદયમાંથી નીકળેલા અવાજ અને સમાજમાં જોવા મળતી આજની દુઃખભરી દાસ્તાનને એક વાર્તા સ્વરૂપે રજૂ કરવાનો પ્રયત્ન કરું છું.*

**પઢિયાર રોડ, સ્ટ્રીટ નં-૧**
**''ત્રિલોચન''**
**સુરેન્દ્રનગર ૩૬૩ ૦૦૨**
**મો. ૯૯૨૫૩ ૧૯૪૦૭**

તેના દીકરાઓની ફજેતી થાય. આથી રસ્તામાં એક જગ્યાએ ભૂખી-તરસી પડી હતી ત્યાં જ કોઈ વ્યક્તિની નજર તેના પર પડી અને તેણે તેમને ઉઠાડ્યાં અને પૂછ્યું, “તમે કોણ છો? અને આ ઉંમરે આવા ફૂટપાથ પર શા માટે એકલા પડ્યાં છો?” માએ બધી જ વાત કરી અને પછી તે વ્યક્તિ તેમને તેની સાથે લઈ ગયો અને પોતાની માની જેમ રાખવા લાગ્યો.

સમય વીતવા લાગ્યો અને આ બંને છોકરાઓના સંતાનો પણ મોટા થઈને ખૂબ જ સારું કમાવવા લાગ્યાં. તેમના પણ મા-બાપે લગ્ન કરાવ્યાં. થોડો સમય બધુ સુખરૂપ ચાલ્યું પણ કહેવત છે કે “જેવું વાવો તેવું લણો” તેમ આ સંતાનો પણ તેમના મા-બાપને કહેતા કે તમે હવે અમારી જિંદગીમાં નડતરરૂપ બનો છો. આથી કાલે તમને વૃદ્ધાશ્રમમાં મૂકવા જવાના છીએ, તૈયાર થઈ જજો. પોતાના સંતાનોના આવા વચનો સાંભળી તેઓ તો હેબતાય ગયા અને કહેવા લાગ્યાં કે, “અમે તમને આટલા ભણાવ્યા અને અહીં સુધી પહોંચાડ્યાં અને હવે અમને વૃદ્ધાશ્રમમાં મૂકવાની વાત કરો છો?” ત્યારે તેમણે ખૂબ જ સરસ જવાબ આપ્યો કે, “જેમ તમે મારા દાદીમાને વૃદ્ધાશ્રમમાં મૂકવાનું કહેતા હતા ત્યારે તેમના દિલ ઉપર શું થયું હશે? તમને એ પણ ખ્યાલ છે કે મારા દાદીમા આજે એકલા અટૂલા ક્યાં રખડતા-ભટકતા હશે? જેવું તમે તેમની સાથે કર્યું એવું અમે તમારી સાથે કરીએ છીએ. આથી પ્રથમ મારા દાદીમાને આ ઘરમાં લઈ આવો પછી જ તમે અહીં આવજો.” આમ તેઓ પણ રસ્તે રઝળવા લાગ્યાં.

થોડા સમય પછી તેમને પોતાની ભૂલ સમજાણી અને માની શોધમાં ગલીએ ગલીએ ભટકવા લાગ્યાં અને માનો પત્તો લાગ્યો તેથી બધી જ આપવીતી કહી અને માફ કરવાનું કહી ઘરે આવવાની ખૂબ વિનંતી કરી, પરંતુ મા તૈયાર જ ન હતી આખરે જેના ઘરે મા રહેતી હતી તેની સમજાવટથી ઘરે ગયા અને પછી તેમના સંતાનોએ પણ તેમના મા-બાપની માફી માંગી અને તેમની ભૂલ સમજાવી કે, “આવી મા જે આટલા કષ્ટો વેઠીને તમને અહીં સુધી પહોંચાડે અને તેને જ તમે તરછોડી.” છેલ્લે બધાં જ સંતાનોએ પોતાની અને દુનિયાભરની બધી જ મા માટે કહ્યું કે “મા તે મા બીજા બધા વગડાના વા.” “સૂર્ય ફરે, ચંદ્ર ફરે, ઈશ્વર ફરે પણ માનો પ્રેમ તેમના સંતાનો પ્રત્યે આ જીવનભર એક જ સરખો રહે.”

આથી દરેકને સંદેશો મળે છે કે આ જગમાં ક્યારેય પણ માના દિલને દુભાવશો નહીં તથા તેને કટુવચનો કહેતા પહેલા મૌન વ્હાલું કરી લેજો. કારણ કે ઈશ્વર પણ કહે છે કે મારી પૂજા કરતા પહેલા માની પૂજા કરશો, કારણ કે હું તો પાલક છું પણ સાચી જનેતા જ તારી મા છે, જેણે કેટલાંય કષ્ટો વેઠીને તને જન્મ આપ્યો અને પાળી પોષીને કાબેલ બનાવ્યો. **મ**

***(સત્ય ઘટના પર આધારિત)***



# છાયાછબીલી વાર્તા

બેસો સરલાબેન નિરાંતે બેસો! પણ તમે દસ દિવસની રજા લઇને ગયા હતા ને બે દિવસ વહેલા કેમ આવી ગયા? આ તમારા મોઢા ઉપર ખૂબ નારાજગી દેખાય છે. કંઇ તકલીફ તો નથી ને? આ ખુરસીમાં બેસો તમારી એન્ટ્રી પાડવાની જરૂર નથી. તમારો રૂમ તો ફક્ત તમારા માટે જ છે. આજે જ સાફસૂફ કરાવીને પાણીનો જગ પણ મૂકાવી દીધો છે. આજે તો આવી જ જશો મને ખબર હતી. લ્યો ચા આવી ગઇ છે, પીવો.

ના, શરદભાઇ હું મારા રૂમમાં જ ચા પીશ, તમે પરવારો પછી આવીને નિરાંતે વાત કરું.



મેં ફટાફટ વૃદ્ધોની આવક જાવકની એન્ટ્રીઓ પૂરી કરી, શાંત મગજે ઘરે ફોન કરીને બાની ખબર પૂછીને મીતાને કહ્યું કે મેં વાત કરી હતી તે સરલાબેન આવી ગયા છે. અને તેની વાત સાંભળતા મને આવતા મોડુ થશે, અને મેં ઊભા થઈ સાત નંબરના રૂમના દરવાજે ટકોરાં માર્યા, અંદરથી રડતા રડતા અવાજ આવ્યો પાંચ મિનિટમાં જ આવું છું શરદભાઇ.

આવો સરલાબેન નિરાંતે બેસો ને શાંતિથી વાત કરો. શરદભાઇ સાત દિવસ તો સરસ ગયા. અહીંથી ગઇ ત્યારે બન્ને બાળકો માટે નવા કપડાં, બૂટ અને બે થેલા ભરીને નાસ્તો લઇને ગઇ હતી. હજી તો ફાટક ખોલ્યું. ત્યાં તો નાની વહુએ આવીને મારા હાથમાંથી બધો સામાન લઇ લીધો, ને હાથ પકડીને અંદર લઇ ગઇ. ત્યાં તો મોટી વહુ પણ આવી ગઇ, ને કહે કે બાવાળો રૂમ મેં તૈયાર જ રાખ્યો છે. બાજુના મોટા ઘરે જ ચાલો આવી ખેંચતાણમાં હું તો તોબા પોકારી ઊઠી, ને કીધુ કે બન્ને ઘરે આ વખતે તો પાંચ પાંચ દિવસ રોકાવાની છું. પણ બન્ને બાળકો ક્યાં છે? બન્ને દોડતા આવીને 'મોટા બા મોટા બા' બોલતાં મને વળગી પડ્યાં. મને તો જાણે સ્વર્ગ મળી ગયું. બન્ને બાળકોને કપડાં, દફતર, બૂટ, ચપ્પલ, પેન, કંપાસ ભાગે પડતું આપ્યું. નાસ્તાના બન્ને થેલાના તો ક્યારનાય બેય વહુઓએ ભાગ પાડી નાખ્યા હતાં.

સાંજે બન્ને દીકરાઓ નમીને પગે લાગ્યા ને કીધુ કે બા આ વખતે તો તું ત્રણ મહિને આવી છો તો થોડુંક વધુ રોકાજે. અહીં બાળકોને પણ આનંદ આવશે. આજુબાજુના પણ પૂછતા હતાં કે સરલાબેન ઘણા વખતથી આવ્યા નથી. તે હું તને ફોન કરવાનો જ હતો. ત્યાં તું આવી ગઇ. બહુ સારું કર્યું. ને આ વખતે આવી છો તો પેલા પટારાનું કંઇક કરતી જજે. ઘરમાં જગ્યા રોકે છે, ને રોજ સફાઇ કરવી પડે છે. ચાવી તો તારી પાસે હોય એટલે અંદરથી તો ક્યાંથી સાફ થાય!

નાની બોલી કે, હે બા આ આવડો મોટો પટારો તમને લગ્નમાં આણામાં આવેલો ને? હા, વહુ એ વખતે તો સ્ટીલના કબાટ તો હતા નહીં, તે આવો મોટો પટારો આપતા. ને એમાં સારા કપડાંલતા ને ઘરેણાંગાંઠા મૂકતા ને ઉપરથી મારા બાપુએ મોટું તાળુંય આપેલ. તે આજ સુધી મેં ઘરની બધી મોંઘી કામની વસ્તુઓ તેમાં મૂકી છે. રંગીન કપડાં હતાં તે તો બધા મેં તમને બન્નેને આપી દીધા છે. હવે તો શું હોય તારા બાપુ ગયા પછી.

પણ શરદભાઇ, બધાંની નજર એ પટારા ઉપર જ હતી. પણ આજે તમને કહુ છું. તેમાં કાંઇ કરતા કાંઇ ન હતું. ઘરેણાં તો મેં લોકરમાં મૂકી દીધા છે. પટારામાં તો તમારા કાકા ડાયરી લખતા તો ડાયરીઓ હતી, તે બધી મેં લઇ લીધી ને કીધુ કે હવે આ પટારો વેચવો હોય તો વેચી નાખજો. ત્યાં બાજુનાં ઘરમાંથી મોટી વહુ બોલી કે, ડોકરી હવે જાય તો ભાગ પડે. બાકી રામ રામ, ત્યાં મોટો દીકરોય બોલ્યો કે હવે કેટલાં વર્ષ? પછી તો ભાગ પડશેને. ઓછામાં ઓછા ત્રીસ ત્રીસ તોલા તો ભાગમાં આવશે જ. બાપુએ બન્નેના પગારમાંથી આ ઘર ને સોનું જ લીધું છે.

આવું સાંભળીને મને તો કાળજે ઘા પડયો. પેટના જણ્યા જ જો આવું બોલે તો પારકાનો શું ભરોસો? પણ શરદભાઇ તમારી સાથે તો દીકરા જેવો નહીં, પણ તેનાથીય વિશેષ લગાવ થઇ ગયો તે પેટ છુટી વાત કરું છું.

હજી કાલે જ મારા પેન્શનના પૈસામાંથી બેય વહુને બોલાવીને દસ દસ હજાર આપ્યા ને બાળકોને હજાર હજાર.

તે આજે સવારે જ મોટો આવીને કહે બા હવે કેટલા દિવસ રોકાવાની છો? છોકરાઓ આખો દિવસ તારી સાથે રમ રમ કરે છે ને તેનું ભણવાનું બગડે છે.

બેય વહુએ પણ આજે પૂછ્યું નહીં કે બા સાંજે શું જમવાનું બનાવું? ને શરદભાઇ મનેય અહીંના હેવા પડી ગયા છે. તે ટેક્સી કરીને અહીં આવી ગઇ. હાલો જમવાનો બેલ વાગી ગયો...

તમારી બાને કેમ છે શરદભાઇ?

ને મારી આંખોમાંથી સરલાબેન વહેવા લાગ્યા.

**ધનરાજ કોઠારી**
**૯૮ "ચંપાકુંજ", નેચરલ પાર્ક**
**એરપોર્ટ રોડસુભાષનગર**
**ભાવનગર ૩૬૪ ૦૦૧**
**મો. ૯૫૩૭૪ ૪૯૦૪૪**

# છાયાછબીલી વાર્તા

આપે જોયો તે ફોટો મારો પાડેલો છે પણ અધૂરો છે. જેની વ્યથાને વાચા આપવા ફોટો અહેવાલ તૈયાર કરેલો તે વ્યક્તિ ફોટામાંથી ગાયબ થઇ ગઇ છે. ફોટામાં તમે જોઇ નથી શક્તાં એ બિરજુ લાઇનમાં લગભગ છેવાડે છે.

બિરજુ ડાંગ જિલ્લાનો આદિવાસી છે એની દસ વરસની દીકરીનાં હૃદયની બીમારીની સારવાર માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ આવ્યો છે. મેં ફોટો પાડ્યો ત્યારે લાઇનમાં ઊભા રહેવાનો એવો બીજો દિવસ હતો. હોસ્પિટલવાળા દરરોજ દસ વ્યક્તિઓની જ નોંધણી કરે છે... આજે પણ એનો વારો આવ્યો ને નોંધણી બંધ થઇ ગઇ.



પરિધાનથી વ્યક્તિને ઓળખવાની ખોટી તાલીમ પણ 'લાઇન-સંસ્કૃતિ'ની જેમ અંગ્રેજોની દેન છે. ઓછાં અને ગંદાં કહી શકાય એવા વસ્ત્રોમાં લાઇનને છેવાડે ઊભેલાં બાપ-દીકરી જણાતા આ કોણ હશે? પત્રકાર સહજ કુતૂહલને કારણે એમની નજીક જઇ પૂછપરછ કરતા જાણવા મળ્યું તેઓ ગઇકાલના આવ્યાં હતાં. "ગઇકાલના આવેલા તો આજે તો લાઇનમાં પહેલાં હોવા જોઇએ!" મેં કહ્યું. ધારદાર નજરોથી પલભર મને જોતાં રહી એણે કહ્યું, "ગઇકાલે પણ અને આજે પણ હું લાઇનમાં પહેલો હતો. સુધારેલા લોકોના હડસેલાથી ધકેલાતો લાઇનની છેવાડે પહોંચી ગયો. હું તો સદીઓથી લાઇનમાં ઊભો છું. સાહેબ!... પણ એક ઇંચ આગળ વધી શક્યો નથી. બધાં લાઇનમાં આગળ વધે છે, હું લાઇનમાં પાછળ ધકેલાઉં છું. મોગલો ગયા, મરાઠા ગયા, ગોરા ગયા અને ૬૫ વર્ષોથી તો કહેવાય છે કે લોકોનું રાજ છે. લાઇનમાં છેલ્લો રહેલો છું. લાઇનમાં ઊભા રહેતા મને ક્યારેય કશું મળ્યું નથી, મારું તે સર્વસ્વ લુંટાઇ ગયું, મારું જંગલ ગયું. મારાં વૃક્ષો ગયાં, મારાં પક્ષીઓ- પ્રાણીઓ ગયાં... અરે મારો અંતરાત્મા પણ આ સભ્ય સમાજે ડહોળી નાખ્યો. મારી સંવેદના મરી પરવારી... મોરલાને, ચકલાને નાખવા નાગલી ન હોય તો હાંચવેલા મહૂડા વેચીને પણ ચણ લાવતો હવે તો બસ લાઇનમાં ઊભો રહી આગળ ઊભેલા સુધારેલાઓને બે હાથે, બથ ભરીને બધુંયે લૂંટીને લઇ જતા જોયા કરવાનું, પડકારની હામ તો અમે સદીઓથી ગુમાવી બેઠા છીએ. સસલાં જેવાં અમે, આ વાઘ, વરુઓને કેમ કરીને પડકારીએ? 'દેશી'ના નશામાં જો કંઇ બોલાઇ જાય તો અમને ચોર ઠરાવી ગોંધીને એવા મારે કે જનમભર મૂંગા થઇ જવાય, મૂંગા ને બાંધેલા પછી તો અમારી વસ્તુ લેતાં પણ હાથ થરથરે..."

હું સ્તબ્ધ હતો ધરબોયેલો ગુસ્સો નિયંત્રિત અવાજમાં પણ જ્વાળામુખીની જેમ ફાટ્યો હતો. બિરજુના એ આક્રોશથી સભ્ય સમાજના પ્રતિનિધિ તરીકે મને ગુનેગારની લાગણી થઇ. ધીરેથી એને પૂછ્યું, 'ભાઇ તે કંઇ ખાધું બાધું કે નહિ?'

ઘડીક મને જોતો રહ્યો પછી બોલ્યો, "ઘરથી લાવેલા તે અત્યાર લગણ ચાલ્યું. આ મોબાઇલવાળાં બેન ઊભાં છે ત્યારથી ખાધા કરે છે. મારી દીકરી આશાભરી નજરે એના તરફ જોવે ત્યારે જાણે એ અમને ભાળતી જ નથી... અમે ભૂખ્યા છીએ એ સમાજને ખબર ના પડે? જિંદગીમાં ક્યારેય ભીખ માંગી નથી પણ આજે દીકરી માટે થઇને હાથ લંબાવીશ..."

મારા મોઢામાંથી અનાયાસ શબ્દો સરી પડ્યા, "ના, ભાઇ ના, તારે હાથ લંબાવવાનો વારો નહિ આવે. મારી પહોંચ પ્રમાણે હું તને ટેકો દઇશ..."

વૃદ્ધો લાઇનમાં છે તેથી નહિ, પણ સદીઓથી ઊભા છે અને આશા છોડી નથી તેથી, અહેવાલનું શીર્ષક બાંધ્યું... "તદ્પિ ન મુંચતિ આશા પીંડમ્. " તમે વિચારવાન "માનવ" તરીકે નહી પણ માત્ર સ્વમાં જીવતા એક પશુની જિંદગી જીવશે.

**જયપ્રકાશ યુ મહેતા**
**૨૦૨, મીત કોમ્પ્લેક્ષ**
**તપોધન મોહલ્લો**
**નીલકંઠ મહાદેવ મંદિરની સામે**
**વ્હોરવાડા, નવસારી ૩૯૬ ૪૪૫**
**મો. ૯૪૨૭૯ ૪૮૭૬૯**

# 'મમતા' જાહેર ખબરના દર




# MAMATA


## Monthly Magazine of Gujarati Short Stories

# Advertising Tariff

| Size | Dimensions (in cms.) | 4-Colour (in Rs.) | B/W (in Rs.) |
|---|---|---|---|
| | **Width x height** | | |
| Full Page | 19.5 x 25.8 | 10,000 | 6,000 |
| Half Page (Horizontal) | 16.5 x 11 | 6,000 | 3,500 |
| Half Page (Vertical) | 8 x 21.8 | 6,000 | 3,500 |
| Column Ad. | 5.5 x 21.8 | - | 3,000 |
| Quarter Page | 8 x 10.5 | - | 2,000 |
| Strip Ad. | 16.5 x 5 | - | 2,000 |
| 2 Column x 5 Ad. | 11 x 5 | - | 1,500 |
| Single Column Ad. | 5.5 x 5 | - | 1,000 |
| | Premium Positions | | |
| Second Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Third Cover | 19.5 x 25.8 | 12,000 | - |
| Last Cover | 19.5 x 25.8 | 15,000 | - |

**Special Package Discount :** For 12 Issues - 30%
For 6 Issues - 25%
For 3 Issues - 20%

**For Advertising Enquiries**
**Contact: K. A. Vaidya, 084888 73909**



આ બ્રહ્માંડમાં એક જ મંદિર છે અને તે છે આપણું શરીર.
તેની પૂજા કરવાથી મળે છે સારા સ્વાસ્થ્યના આશીર્વાદ.
ઝાયડસ
જીવનને સમર્પિત
Zydus
dedicated to life
કેડિલા હેલ્થકેર લિમીટેડ
ઝાયડસ ટાવર, સેટેલાઈટ ક્રોસ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ભારત. ફોન : +૯૧-૭૯-૨૬૮ ૬૮ ૧૦૦ (૨૦ લાઈન્સ) ફેક્સ : +૯૧-૨૬૮૬ ૨૩ ૬૫ www.zyduscadila.com

Retail Price Rs. 20/-
Annual Subscription Rs. 200/- (12 issues)
Vol. 1 No. 11, september 2012

GUJGUJ13769/06/1/2011-TC



**આ ચિત્ર ઉપરથી ૫૦૦ શબ્દોની છાયાછબીલી વાર્તા લખો ને એક વર્ષનું લવાજમ જીતો**

Printed, Published and Owned by ARVINDKUMAR VALLABHDAS THAKAR.
Printed at Allied Offset Printers (Guj) Pvt. Ltd. 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad - 380 021
and Published from Plot No. 977/2, Sector No 7-C, Gandhinagar - 382 007 (Gujarat State).
Editor - ARVINDKUMAR VALLABHDAS THAKAR

Please Retun Undelivered Mail to Mamata monthly, 977/2 Sector 7-C, Gandhinagar 380-007